|| હરિઃ ૐ ||



# પારસલીલા

( પૂજ્ય શ્રીમોટાનો સંક્ષિપ્ત જીવનવૃત્તાંત )

॥ હરિઃ ૐ ॥

# પારસલીલા

## [પૂજ્ય શ્રીમોટાનો સંક્ષિપ્ત જીવનવૃત્તાંત]

'તમે પ્રભો ! પારસ, લોહ હું છું,
સુવર્ણ થાવા તમને અડું છું.'
-એ. જી. ભટ્ટ

: લેખક :

ઈંદુકુમાર દેસાઈ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ પ્રથમ આવૃત્તિ ૧૯૭૫થી આઠમી આવૃત્તિ ૨૦૦૧ સુધીની કુલ પ્રત ૧૧,૫૦૦

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| નવમી | ૨૦૧૪ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૨ + ૧૦૧ = ૧૧૩

❑ કિંમત : **રૂ. ૧૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. ૯૩૨૭૦ ૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃ ૐ ॥

# સમર્પણાંજલિ

## (નવમી આવૃત્તિ)

હરિઃૐ આશ્રમ, સુરતના નિર્માણ કાર્યથી લઈને આજપર્યંત નિભાવમાં, સેવાકીય પ્રવૃત્તિમાં લવાછા ગામનાં સ્વજનોનો ફાળો અનન્ય છે. આનંદની હકીકત એ છે કે ગામના યુવાનો પણ આ કાર્યમાં વડીલોના સંસ્કારોને દીપાવી રહ્યા છે. આશ્રમના તમામ કાર્યમાં તેમ જ શ્રમદાન યજ્ઞમાં હંમેશાં ખડેપગે સતત સેવા આપનારો આખો યુવા વર્ગ છે. પૂ. ઝીણાકાકાના હાથે કર્તવ્યનિષ્ઠાની તાલીમ પામેલા આ યુવાનો આશ્રમનાં સેવાકાર્યમાં સમય અને માન અપમાન નેવે મૂકીને કામ કરતા રહ્યા છે એવા

લવાછા ગામના સેવાભાવી યુવક

**શ્રી નયનભાઈ ઉત્તમભાઈ પટેલ**

તથા આદરણીય માતાપિતા

**શ્રી ઉત્તમભાઈ રતનજીભાઈ પટેલ**

તથા તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી નિર્મળાબહેન ઉત્તમભાઈ પટેલને**

**'પારસલીલા'** પુસ્તકની આ નવમી આવૃત્તિનું પ્રકાશન આનંદપૂર્વક અર્પણ કરીએ છીએ.

તા. ૮-૪-૨૦૧૪ **ટ્રસ્ટીમંડળ,**

રામનવમી, સં. ૨૦૭૦ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃ ૐ ॥

# લેખકની અલ્પોક્તિ

રામનવમી પૂજ્ય શ્રીમોટાનો સાક્ષાત્કારદિન. ૨૦મી એપ્રિલ, ૧૯૭૫માં એ દિનની ઉજવણી અમદાવાદમાં સ્વજનોએ કરી હતી. તે પ્રસંગે પ્રગટ થયેલા સ્મૃતિગ્રંથનું સંપાદનકાર્ય પૂજ્ય શ્રીમોટાના સૂચનથી મને સોંપાયેલું. તે પ્રસંગે પૂજ્યશ્રીના જીવનનો આછો પરિચય **'પારસલીલા'** દ્વારા આલેખવાનું નિમિત્ત સાંપડ્યું હતું, તેને હું મારું અહોભાગ્ય સમજું છું. 'સાહિત્ય મુદ્રણાલય' અમદાવાદવાળા સ્વ. શ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ સ્મૃતિઅંકના લેખને પુસ્તિકારૂપે પ્રગટ કરવાનું મંગલ કાર્ય કર્યું હતું.

એ જ વર્ષમાં એની ત્રણ આવૃત્તિ થઈ અને કુલ ૨૫૦૦ નકલ અલ્પ સમયગાળામાં જ ખપી ગઈ. આથી, એની અવારનવાર સતત માગ રહેતી હતી. આથી, સુધારા-વધારાવાળી પાંચમી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી હતી. તેમાં પૂજ્યશ્રીના દેહોત્સર્ગની અનોખી ઘટના ઉમેરવામાં આવી હતી. હવે આ છઠ્ઠી  આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે.

અનુભવી મુક્તપુરુષોના જીવનને કોઈ પણ સંસારીજન તેના યથાયોગ્ય સ્વરૂપે સમજી શકે નહિ. તો પછી તેને શબ્દદેહે આકાર આપવામાં તો ન્યાય ક્યાંથી જ આપી શકે? એટલે આ 'પારસલીલા'નું આયોજન એના વિશિષ્ટ પ્રકારના વાચકવર્ગને લક્ષમાં રાખી કર્યું છે. સાદી, સરળ અને અલ્પશિક્ષિત વાચકને ભારેખમ ન લાગે એવી શૈલી લક્ષમાં રાખી છે. પૂજ્યશ્રીના જીવનના વેધક પ્રસંગો શ્રેણીબંધ

સમયાનુક્રમમાં ગૂંથાતા જાય અને વાચક રસક્ષતિ ન અનુભવે એવો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. એ સફળ થયો કે નહિ તે વાચકો જ કહી શકે.

પૂજ્ય શ્રીમોટાની સાધનાનો ઇતિહાસ તો સૂક્ષ્મ સંગ્રામોનો ઇતિહાસ છે. દરેકને એ ગ્રાહ્ય ન બની શકે. એટલે સૂક્ષ્મતામાં વાચકને ખેંચવાનો પ્રયાસ બિલકુલ કર્યો નથી. માત્ર દરેક પ્રસંગના આધ્યાત્મિક અર્થઘટન પ્રત્યે શક્ય હોય ત્યાં અંગુલિનિર્દેશ જ કર્યો છે. વળી, જીવનવૃત્તાંત શબ્દાળુ ન બને અને નક્કર હકીકતોનું જ નિદર્શન કરતું હોય એ સતત ખ્યાલમાં રાખ્યું છે. પૂજ્ય શ્રીમોટાના જીવન અને કાર્ય હવે એટલાં તો વ્યાપક બન્યાં છે કે 'અબ તો બાત ફૈલ ગઈ' એવું પોકારી ઊઠવાનું મન થાય છે. એમનું જીવન હવે ઘરઘરની કહાણી બની ગઈ છે. એટલે એમનાં અધિકૃત લખાણોમાંથી અવતરણો ટાંક્યાં વિના ચરિત્રનાયકને ત્રીજા પુરુષમાં જ નિરૂપ્યા છે. અલબત્ત, એ બધું આલેખતાં એમનાં લખાણોનો સહારો તો લીધો જ છે. એમના શબ્દપ્રયોગોનો અને વાક્યરચનાઓનો યથાયોગ્ય સ્થળે ઉપયોગ પણ થયો જ છે.

ઘરકામમાં ખૂંપેલી ગૃહિણીઓ, કુમાર-કુમારિકાઓ, અતિ ગંભીર લખાણ વાંચવા ન ટેવાયેલી પુખ્ત વ્યક્તિઓને, એક જ દૃષ્ટિપાતથી પૂજ્યશ્રીના જીવનના મુખ્ય પ્રસંગોનો ખ્યાલ **'પારસલીલા'** દ્વારા મળશે એવી શ્રદ્ધા છે.

આ જ્યારે લખાયું ત્યારે તત્કાલીન માંદગીથી નાદુરસ્ત બનેલી મારી તબિયતમાં મારાં પત્ની તથા બંને બાળકોએ પૂજ્યશ્રી પ્રત્યે તેમના સૌના મૂગા છતાં પ્રબળ અનુરાગને કારણે

વાંચન અને લેખન માટે અનુકૂળતા કરી આપવાથી જ આ કાર્ય પૂર્ણ કરી શક્યો હતો.

પાંચમી આવૃત્તિ બાદ આઠ વર્ષે આ છઠ્ઠી આવૃત્તિ પ્રગટ થાય છે. ત્યારે પૂજ્ય શ્રીમોટાનો દેહ આપણી વચ્ચે હયાત નથી. છતાં એમની કૃપાથી જીવનનો એક ક્રાંતિકારી અને શકવર્તી નિર્ણય લેવાયો હતો એને અમે સૌ કુટુંબીજનો અમારાં ધનભાગ્ય માનીએ છીએ. કૉલેજના અધ્યાપકપદેથી રાજીનામું આપી જીવનવિકાસાર્થે હરિઃૐ આશ્રમમાં પ્રવેશ કરવાનું બન્યું એમાં એક અનોખી કૃપાનાં દર્શન થાય છે. વળી, હાલ આશ્રમની બહાર રહી આશ્રમનાં સોંપેલાં કાર્ય કરવામાં પણ કૃપાનાં દર્શન કરું છું.

મધ્યમ વર્ગના એક તદ્દન સામાન્ય સ્થિતિના કુટુંબની મુખ્ય ઉપાર્જન કરનાર વ્યક્તિને આજના અર્થાભિમુખ સમાજજીવનમાં સારા એવા પગારની નોકરી છોડીને ભારે ઉમંગ અને ઉમળકાથી સંસાર છોડવાનું સૂચવવું અને ભાવિની તમામ સલામતીને જોખમાવવા તત્પર બનવું એ એક સ્ત્રી માટે ભારે કઠિન કાર્ય છે. પૂજ્ય શ્રીમોટાની કૃપા વિના એ શક્ય બન્યું જ ન હોત. અમારા આ સમૂહગત નિર્ણય દ્વારા તમામ યોગક્ષેમ સદ્‌ગુરુને ચરણે ધરી જે સમર્પણ કાર્ય થયું એમાં સાથ, સહકાર, હૂંફ અને પ્રેરણા આપી તથા બંને બાળકો પોતપોતાના જીવનમાં ગોઠવાય ત્યાં સુધીની તમામ જવાબદારી ઉપાડી લેવાની તત્પરતા બદલ મારાં સહધર્મચારિણી સૌ. કલા તથા બંને બાળકો - ચિ. નચિકેતન અને ચિ. દર્શિનીનો ખૂબ ખૂબ ઋણી છું. સાચો ત્યાગ તો એમનો જ છે. મારે પક્ષે તો આ ખૂબ જ મનપસંદ કાર્ય હતું. પૂજ્યશ્રી પ્રત્યેના એમના અનેરા પ્રેમથી એ સમર્પણ માગી

લે એમ હતું. તેથી એ સમર્પણ સહજ બની ગયું. એ ત્રણેયનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. મારા પોતાના જીવનનું રૂપાંતર કરવામાં જ એ પ્રેમનો બદલો વાળી શકું, એવી શ્રદ્ધાથી એ ઋણસ્વીકાર કરું છું. પૂજ્યશ્રીએ જ નથી લખ્યું ?

**'જો પ્રેમનો જગતમાં બદલો કશો હો,**
**તે હો પૂરા જીવનનાં જ રૂપાન્તરે તો.'**

આ પુસ્તક અંગે મારે માટે એક ગૌરવની ઘટના ઘટી. એકવાર શ્રી હેમંતદાદા (પૂ. શ્રીમોટાના પ્રથમ સાધક હેમંતકુમાર નીલકંઠ) સુરત આશ્રમે આવી ચડ્યા (વચ્ચે અઢારેક વર્ષ તેઓ બહાર રહેતા અને ક્યારેક જ આશ્રમમાં આવતા) બપોરના ભોજન બાદ આડે પડખે થતાં કંઈક વાચન સામગ્રીની શોધમાં આશ્રમનાં પુસ્તકો વેચવાના કાઉન્ટર પર ગયા. ત્યાંથી એમને 'પારસલીલા' હાથમાં આવી. એકીબેઠકે તેઓ વાંચી ગયા. એમણે ખૂબ ખુશ થઈને શ્રી નંદુભાઈને કહ્યું, 'આજ સુધી મોટાની જે પ્રકારની Biography હું શોધતો હતો તે મને મળી ગઈ. એટલે મારે એનું અંગ્રેજીમાં ભાષાંતર કરવું છે. આશ્રમ છપાવે.' પૂ. શ્રી નંદુભાઈએ અનુમતિ આપી અને આશ્રમે 'The Freqrance of a Saint' નામે એ પ્રસિદ્ધ કરી.

અંતમાં અમ કુટુંબીજનો પર પૂજ્યશ્રી એમની કૃપાને વધુ ને વધુ વર્ષાવી હેતુને પામવા જીવનવિકાસ કરાવે એવી અભ્યર્થના સહ તેમને મારું આ કર્મ સમર્પી વિરમું છું.

**ઈંદુકુમાર દેસાઈ**

॥ હરિઃ ૐ ॥

# નિવેદન (નવમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના આ ચરિત્રપુસ્તકની નવમી આવૃત્તિ પ્રગટ કરતાં આનંદ થાય છે.

આ જીવનચરિત્ર ગુજરાતી આમજનતાને પૂજ્ય શ્રીમોટા વિશે આધારભૂત માહિતી પૂરી પાડવામાં સહાયક નીવડશે એવી શ્રદ્ધા છે.

આ પુસ્તકની ગુણવત્તા વિશે તો શું કહેવું ? જે હેતુને ધ્યાનમાં રાખી એ લખાઈ છે એ ફળીભૂત થયો છે એમ એની આવૃત્તિઓ પરથી જ જણાય છે. વળી, શ્રી હેમંતકુમાર નીલકંઠ જેવા પૂજ્ય શ્રીમોટાના નિકટના સાથી અને સિદ્ધહસ્ત ભાષાંતરકારને એનું અંગ્રેજીમાં ભાષાંતર કરવું યોગ્ય લાગ્યું અને એમણે 'The Freqrance of a Saint' એ નામે કર્યું એ જ એની ગુણવત્તા પુરવાર કરવા માટે પૂરતું છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અમને શ્રદ્ધા છે કે ગુજરાતી પ્રજા આ આવૃત્તિને આવકારશે.

તા. ૮-૪-૨૦૧૪ **ટ્રસ્ટીમંડળ,**

રામનવમી, સં. ૨૦૭૦ હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| સંત અવતારી પુરુષ | ૧ |
| સંતોનો ફાળો | ૨ |
| સંતોનો ઉપદેશ | ૨ |
| કુટુંબપીઠિકા | ૩ |
| આઘાતની ચાનક | ૪ |
| અભ્યાસમાં પગરણ | ૫ |
| ગળથૂથીમાંથી જ પ્રામાણિકતા | ૫ |
| શ્રીજાનકીદાસ મહારાજનો સત્સંગ | ૬ |
| વડોદરા કૉલેજમાં | ૮ |
| કૉલેજ જીવનની કઠિનાઈ | ૮ |
| દેશમાં ખડભળાટ | ૯ |
| કૉલેજત્યાગનું મંથન | ૯ |
| કૉલેજત્યાગ અને વિદ્યાપીઠપ્રવેશ | ૧૧ |
| ગાંધીજીના પડકારને ઝીલ્યો | ૧૧ |
| ગ્રામસેવા-પુનઃ વિદ્યાપીઠ-પુનઃ ત્યાગ | ૧૨ |
| સેવાક્ષેત્રે | ૧૨ |
| સાધનાયુક્ત સેવા | ૧૪ |
| જ્ઞાતિ સામેની હિંમત | ૧૫ |
| રંજાડનાર સામે મર્દાનગી | ૧૫ |
| નરસિંહકાકાનો પડકાર ઝીલ્યો | ૧૬ |
| ફેફરું-હિસ્ટીરિયાનો રોગ | ૧૭ |
| મા નર્મદાને ખોળે | ૧૮ |
| મા નર્મદાની સંસારને અપૂર્વ ભેટ | ૧૯ |

| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| નર્મદાતટના સાધુનું દર્શન | ૧૯ |
| શિષ્યની શોધમાં ગુરુ | ૨૦ |
| ગુરુની સમર્થતા | ૨૧ |
| દીક્ષિત બન્યા | ૨૨ |
| અશક્ય માગ પૂર્ણ થઈ | ૨૩ |
| બેભાન અવસ્થામાં પ્રક્રિયા | ૨૩ |
| ગુરુદક્ષિણામાં જાત્રા અને મગરમચ્છનો ભેટો | ૨૪ |
| દાદાનાં દર્શનની પૂર્વતૈયારી | ૨૫ |
| માને મનાવ્યાં | ૨૬ |
| ધૂણીવાળા દાદાનાં દર્શને | ૨૬ |
| જુગુપ્સિત વર્તનનું રહસ્ય | ૨૭ |
| દાદાની સર્વવ્યાપકતા | ૨૮ |
| દાદાની રોગ હરવાની શક્તિ | ૨૯ |
| શ્રીમોટાને દાદાનો હુકમ-સેવાનો મર્મ | ૨૯ |
| શ્રીદાદાજીનું અંતર્યામીત્વ અને દૂરશ્રવણશક્તિ | ૩૧ |
| નગ્ન અવધૂત-શ્રીઉપાસનીબાબાનું આગમન | ૩૨ |
| ઓલિયાની સેવા | ૩૩ |
| હાજત પર કાબૂ | ૩૩ |
| હુકમપાલનનો શરતી સ્વીકાર | ૩૪ |
| શ્રીઉપાસની બાબાનું કૃપા તેડું | ૩૪ |

| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| સાકુરીનો અનુભવ-શ્રીઉપાસની મહારાજની કરામત | ૩૫ |
| દેહશુદ્ધિ | ૩૫ |
| શ્રીઉપાસની બાબામાં શ્રીધૂણીવાળા દાદાનું દર્શન | ૩૬ |
| દૃઢ થતી જતી સાધના | ૩૭ |
| બોકડની બાવળી | ૩૭ |
| સત્સંગ | ૩૮ |
| એકાંત સ્થળોમાં સાધના | ૩૮ |
| મેલી વિદ્યાના ઉપાસકનો ભેટો | ૩૮ |
| ધૂંવાધાર વચ્ચે | ૩૯ |
| અઘોર પંથની સાધના | ૪૦ |
| લગ્નનો નિર્ણય | ૪૦ |
| લગ્નમંડપમાં સમાધિ | ૪૧ |
| દેવું ફેડવામાં હરિની સહાય | ૪૨ |
| સર્પદંશ અને અખંડ નામસ્મરણ | ૪૩ |
| સેવા પણ સાધના માટે | ૪૪ |
| જેલયાત્રા પણ મૌનસાધના માટે | ૪૫ |
| જેલમાં ત્રાટક | ૪૬ |
| સમસ્ત ગુજરાતના હરિજનકાર્યની જવાબદારી | ૪૭ |
| સૂપામાં શ્રીસદ્‌ગુરુ પ્રત્યક્ષ થયા | ૪૭ |
| પ્રત્યક્ષ હાજરીનો પુરાવો | ૪૮ |
| સાબરમતી આશ્રમમાં | ૪૮ |
| હરિજન આશ્રમનું જીવન | ૪૯ |
| ત્યાગની પરાકાષ્ઠા | ૫૦ |

| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| નમ્રતાની સાધના | ૫૦ |
| નમ્રતા કેવી રીતે પ્રગટે ? | ૫૧ |
| ‘એવા રે અમે એવા’ | ૫૨ |
| સગુણ સાક્ષાત્કાર | ૫૩ |
| ભીડભંજન ભગવાન | ૫૪ |
| બનારસ યુનિવર્સિટીના ફંડમાં ફાળો | ૫૫ |
| શ્રી ઠક્કરબાપાની થેલીમાં ભેટ | ૫૫ |
| સોનાની કંઠી-ભગવાનની પ્રસાદી | ૫૬ |
| વિમાની સફર માટે ગૂઢ મદદ | ૫૬ |
| નિવૃત્તિનો નિર્ણય | ૫૭ |
| દરિયામાં ચાલ્યા જવાનો હુકમ | ૫૮ |
| નગ્ન થવાના હુકમનું પાલન | ૫૮ |
| અનેરી ભાવમસ્તી | ૫૯ |
| શ્રીસદ્‌ગુરુનો રાજીપો | ૬૦ |
| અદ્‌ભુત કથા | ૬૧ |
| ઓલિયાની શરત | ૬૨ |
| ઓલિયાની પદ્ધતિ | ૬૩ |
| ઓલિયાની ઓળખ | ૬૩ |
| બનારસમાં બહેનોના વાલી તરીકે | ૬૪ |
| શારીરક અવસ્થામાં માનસિક સ્વસ્થતા | ૬૪ |
| મધરાતે અણધાર્યું તેડું | ૬૫ |
| કરાંચીવાળા બાબાનો ધ્યાનનો પ્રયોગ | ૬૫ |

| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| અદ્વૈત-નિરાકાર-નિર્ગુણનો-સાક્ષાત્કાર | ૬૬ |
| જીવન્મુક્ત દશા | ૬૬ |
| ખિસ્સામાંથી ઘરેણાં ચોરાયાં | ૬૭ |
| ધ્યાનમાં ચોરનું દર્શન | ૬૭ |
| ભક્તને રંજાડનારને સજા | ૬૮ |
| પ્રભુકૃપાનો ચમત્કાર | ૬૮ |
| વિરોધી ફરજોની સમસ્યા | ૬૯ |
| પ્રાર્થના એક જ ઉપાય | ૬૯ |
| પ્રાર્થના ફળી-માને દર્શન | ૭૧ |
| કાનપુરનો મસ્ત માણસ | ૭૧ |
| મૃત સ્વજનોનાં દર્શન | ૭૨ |
| સ્વ. આધ્યાત્મિક માનું મિલન | ૭૩ |
| સ્વજનોનો વિસ્તાર-ચમત્કારોની હારમાળા | ૭૩ |
| 'હરિજન સેવક સંઘ'ની વહારે | ૭૪ |
| ૧૯૪૨માં સંઘને તરતો રાખ્યો | ૭૫ |
| મુંબઈમાં મુશ્કેલીઓ | ૭૫ |
| પોલીસ દ્વારા પરેશાની | ૭૬ |
| ઉઘરાણાં માટે સત્યાગ્રહ | ૭૬ |
| પતિતપાવની ગંગા | ૭૭ |
| ચૂનીલાલમાંથી પૂજ્ય શ્રીમોટા | ૭૭ |
| આશ્રમોની સ્થાપના | ૭૮ |
| સમાજ માટે દાન | ૭૯ |
| વિવિધ ક્ષેત્રે દાનગંગા | ૭૯ |
| દાનનો પ્રવાહ કેવી રીતે આવે છે ? | ૮૦ |
| શરીર અનેક રોગોનું ઘર | ૮૧ |
| સાહિત્યસર્જન | ૮૧ |
| શાસ્ત્રોના રચયિતા | ૮૨ |
| પ્રવૃત્તિ સંકેલી | ૮૩ |
| શરીરનો સાથ મળતો બંધ થયો | ૮૪ |
| છેલ્લી ગુરુપૂર્ણિમા સુરતમાં | ૮૪ |
| દેહત્યાગ ઠેલાયો | ૮૫ |
| વધુ કથળેલી તબિયત | ૮૫ |
| દેહત્યાગનો લેખિત નિર્ણય | ૮૬ |
| ફાજલપુર ગયા | ૮૭ |
| મક્કમ નિર્ધાર | ૮૮ |
| અંતિમ ઝાંખી | ૮૮ |

•

# પારસલીલા

❑

ઈંદુકુમાર દેસાઈ

**'હું સર્વત્ર વિદ્યમાન છું.'**

'જીવનદર્શન', ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

હરિઃૐ

# પારસલીલા

## સંત અવતારી પુરુષ

'परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥'

'અનિષ્ટોનો નાશ કરી, સદાચારનો ઉદ્ધાર કરી, સત્યની પ્રસ્થાપના કરવા ભગવાન યુગે યુગે અવતાર ધારણ કરે છે.' એવો આ શ્લોકનો ભાવાર્થ માત્ર સામાજિક-નૈતિક ઉત્થાનના અર્થમાં લેવો યોગ્ય નથી, એવું ગીતાના એક ઊંડા અભ્યાસી જણાવે છે, તે યથાર્થ જ છે, કારણ કે કોઈ પણ વ્યક્તિને માનવતાના સ્તર પરથી દિવ્યતાના સ્તર પર લઈ જવાનું કાર્ય પણ અવતારી જ કાર્ય છે. એ અર્થમાં દરેક સંત અવતારી પુરુષ છે. સંતપરંપરા અને ગુરુપરંપરામાં સંતો અને ગુરુ વિશે અવતારી પુરુષ તરીકેની માન્યતાનું રહસ્ય કદાચ આ જ હોઈ શકે.

## સંતોનો ફાળો

સંતપરંપરાએ ભારતની સંસ્કૃતિને યુગે યુગે નવજીવન બક્ષ્યું છે. ભારત જ્યારે જ્યારે રાજકીય દૃષ્ટિએ નાદાર બન્યું, સમગ્ર દેશ અનેક રાજ્યોમાં વિભક્ત બન્યો, રાજ્યોના આંતરિક ઝઘડાઓએ આપત્તિનાં વાદળો ઉતારી દેશને બાહ્ય આક્રમણો માટે ખુલ્લો કર્યો, દેશની સામાજિક અને ધાર્મિક સ્થિતિ બિલકુલ તંદુરસ્ત ન હતી, ધાર્મિક જીવનને વિકસાવે એવી શાંતિ અને સ્થિરતા ક્યાંયે દૃષ્ટિગોચર થતી ન હતી, ત્યારે ત્યારે સંત-પરંપરાએ દેશને ઉગાર્યો છે. ભારતીય જીવનદર્શન અને સંસ્કૃતિને એણે પુનર્જીવિત કર્યાં છે. સંતોએ આત્મ રણકારવાળી

વાણી દ્વારા લોકભાષામાં વાતો કરી નિરક્ષર પ્રજાને ધાર્મિક પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. નૂતન પ્રકાશ દ્વારા પ્રજાને દોરી છે. પોતાની આગવી અને મૌલિક રીતે ધર્મને જીવંત રાખ્યો છે. ઘણા સંતો સમાજના નીચલા સ્તરમાંથી આવતા હોવા છતાં તેમની ભાષા સંસ્કારી હતી. લોકહૃદયમાં તેમણે ખૂબ ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આધ્યાત્મિક ઉચ્ચતમ શિખરો સર કરવાથી જ અનેક મુસીબતો અને કઠિન પરિસ્થિતિને પાર કરવાનું તેમને માટે શક્ય બન્યું હતું.

## સંતોનો ઉપદેશ

તેમના ઉપદેશોમાં ઈશ્વર પ્રત્યેની ભક્તિ અને સંપૂર્ણ શરણાગતિ, ત્રિવિધ તાપમાં સબડતી પ્રજા માટેની સાંત્વના, તેમ જ આધ્યાત્મિક સંપત્તિ પ્રાપ્ત કરવાની ઝંખનાનાં દર્શન થાય છે. નાતજાત કે ધર્મ, ઊંચ કે નીચ, પાપી કે પુણ્યશાળી, સ્ત્રી કે પુરુષ વગેરે કોઈ પણ જાતના ભેદભાવ વગર તેમણે પોતાની પાસે આવેલાનો સંપૂર્ણ સ્વીકાર કર્યો છે. આવી સંતપરંપરામાં પ્રાતઃસ્મરણીય રામાનંદ, રવિ, કબીર, કમાલ, જ્ઞાનેશ્વર, દાદુ, રજિબ, તુલસીદાસ, સુરદાસ, મીરાં, નરસિંહ, જ્ઞાનેશ્વર, તુકારામ, નામદેવ, મુક્તાબાઈ, ચૈતન્ય મહાપ્રભુ તથા આધુનિક કાળમાં વિહરેલા શ્રીરામકૃષ્ણ પરમહંસ, ભગવાન રમણ મહર્ષિ અને શ્રીઅરવિંદ ઘોષનાં નામો લોકજીભે રમે છે. એ જ પરંપરામાં પરમ પૂજ્ય શ્રીમોટાનું સ્થાન પણ લોકહૃદયમાં એક વિલક્ષણ સંત તરીકે અનોખું છે.

સંતો અવતારી પુરુષો છે. અવતારી જીવન્મુક્ત પુરુષોનાં જીવનની સ્થૂળ ઘટનાઓને પ્રસંગો નહિ પણ લીલા કહેવામાં આવે છે. 'ચેતનભાવનું આવિર્ભાવ પામવું તે જ લીલા.' પૂજ્ય શ્રીમોટાએ અનેકનાં જીવનને પોતાની ચેતના દ્વારા સ્પર્શીને

વિવિધ રીતે ઉજાળ્યાં છે. એવા એ પારસમણિનો આ લીલાવૃત્તાંત છે.

## કુટુંબપીઠિકા

જ્ઞાતિએ ભાવસાર એવા પૂજ્ય શ્રીમોટાનો જન્મ ઈ.સ. ૧૮૯૮ના સપ્ટેમ્બર માસની ૪ થી તારીખે વડોદરા જિલ્લાના સાવલી ગામે માતા સૂરજબાને પેટે થયો. પિતા આશારામનો ધંધો રંગરેજનો-લૂગડાં રંગવાનો. તેઓ 'ભગત' નામથી જ ઓળખાતા. સ્વભાવે ભજનાનંદી, પરંતુ હુક્કો અને અફીણના ભારે શોખીન. દિવસરાત છાણાંનો દેવતા આંગણામાં સળગતો જ રહે. નબળી આર્થિક સ્થિતિને લીધે આજીવિકાની શોધમાં આશારામ ભગત સાવલીથી નીકળી પંચમહાલ જિલ્લાના કાલોલ ગામે આવી વસ્યા. સૂરજબા પણ ગામનાં સુખી ઘરોમાં કામકાજ કરી કુટુંબના ગુજરાનમાં મદદરૂપ થતાં.

આશારામ ભગત દરરોજ સવારે ભજન ગાતાં ગાતાં ફળિયે ફળિયે ફરે અને રંગવાનું કામ લાવી ભજનની ધૂનમાં જ ઘરે આવી પોતાનો વ્યવસાય ચલાવે. સવારથી શરૂ થયેલી ધૂન આખો દિવસ ચાલે. સવારે રંગવા આણેલાં કપડાં રસ્તા પર ચૂલો સળગાવી રંગવામાં આવે અને પતિપત્ની રંગેલાં કપડાં વાયરે વીંઝી સૂકવે.

આશારામ ભગતને ચાર સંતાનો. સૌથી મોટા જમનાદાસ, બીજા ચૂનીલાલ ભગત જેને સૌ 'ચૂનિયો' કહી સંબોધતા - તે જ પૂજ્ય શ્રીમોટા, ત્રીજા મૂળજીભાઈ ભગત અને ચોથા સોમાભાઈ ભાવસાર. કાલોલના સરિયામ રસ્તા પર નાનકડી ઓસરીવાળા અને એક ઓરડાના મકાનમાં આ કુટુંબ રહે. દારૂમાં ચકચૂર રહેતા અને રાતદિવસ બીભત્સ ભાષાનો સતત ઉપયોગ કરતા. નીચલા સ્તરના દરજી, મોચી વગેરેનો એમનો

પડોશ. સતત ચામડાની દુર્ગંધ આવે. 'ધૂળે ઢાંક્યું રતન'ના ન્યાયે આવા અસંસ્કારી લત્તામાં પૂજ્ય શ્રીમોટા જેવા સંત પારસમણિ પાક્યા.

## આઘાતની ચાનક

હૈયાની હામ ભાંગી નાખે એવી કારમી કંગાલિયત અને ભયંકર ગરીબીમાં સબડતા કુટુંબમાં 'ચૂનિયો' મોટો થવા લાગ્યો. છ સાત વર્ષની ઉંમરે બાળમાનસ પર ચોટદાર અસર જન્માવે એવો એક પ્રસંગ બન્યો અને જીવનની ઉન્નતિની કેડી ચૂનિયાને લાધી. સરિયામ રસ્તાને કારણે રાત્રે રોન ફરતા પોલીસોએ હુક્કા અને તાપણાંના સહારે આશારામ ભગત સાથે ઘડીક વિસામાનું સખ્ય પેદા કરેલું. તે કાળે ચોરી કરનાર કોમો માટે ઘરે આવનાર મહેમાનોનું નામ પોલીસચોકીએ નોંધાવવું ફરજિયાત હતું. આશારામના ઓટલે સૂતેલા મહેમાનનું નામ પોલીસચોકીએ કેમ નોંધાવ્યું નથી ? એવી જમાદારની પૂછતાછના જવાબમાં આશારામે જણાવ્યું, 'એવી ખબર તો કોળીવાઘરીએ આપવાની હોય, અમારે નહિ.' પિત્તો ગુમાવેલા જમાદારે 'બારણામાં બોરડી નહિ અને પોલીસની દોસ્તી નહિ.' એ કહેવતને યથાર્થ ઠેરવતાં આશારામને ગડદાપાટુ માર મારી પોલીસચોકીએ લીધા. આ કારમા દૃશ્યથી આઘાત પામેલા અને ગભરાઈ ગયેલા ચૂનીલાલને અચાનક ઝબકારો થયો. મા નાગરવાડામાં જેનાં દળણાં દળવાં જતાં અને પોતાના કુટુંબ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા તે રાવ સાહેબ મનુભાઈને ત્યાં જઈ ડૂસકે ડૂસકે રડીને પિતા પર ગુજરેલી બિના ચૂનિયાએ કહી સંભળાવી. રાવ સાહેબે રાતોરાત થાણે જઈ ફોજદારને બોલાવી કેસ કરવાની દાટી આપી આશારામને છોડાવ્યા. તે જ પળથી ચૂનિયાને વસી ગયું કે હડધૂત અને અપમાનિત ગરીબો તરીકે

અવહેલના ભોગવવી ન હોય અને સૌ સલામ ભરતા થાય એવું કરવું હોય તો રાવ સાહેબ જેવા 'મોટા' થવું જોઈએ.

## અભ્યાસમાં પગરણ

પરંતુ અસહ્ય ગરીબીમાં ભણવું શી રીતે ? ૧૯૧૨માં કાલોલમાં ઍંગ્લો વર્નાક્યુલર મિડલ સ્કૂલ નીકળી. તેના હેડમાસ્તરે આ બાળકની શક્તિ ઓળખી અને તેને દોઢ વર્ષમાં ૧ થી ૪ ચોપડીનો અભ્યાસ કરાવ્યો. આમ, કાળ ટૂંકાવવાની એમની લાક્ષણિકતા આગળ ઉપરના જીવનમાં પણ દેખા દે જ છે. ચૂનિયાએ આ જ સ્કૂલમાં માસિક રૂપિયા દોઢના પગારથી પટાવાળાનું કામ પણ કર્યું હતું. સ્કૂલ વાળવાનું, પાણી ભરવાનું, ટપાલ લાવવા લઈ જવાનું કામ કરવા છતાં એ પ્રથમ નંબરે પાસ થઈ ઇનામો પ્રાપ્ત કરતો. સ્કૂલ વાળતી વખતે કે બજારમાં કામ કરવા જાય ત્યારે તેના હાથમાં ચોપડી તો હોય જ. હોશિયાર અને તીવ્ર બુદ્ધિવાળો હોવાને કારણે ચૂનીભાઈનો શિક્ષકો સાથેનો સંબંધ ઘનિષ્ઠ હતો. સર્વશ્રી નવનીધરાય પુરુષોત્તમ દેસાઈ, ઘનશ્યામરાય નટવરરાય મહેતા (ઘનુભાઈ) વિભુકુમાર દેસાઈ વગેરે શિક્ષકગણની હૂંફ, ઓથ અને સથવારો એને સાંપડ્યો. આને કારણે જ નાગરવાડામાં વધુ સમય વ્યતીત કરતો. નાગરો સાથે બંધાયેલો આ સંબંધ જીવનના અનેક તબક્કે ચૂનીલાલને હૂંફ આપતો રહ્યો.

## ગળથૂથીમાંથી જ પ્રામાણિકતા

સાતમા ધોરણમાં આવતાં ગરીબાઈની ભીંસમાંથી હળવાશ અનુભવવા ચૂનીલાલને કમાવાનું મન થયું. તે વખતે પિતા આશારામ ગોધરામાં રંગવાનું કામકાજ કરતા. ત્યાંના પડોશી

વેપારીભાઈને વિનવણી કરી નોકરીએ રહ્યા. ચૂનીલાલે તો દુકાન ઉઘાડવી, વાળીઝૂડી સાફ કરવી, અનેક દિવસનાં ગંદા ડાઘવાળાં ગલેફો, ચાદરો વગેરે દરરોજ ધોવાં, સફાઈદાર રીતે પાથરવાં વગેરે કામો ઉત્સાહથી શરૂ કર્યાં. મળેલું નાનામાં નાનું કર્મ પણ વ્યવસ્થિત અને ઉત્તમ રીતે કરવાની નાનપણથી જ સેવેલી ખાંખતનો ઉપયોગ ચૂનીલાલે અહીં પણ કર્યો. શેઠ રિઝ્યા. તે જમાનામાં ઠીક કહેવાય એવો રૂપિયા ૫/-નો માસિક પગાર માંડી આપ્યો. ચૂનીલાલને એક પછી એક જવાબદારીવાળાં કામ સોંપાતાં ગયાં. ખેડૂતો પાસેથી અનાજ જોખી લેતાં સિફતથી દાંડીને ઝોક આપીને મણ દીઠ બે અઢી શેર અનાજ વધારે જોખી લેવાની કળા પણ શેઠે શીખવી, પરંતુ ભણવામાં પ્રથમ કક્ષાનો આ વિદ્યાર્થી અપ્રામાણિકતાના પાઠ ભણવામાં ઠોઠ નીકળ્યો. તેને આ વિદ્યા ન વરી. એ વાતનો ભંડો એક દિવસ ફૂટી ગયો. શેઠે ખૂબ ધમકાવતાં ચૂનિયાએ નોકરીને રામરામ કર્યા અને ફરી પાછું ભણવાનું શરૂ કર્યું. કાલોલમાં પાંચ ધોરણથી આગળ અભ્યાસ કરવાની સગવડ ન હતી એટલે શ્રી ઘનુભાઈનાં માસી શ્રીમતી પ્રભાવતીબહેનને ત્યાં રહી પેટલાદ અભ્યાસ કરવાનું નક્કી થયું.

## શ્રીજાનકીદાસ મહારાજનો સત્સંગ

ચૂનીલાલ પેટલાદમાં અભ્યાસ કરતા, તે વેળા રંગવાળા શેઠના નિમિત્તથી શ્રીજાનકીદાસ મહારાજ નામના એક અનુભવી મહાત્મા ત્યાં પધારતા. હાઈસ્કૂલમાંથી છૂટી ચૂનીલાલ અવારનવાર એમની પાસે જઈ સ્થાનકને વાળવાનું, મહારાજનાં કપડાં ધોવાંનું વગેરે સેવાકાર્ય કરતા. તે કાળે સત્સંગનો મહિમા કે મહત્ત્વ

ન જાણનારા ચૂનીલાલને એમ કરવાનું સહજપણે દિલ થતું. મહારાજની પૃચ્છાના સત્સંગ સાંભળતા. મૅટ્રિકમાં હતા ત્યારે ચૂનીલાલને ભયંકર માંદગી આવવાની છે એવી આગાહી કરી બધો અભ્યાસ પહેલેથી જ કરી લેવાની ચેતવણી શ્રીજાનકીદાસ મહારાજે આપી હતી. એટલું જ નહિ, પણ એમ કરવામાં સંસ્કૃત પાઠશાળાના આચાર્યશ્રીને આ છોકરાની ભાળવણી પણ કરી હતી. ચૂનીલાલે તેમની મદદથી સંસ્કૃત વ્યાકરણનો અને ગાઈડોની મદદથી અન્ય વિષયોનો અભ્યાસ ઝટપટ કરી લીધો. કોઈક કામ પ્રસંગે જ્યારે ચૂનીલાલને અમદાવાદ જવાનું થયું ત્યારે શ્રી ઘનુભાઈ મહેતાને ત્યાં જ જીવલેણ માંદગીમાં પડ્યા. કેટલાક દિવસ બેભાન રહ્યા. આમ, શ્રીજાનકીદાસ મહારાજની આગાહી સાચી ઠરી. વળી, માંદગીમાં સ્વાભાવિક રીતે શ્રીજાનકીદાસ મહારાજનું સ્મરણ થયા કરતું અને ચૂનીલાલને તેમના પ્રત્યે વહાલ પ્રગટતું. માંદગી લાંબી ચાલી. ડૉક્ટરે અભ્યાસની મનાઈ ફરમાવી. એટલે પ્રિલિમ પરીક્ષામાં બેસી પણ ન શકાયું. આમ છતાં પેટલાદ હાઈસ્કૂલના હેડમાસ્તર સોજીત્રાના વતની શ્રી ઈશ્વરભાઈ પટેલની એમની પરની મમતાને કારણે એમને ફૉર્મ તો મળ્યું. આમ કોઈ પણ સત્પુરુષનો સદ્ભાવનાથી સેવાયેલો સત્સંગ એળે જતો નથી તેનો જીવતોજાગતો અનુભવ ચૂનીલાલને થયો. પાછળથી ચૂનીલાલ નડિયાદમાં સેવાક્ષેત્રમાં હતા ત્યારે શ્રીજાનકીદાસ મહારાજ ત્યાં પધારતા તે વેળા ચૂનીલાલ મળવા જતા. ત્યારે તેમણે ચૂનીલાલની ઓળખાણ બરાબર રાખી હતી. ચૂનીલાલ પોતાની સાધનાની ગૂંચો અને મુશ્કેલીઓ પ્રાર્થનાભાવે મનમાં ધારણ કરીને એમની પાસે બેસતા. કોઈની સાથે વાતચીતમાંથી કે કશુંક બોલતા હોય ત્યારે તેમાંથી ચૂનીલાલને ઉકેલ મળી જતો.

## વડોદરા કૉલેજમાં

પેટલાદ હાઈસ્કૂલમાંથી ઈનામ સહિત સારી ગુણવત્તા સાથે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી ચૂનીલાલે વડોદરા કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. શ્રી ઘનુભાઈનાં માસી પ્રભાવતીબહેને (પૂજ્ય મોટાનાં આધ્યાત્મિક મા) ખર્ચની જવાબદારી લીધી હતી. પણ રહેવું ક્યાં ? મદદ આપવાનું સ્વીકારનારને માથે ઓછામાં ઓછો ખર્ચ આવે એવી રીતે જીવવાનું ચૂનીભાઈએ નક્કી કર્યું હતું. એમણે કાલોલના નાગરવાડામાં જે શુભેચ્છા સર્જેલી અને તેને કારણે જે હમદર્દી અને પ્રેમથી લાગણી પેદા થયેલી તે આ વખતે મદદે આવી. કાલોલના એક નાગરભાઈ કૉલેજમાં 'ફેલો' હતા. તેમને વિનંતી કરતાં રેસિડેન્સી હૉસ્ટેલમાં તેમના રૂમમાં રહેવાનું મળ્યું. બદલામાં ચૂનીલાલે તેમની રૂમની સફાઈ તથા તેમનાં અન્ય કામકાજની જવાબદારી સ્વીકારી. હૉસ્ટેલમાં રહેતા નાગર વિદ્યાર્થીઓની ચાની ક્લબમાં દિવસમાં બે ત્રણ વાર ચા બનાવવાનું, તેમનાં કપડાં વગેરે ધોવાનું, પાણીનાં માટલા ભરવાનું, તેમનાં ટાંપાં ખાવાનું વગેરે કાર્યો ચૂનીલાલ આનંદથી કરતા. તેઓ બધાંના ઉપયોગમાં આવવાની વર્તનકળામાં સાવધાની રાખતા. સામૂહિક કાર્યક્રમમાં ચૂનીલાલનો ખર્ચ આ નાગર વિદ્યાર્થીઓ જ ઉઠાવતા. સિનેમા વગેરેની ટિકિટો લેતા. એકવાર ચૂનીલાલને એકલાને સિનેમા જોવાની વૃત્તિ થતાં પોતે ચોંકી ગયા કે 'આ તો ચસકો લાગ્યો.' આથી, મિત્રોની મદદથી પણ સિનેમા ન જોવાનો દૃઢ સંકલ્પ કર્યો.

## કૉલેજ જીવનની કઠિનાઈ

હૉસ્ટેલથી અઢી માઈલ દૂર વડોદરાની મધ્યમાં માંડવીની બાજુમાં ચાંપાનેરી દરાવાજા બહાર વૈષ્ણવોની હવેલી આવેલી છે. ત્યાં ચૂનીલાલે મુખિયાજી સાથે દોઢ આનામાં પતરાળી

ભગવાનનો પ્રસાદ જમવાનું ઠરાવ્યું. જતાં આવતાં ફૂટપાથ પર વાંચતાં વાંચતાં જવું એ ચૂનીલાલનો નિત્યક્રમ હતો. એકાદ સત્ર આ પ્રમાણે ચાલ્યું, પણ ચૂનીલાલનાં 'આધ્યાત્મિક મા'ને ખબર પડતાં એ બંધ કરાવ્યું.

## દેશમાં ખળભળાટ

વડોદરા કૉલેજના દિવસો આનંદથી પસાર થતા હતા. અભ્યાસમાં એકંદરે સ્થિર બનવાનું શક્ય બન્યું હતું. પરંતુ ચૂનીલાલ બી.એ.ના છેલ્લાં વર્ષમાં હતા ત્યારે સમગ્ર દેશ નવા જ વાતાવરણથી ધમધમી ઊઠ્યો. રૉલેટ ઍક્ટ સામે ગાંધીજીએ પડકાર ફેંક્યો. રમખાણો થયાં. જલિયાંવાલા બાગના હત્યાકાંડથી દેશભરમાં ભારે ઉશ્કેરાટ વ્યાપ્યો. ગાંધીજીએ લડતનાં મંડાણ માંડ્યાં અને વિદ્યાર્થીઓને શાળા, કૉલેજ છોડી ગુલામી કેળવણીનો ત્યાગ કરવાની હાકલ કરી.

## કૉલેજત્યાગનું મંથન

ચૂનીલાલના અંતરમાં પણ ઉલ્કાપાત મચી ગયો. ભયંકર આંતરસંઘર્ષ જન્મ્યો. કૉલેજ છોડવી કે નહિ ? કૉલેજ છોડે તો એક બાજુ જીવનમાં જે થવાની અભિલાષા સેવી હતી તે નષ્ટ થતી હતી. ભણીગણી ગરીબાઈની આર્થિક ભીંસમાંથી તારવાની આશા કુટુંબીજનોમાં જન્મેલી તે પણ ભાંગીને ભૂકો થઈ જતી હતી. મીઠાં સ્વપ્નાં રોળાઈ જતાં હતાં. વળી, જેમણે સદ્‌ભાવનાથી અભ્યાસમાં મદદ કરવાનું સ્વીકાર્યું હતું તેમનો કૉલેજ છોડવા પ્રત્યે ભારે અણગમો હતો. સાથે સાથે ચૂનીલાલના હૃદયનો એક ઉચ્ચ ભાવ હતો કે જે સ્વજનોએ મદદ કરી તેમના પ્રત્યે આભારવશ કૂણી લાગણી જન્મેલી હોવી જોઈએ. તેમનો જીવતો જાગતો મદદનો હાથ ધુત્કારી

કાઢવાનું પણ ચૂનીલાલને ગમતું ન હતું. સ્વજનોની સલાહને એકદમ કેવી રીતે અવગણી શકાય ? એટલે ચૂનીલાલે શાંત ચિત્તે સ્વજનોની કૉલેજ ન છોડવાની સલાહ પર વિચાર્યા કર્યું. કૉલેજત્યાગ કરવામાં ઘણા જુવાનિયાઓમાં એક પ્રકારની ધૂન, આવેગ અને ઉશ્કેરાટ પ્રગટેલો હોવા છતાં તે અંગે વડીલ પ્રત્યે જે સ્વચ્છંદી, આદરવિહોણું, ઉદ્દંડ અને ઉદ્ધત વર્તન દાખવતાં તે ચૂનીલાલને સ્વીકાર્ય ન હતું. ગાંધીજી અહિંસાની જે ભાવના સમાજમાં પ્રસરાવવા માગે છે તેની સાથે એ સુસંગત નથી એમ એ માનતા. બીજી બાજુ એમને થતું કે જે અથાગ મહેનત ગાંધીજીએ ઉઠાવી છે તે એળે જવાની નથી. પિતાજીને પોલીસે ગડદાપાટુ માર માર્યાથી ‘મોટા’ થવાની તમન્ના પ્રગટેલી તેણે આ પ્રસંગે બીજી જ રીતે ગુલામીનું તીવ્ર ભાન જગાડ્યું. વળી, સ્વતંત્ર ભારતની મનોહર કલ્પનાએ તેમાં રંગ પૂરી કૉલેજ છોડાવવામાં ભાગ ભજવ્યો. જીવનપ્રવાહ પ્રભુકૃપાથી એમને કોઈ બીજી દિશામાં દોરી જવાનું કરે છે, એમ ચૂનીલાલના દિલમાં ઊગ્યું. દેશની સેવા કરવાનો આપણો ધર્મ છે. આઝાદી મેળવવાનું કામ જુવાનો ન કરે તો કોણ કરે ? સ્વાતંત્ર્યના ખપ્પરમાં જુવાનિયાઓનો તો ભોગ અપાય જ. આવા વિચારમાં ચૂનીલાલ સદા ગરકાવ રહેતા. આ અભ્યાસ છોડી રાષ્ટ્રીય કેળવણી માટે ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થવાની શક્યતા એમને તે કાળે વર્તાતી ન હતી. સાવ અંધકારમાં જ ભૂસકો મારવાનો હતો. વિદ્યાપીઠમાં એમને મદદ આપી ભણાવે એવું કોઈ ન હતું. એટલે ચૂનીલાલે મનથી દૃઢ મરણિયો નિર્ધાર કર્યો કે કદાચ ખાવાનું પણ ન મળે એવી સ્થિતિ આવે તોપણ મદદ તો ન જ લેવી. આમ, કેવી કફોડી સ્થિતિ આવે તેનું તાદૃશ્ય ભાન મન સમક્ષ વિચારી વિચારીને જગાડ્યું.

## કૉલેજત્યાગ અને વિદ્યાપીઠપ્રવેશ

આખરે ૧૯૨૦ની કલકત્તા કૉંગ્રેસમાં મહાત્મા ગાંધીજી અસહકારનો ઠરાવ મૂકે તે પહેલાં જ શ્રી ચૂનીલાલ ભગત અને શ્રી પાંડુરંગ વળામેએ વડોદરા કૉલેજનો ત્યાગ કર્યો. આ બંને સાથે કૉલેજત્યાગ કરનારાઓ ગુજરાતના મહાન સંતોની કોટીમાં ગણાયા એ પણ કેવો દિવ્ય યોગાનુયોગ ! શ્રી પાંડુરંગ વળામે પાછળથી શ્રીરંગ અવધૂત મહારાજ તરીકે જાણીતા બન્યા.

અમદાવાદ કોચરબના ઢાળે શરૂ થયેલી અને પાછળથી ભુલાભાઈના વંડામાં ખસેડાયેલી ગૂજરાત વિદ્યાપીઠમાં શ્રી ચૂનીલાલે જૂન માસમાં પ્રવેશ મેળવી લીધો. પરંતુ ખર્ચનું શું ? શ્રી ચૂનીલાલે આચાર્ય શ્રી ગિડવાણીજીને મળીને વિદ્યાલયના ઓરડાઓની સફાઈ કરવાનું, ઝાડુ કાઢવાનું વગેરે કાર્ય સ્વીકાર્યું. વળી, દર અઠવાડિયે ‘નવજીવન’ની એક રૂપિયાની વીસ લેખે નકલો ખરીદી અને એક આને વેચી રૂપિયા પર ચાર આના મેળવી કુલ આઠ બાર આના રળી લેતા.

## ગાંધીજીના પડકારને ઝીલ્યો

સંનિષ્ઠ શિક્ષકો હોવા છતાં લડતના કારણે વિદ્યાપીઠનું વાતાવરણ તે વખતે અભ્યાસ માટે સાનુકૂળ ન હતું. એક દિવસ વિદ્યાપીઠમાં ગાંધીજીએ પ્રવચન કર્યું, ‘કૉલેજનું શિક્ષણ છોડાવવાનો મારો ઉદ્દેશ તો યુવાન વિદ્યાર્થીઓ નવું ચેતન પ્રગટાવવા ગામડે ગામડે કામે લાગી જાય એ હતો, પરંતુ તમે તો એક પ્રકારની ડિગ્રીનો મોહ છોડી બીજા પ્રકારની ડિગ્રીનો મોહ તાજો ને તાજો રાખ્યો.’ ચૂનીલાલે આ પડકાર ઝીલ્યો અને વિદ્યાપીઠ છોડી.

## ગ્રામસેવા-પુનઃ વિદ્યાપીઠ-પુનઃ ત્યાગ

જે સત્ય સમજાય તેનું તત્કાળ પાલન કરનાર ચૂનીલાલે વિદ્યાપીઠ છોડી. શ્રી ગિડવાણીજીના અધ્યક્ષપદે સ્થપાયેલા સ્વરાજ આશ્રમમાં તાલીમ લઈ ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં કામ શરૂ કર્યું. એ તાલુકો ખૂબ જ પછાત. વળી, ટપાલ કે મુસાફરી જેવાં આવશ્યક ખર્ચના પૈસાની મદદ પણ ન મળે. ઘણી મુશ્કેલીઓને કારણે ફાવટ ન આવતાં ચૂનીલાલે ગ્રામસેવાનું એ કાર્ય છોડ્યું અને ફરીથી વિદ્યાપીઠમાં જવા ધાર્યું. પણ કોઈ એમ ને એમ દાખલ ન કરે. પ્રવેશ પરીક્ષાની ફરજ પડી. ઉપરાંત, સેવાકાર્ય કરેલાં હોય તેવાં સ્થળોએથી ભલામણપત્રો લાવવા સરદાર વલ્લભભાઈનું ફરમાન હતું. એ બંને વિઘ્નો સફળતાથી પસાર કરી ચૂનીલાલે ફરીથી વિદ્યાપીઠમાં ભણવાનું શરૂ કર્યું, પરંતુ સ્નાતક થવાના ત્રણચાર મહિના જ બાકી હતા ત્યારે વિદ્યાર્થીઓ સમક્ષ ગાંધીજીએ ફરીથી ભાષણ કર્યું, ‘દેશ તો ભડકે બળે છે અને તમારા બધાથી ઠંડા કલેજે અભ્યાસ કરવાને બેસી કેમ રહેવાય ?’ ચૂનીભાઈનું મગજ પાછું ઊછળ્યું. તેમણે સ્નાતકની ડિગ્રીનો મોહ છોડી કાયમ માટે વિદ્યાપીઠનો ત્યાગ કર્યો.

## સેવાક્ષેત્રે

ચૂનીલાલના મોટા ભાઈ શ્રી જમનાદાસ આર્યસમાજી વિચાર ધરાવનાર હતા તથા હોમરૂલ લીગની ચળવળમાં ભાગ લઈ ચૂકેલા હતા. તેઓ શ્રી ઇંદુલાલ યાજ્ઞિક સાથે જ રહી નડિયાદમાં હરિજનસેવાનું કાર્ય કરતા. ગુજરાતભરમાં હરિજનસેવામાં લગભગ તેઓ પહેલા સવર્ણ હિંદુ હતા, પરંતુ શ્રી જમનાદાસની તબિયત નાદુરસ્ત હતી. એટલે ચૂનીલાલને

શ્રી ઇંદુલાલ યાજ્ઞિકે નડિયાદમાં સ્થાપેલ હરિજન આશ્રમમાં કામ કરવાનું થયું. (ચૂનીલાલના નાના ભાઈ મૂળજીભાઈ જ્યારે હરિજનસેવામાં જોડાયા ત્યારે ૧૯૨૦-'૨૧માં એક જ કુટુંબના ત્રણે સભ્યો હરિજનસેવામાં જોડાયા હોય એવો બનાવ ગુજરાતભરમાં જ નહિ પરંતુ સમગ્ર દેશમાં બીજો નહિ હોય.) તે વખતે 'અંત્યજ સેવામંડળે' સ્થાપેલ આશ્રમની વ્યવસ્થા અને વિદ્યાપીઠ સંચાલિત હરિજનશાળા એમ બેવડું કામ ચૂનીલાલને કરવાનું આવ્યું. 'અંત્યજ સેવામંડળ'નું કામ જવાબદારી ભરેલું હતું. ગુજરાતની તે વખતે નીકળેલી બધી હરિજન સંસ્થાઓને નાણાં મોકલવાં, તેનો હિસાબ રાખવો, તેમની સાથે પત્રવ્યવહાર કરવો, નડિયાદ આશ્રમની વ્યવસ્થા વગેરે સંભાળવું પડતું. ગુજરાતનાં બધાં સ્થળેથી આવેલા વિદ્યાર્થીઓને કેમ વર્તવું, સ્વચ્છતા કેમ જાળવવી તે શીખવવું પડતું. પાણી પણ જાતે ભરવાનું. રાંધવાનું પણ જાતે. આશ્રમના સંચાલન નિમિત્તે રજાઓમાં વિદ્યાર્થીઓને ઘરે જઈ તેમના વાસમાં રહેવાનું બનતું. ચૂનીલાલ તે વેળા વાસમાં જ રાંધતા અને ભજનકીર્તન પણ કરતા. નદી વગેરે જળાશયે જઈને દેગડા, ઘડા વગેરે વાસણો મંજાવીને ચળકાટવાળાં કરાવતા. આથી, તે ગામના સવર્ણો ઉશ્કેરાઈ જઈ ચૂનીલાલને દમદાટી આપતા. આ બધાં કાર્યો માટે શ્રી ઇંદુલાલ યાજ્ઞિકે ચૂનીલાલને રૂપિયા ૬૫/-નું વેતન આપવાનું નક્કી કરેલું, પણ તે નિયમિત મળતું નહિ. વિદ્યાપીઠ સંચાલિત હરિજનશાળામાં આશ્રમનાં જ બાળકોને પૂરા સમયનું શિક્ષણ આપવા માટે ૫૦/- રૂપિયા વેતન મળતું. થોડા જ વખતમાં શ્રી ઇંદુલાલે 'અંત્યજ સેવામંડળ'નું કામ મૂકી દીધું. તેનું કેંદ્ર નડિયાદથી ગોધરા થયું. એટલે આ બેવડાં કામનો પ્રશ્ન પેદા થયો. ગાંધીજીની પાસે

ફરિયાદ ગઈ કે હરિજનસેવકને આટલું બધું વેતન કેવું ? ગાંધીજીએ ચૂનીલાલને મળવા બોલાવ્યા. ગરીબ દેશમાં સેવાનું વ્રત લેનારને આટલો પગાર કેમ પોસાય એમ પૂછ્યું. ચૂનીલાલે પોતાના બીમાર મોટા ભાઈની સારવારનો ખર્ચ, ૭ માણસના પોષણની જવાબદારી, મા, ભાભી વગેરે પણ ઘરખર્ચ કાઢવામાં મદદરૂપ બનતાં તે વિગતો જણાવી. ત્યારે ગાંધીજીએ બીજો પ્રશ્ન પૂછ્યો, 'આટલી નાની ઉંમરે તમે આ બે સંસ્થાનું કામ કેવી રીતે કરી શકો ?' ચૂનીલાલે અંગ્રેજીમાં સ્પષ્ટ જવાબ આપ્યો, 'William Pitt, The Younger, was the Prime Minsister of England at the age of 24.' ગાંધીજી હસ્યા. મુલાકાત પૂરી થઈ. પરંતુ થોડા વખત પછી 'તમારા એકલાથી બંને સંસ્થા યોગ્ય રીતે ન સંભાળી શકાય.' એમ જણાવી બેમાંથી એક સંસ્થાની પસંદગી કરી લેવાનું જણાવવામાં આવ્યું. એમણે માત્ર શાળાનું કાર્ય સ્વીકાર્યું.

## સાધનાયુક્ત સેવા

આમ છતાં ચૂનીલાલ શાળાના સમય જેટલું જ કામ કરતા ન હતા. તેઓ મરીડા ભાગોળે હરિજનવાસમાં પણ જતા. દરેક હરિજન કુટુંબ સાથે હળીમળી સુખદુઃખની વાતો કરતા. વાસમાં વિદ્યાર્થીઓને શોધી શોધી ભેગા કરી મહાભારતની વાતો કરતા. ભજનો ગાતા અને ગવરાવતા. વિદ્યાર્થીઓ જોડે વાર્તાલાપો ગોઠવતા. વાસમાં રાતવાસો કરતા અને એકાંત સ્થળોએ ઉજાણી પણ ગોઠવતા.

ચૂનીલાલને બેવડું કામ છોડી એક જ કામ કરવાની ફરજ પડી. તે અંગે એમના સાથી મિત્ર શ્રી ચૂનીલાલ વ્યાસ સતત ઉશ્કેરણીનું કામ કરતા : 'આ તમારું હડહડતું અપમાન છે.' 'તમે સાવ બાયલા છો.' 'તમારામાં સાચું બોલવાની હિંમત

નથી.' વગેરે વગેરે. પરંતુ આપણા પૂજ્ય શ્રીમોટા તે વખતે સાધનામાં પ્રવેશી ચૂકેલા હતા. જે પરિસ્થિતિ અને સંજોગો મળ્યાં છે, તે વિકાસ માટે જ છે એમ માની તેઓ તેને દૃઢતાથી, સંતોષથી અને પ્રેમથી સ્વીકારી લેતા.

શ્રી ચૂનીલાલ વ્યાસના ઉપર્યુક્ત આક્ષેપો નાપાયાદાર હતા. સાચું બોલવાની નહિ, બલકે આચરવાની હિંમત ચૂનીલાલ ભગત પાસે હતી તેના કસોટીરૂપ કેટલાક પ્રસંગો નડિયાદમાં જ બનેલા.

## જ્ઞાતિ સામેની હિંમત

હરિજન સવર્ણોનું એક સ્નેહસંમેલન નડિયાદમાં શ્રી ચૂનીલાલ ભગતે અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમ નિમિત્તે યોજ્યું. શ્રી ગોકુળદાસ તલાટી અને શ્રી ફૂલચંદ શાહ સહિત ઘણા પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોને આમંત્ર્યા હતા. આ સ્નેહસંમેલનને નડિયાદમાં હાહાકાર મચાવ્યો. ઉપરના બે સદ્‌ગૃહસ્થોનો જ્ઞાતિએ બહિષ્કાર કરવાનું ઠરાવ્યું. આની અસરથી શ્રી ચૂનીલાલ ભગતને જ્ઞાતિ બહાર મૂકવાની હિલચાલ તેમની જ્ઞાતિએ કરી, પરંતુ શ્રીગોદડિયા મહારાજ સાથેના ચૂનીલાલના નડિયાદના સ્મશાનના સહવાસના પરિણામે તેમના સત્સંગે આવનાર જ્ઞાતિની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ચૂનીલાલને ઓળખતી. વળી, ચૂનીલાલનું પણ જ્ઞાતિના વડીલો પ્રત્યે સાધનાયુક્ત નમ્રતા અને સદ્‌ભાવપૂર્વકનું વર્તન હોવાથી એ હિલચાલનું કંઈ પરિણામ ન આવ્યું.

## રંજાડનાર સામે મર્દાનગી

મરીડા ભાગોળની શાળામાં કેટલાક મુસલમાન છોકરા પજવણી કરતા. સમજાવટ, ઓળખીતા દ્વારા માબાપને કાને

ફરિયાદ, ઉર્દૂ શિક્ષકભાઈઓ કે કાજી સાહેબ દ્વારા પ્રયત્ન વગેરે કશું લેખે ન લાગ્યું. ત્યારે ચૂનીલાલે એક દિવસ ચારેક જણને ઘેરીને સારી પેઠે ફટકાર્યા. બૂમાબૂમ થઈ ગઈ. આજુબાજુના મુસલમાનો ટોળાંબંધ આવ્યા. તેઓ ઉશ્કેરાયેલા હતા. ચૂનીલાલે તો લંગોટ સિવાયનાં પોતાનાં બધાં જ કપડાં કાઢી નાખ્યાં અને કહ્યું, 'હવે તમે મને સારી રીતે મારી શકો છો. જુઓ હું તદ્દન ઉઘાડો છું. ટોળું સ્તબ્ધ થઈ ગયું.' ચૂનીલાલે પોતાના તમામ શાંતિભર્યા પ્રયત્નોનો ઇતિહાસ કહ્યો. હાજર રહેલામાંથી પણ કેટલાકને કહેલું તે તેમને યાદ દેવરાવ્યું. આથી, ટોળું સમજી ગયું. કેટલાકે તો ભગતના આ કાર્યને આવકાર્યું.

આમ, મુસલમાન છોકરાઓએ રંજાડવાનું સદંતર બંધ કર્યું. બીજા દિવસથી ચૂનીભાઈએ એ રસ્તે જતાં આવતાં એ જ છોકરાઓને ચણા વહેંચી એમના પ્રત્યેનો પોતાનો સદ્ભાવ ચાલુ રાખ્યો.

## નરસિંહકાકાનો પડકાર ઝીલ્યો

હરિજન સેવક સંઘની કાર્યવાહક સભામાં 'પાટીદાર' માસિકના સ્થાપક અને ક્રાંતિકારી માનસ ધરાવનાર નરસિંહકાકાએ હરિજનો માટે અલગ શાળા, આશ્રમો, કૂવાઓ કે શિષ્યવૃત્તિઓને અર્થ વગરનાં અને અસ્પૃશ્યતા કાયમ કરનારાં ગણાવ્યાં. યુવાન હરિજન કાર્યકરોને હરિજનો પાસે જાહેર કૂવે પાણી ભરવા, જાહેર તળાવે નાહવાધોવા અને મંદિરે દર્શન કરવા સત્યાગ્રહો કરાવવાનો પડકાર ફેંક્યો. હરિજન સેવક સંઘને દોરવણી આપનાર ગાંધીજીની સલાહ ચૂનીલાલના ધ્યાનમાં હતી. છતાં જુવાનીને પડકાર સમું નરસિંહકાકાનું પ્રવચન મૂગે મોઢે ગળી જવાની એમની તૈયારી ન હતી. આથી, શ્રી ચૂનીલાલ ભગત અને શ્રી હેમંતકુમાર નીલકંઠે સલાહ-

મસલત કરી સંઘમાંથી રાજીનામાં આપ્યાં અને બીજે જ દિવસે બિસ્તરાપોટલાં સાથે નરસિંહકાકાને ઘેર ગયા. પોતાનાં માથાં ભંગાવવાની તૈયારી તેમણે દર્શાવી અને નરસિંહકાકાને સરદારી લેવા કહ્યું. નરસિંહકાકા આ અણધાર્યા પ્રસંગથી સ્તબ્ધ થઈ ગયા. તેઓ ગાંધીજીની સલાહ લેવા બોરસદ ગયા. 'જ્યાં સુધી હરિજનોની પાકી તૈયારી નથી, તેમનું આંતરિક બળ પ્રગટ્યું નથી. ત્યાં સુધી આવા પગલાંથી તેમની કફોડી સ્થિતિ થાય.' એવી મતલબની સમજણ ગાંધીજીએ આપી. નરસિંહકાકાએ પાછા આવી આવાં કાર્યક્રમને અમલમાં મૂકવાની પોતાની અશક્તિ દર્શાવી, પરંતુ શ્રી ચૂનીલાલ ભગત તથા શ્રી હેમંતકુમાર નીલકંઠનાં હિંમત, સાહસ અને સહનશક્તિને બિરદાવ્યાં.

## ફેફરું - હિસ્ટીરિયાનો રોગ

નડિયાદના સેવાકાર્ય દરમિયાન શ્રી ચૂનીલાલ ભગતે સાચા નિદાનના અભાવે હિસ્ટીરિયા માની લીધેલો, પરંતુ ખરેખર તો તેઓ ફેફરુંનો ભોગ બની ગયા હતા. એના ઉદ્‌ભવમાં અનેક પરિબળોએ ભાગ ભજવ્યો હતો. તે વખતે ચૂનીલાલ ભયંકર આર્થિક ભીંસમાં રહેતા હતા. રૂપિયા ૫૦/-ના માસિક મહેનતાણામાંથી ફરજિયાત બચતના રૂપિયા ૨.૫૦ જતાં, બાકી રહેલા રૂપિયા ૪૭.૫૦ માંથી સાત જીવોનું પોષણ કરવાનું હતું. દાઢી કરવાનું સાધન પણ વસાવી શકાયું ન હતું. મહિને એક જ વાર દાઢી કરતા. વધુમાં મોટા ભાઈ જમનાદાસને ક્ષય થયેલો. તેમનાં દવાદારૂમાં શક્ય તેટલો ખર્ચ ચૂનીલાલ કરતા. પોતાની આર્થિક અશક્તિ હોવા છતાં સારવાર કરાવવા મોટા ભાઈને ભાવનગર ફર્સ્ટ ક્લાસમાં લઈ ગયેલા. છતાં મા અને મોટા ભાઈ 'કંજૂસ છે.' 'કશું કરતો નથી.' એવાં મહેણાંટોણાં

માર્યા જ કરતા. શ્રી જમનાદાસ ભાવનગરમાં ચૂનીલાલથી છાની રીતે સગાંવહાલાં પાસેથી પૈસા મંગાવેલા, તે દેવું જમનાદાસના દેહાંત પછી ચૂનીલાલને જ ભરવાનું આવ્યું. બીજી બાજુ કદાચ બાનાં મહેણાંટોણાંથી અથવા તો અસહ્ય ગરીબાઈથી તંગ આવી સારી નોકરી મેળવવાની પોતાના માટે જે શક્યતા હતી તેને, પ્રલોભનથી ઉપયોગ ન કરી બેસાય તે માટે ચૂનીલાલે હાથમાં ગંગાજળ લઈ સેવાના વ્રતની-સેવા સિવાય બીજા કશા કર્મને સ્વીકારવું નહિ, એવી પ્રતિજ્ઞા લીધી હતી. આ બધાંને કારણે દેવું ભરવાની કોઈ શક્યતા હતી જ નહિ. દેવાના વારંવાર આવતા વિચારોથી મન પર ભાર રહેતો તથા ઉત્કટ સંવેદન પ્રગટતું અને પરિણામે ઘમસાણ મચી જતું. ત્રીજી બાજુ 'આ હરિજન બાળકો છે' એવી સ્પષ્ટ જાહેરાત કરી તેઓ આશ્રમનાં બાળકોને જાહેર તળાવ કે કૂવા પર સ્નાન કરવા લઈ જતા. આથી, ખેડૂતો કે સમાજના અન્ય વર્ગ તરફથી એમને અનેક જાતની ધાકધમકીઓ મળતી. 'બાળકોને કોઈ મારી ન બેસે !' એવી સતત ચિંતા એમના મન પર તાણ પેદા કરતી. આ બધી ધોંસ વિહ્વળતા પ્રગટાવતી. પરિણામે ફેફરુંના રોગનો ભોગ બનવાનું થયું. કેટલીય વાર સાઈકલ પરથી ભોંયે પટકાઈ પડતા. એવા પ્રસંગે ગજવામાં સંસ્થાનું નાણું વગેરે પણ રહેતું. છતાં પ્રભુકૃપાથી તે બચી જતું.

## મા નર્મદાને ખોળે

આવી માંદગીમાં ચૂનીલાલ બે વાર નર્મદાતટે આરામ લેવા ગયા હતા. બીજી વાર એકલા જ હતા ત્યારે મોખડી ઘાટની પાર એક રણછોડજીનું મંદિર છે ત્યાં રહ્યા. ત્યાં રહેતા એક સાધુ મહાત્માની ચૂનીલાલ સેવાચાકરી કરતા. ત્યાંના નિવાસ દરમિયાન થયેલા ફેફરુંના હુમલાને એ મહાત્માએ નિહાળ્યો

હશે. ચૂનીલાલે નીકળતી વખતે સાધુ મહાત્માની ચરણરજ લઈ આશીર્વાદ માગ્યા. ભગવાનના નામસ્મરણથી રોગ મટી જશે એમ સાધુ મહારાજે કહ્યું અને 'એક વર્ષ પછી તને સદ્‌ગુરુ મળશે' એવી આગાહી કરી, પરંતુ ચૂનીલાલને થયું, 'કંઈ જડીબુટ્ટી આપી હોત તો રોગ મટી જાત.' નામસ્મરણથી રોગ મટી જાય એ વાતમાં એમને શ્રદ્ધા બેઠી નહિ.

નબળા મનની લાગણીપ્રધાન સ્ત્રીના જેવો રોગ પોતાને થયો તેથી ચૂનીલાલ ત્રાસ અને શરમિંદાપણું અનુભવતા હતા. આથી, જીવન ખતમ કરવા સારુ રણછોડજીના મંદિરેથી પાછા ફરતાં ગરુડેશ્વરથી આગળ ઊંચી ભેખડ પરથી મા નર્મદાને ખોળે પડતું મૂક્યું.

## મા નર્મદાની સંસારને અપૂર્વ ભેટ

નર્મદામૈયાના પ્રવાહનો કોમળ, શીતલ સ્પર્શ પગને થયો ત્યાં તો પાણીના પ્રવાહમાંથી એક પ્રચંડ વંટોળ પ્રગટ્યો. અને ચૂનીલાલને ઉછાળીને ભેખડથી ક્યાંયે દૂર ઉપર ફેંકી દીધા. વળી, વંટોળના મધ્યમાં તેમને અદ્‌ભુત અલૌકિક દર્શન થયું. આમ, ચમત્કારિક રીતે બચી જવાયું. તેથી 'By His Grace I am meant for something' 'એની કૃપાથી જિંદગીમાં કંઈક થવાને સર્જાયેલો છું.' એવું નિશ્ચિત ભાન જાગ્યું. તે દિવસથી ભગવાન પરત્વે મોં વળ્યું અને ઉત્કટ મંથનયુક્ત ગડમથલ શરૂ થઈ.

## નર્મદાતટના સાધુનું દર્શન

ચૂનીભાઈના શિક્ષક કાલોલવાળા શ્રી ઘનુભાઈ મહેતાનાં માસી પ્રભાવતીબહેન 'ચૂનિયા'ને ખૂબ હૂંફ આપતાં. સંગીતકાર મૌલાબક્ષનાં તે શિષ્યા અને મધુર કંઠે સુંદર ભજનો ગાતાં. પૂજ્ય શ્રીમોટાએ તેમને 'આધ્યાત્મિક મા' માનેલાં. નર્મદાતટથી

શ્રીમોટા એમને ત્યાં જ ગયા. તેમના ત્રીજે માળે સીડીના છેડા પર જ ફેફરુંનો હુમલો થયો. ચૂનીલાલનું શરીર ગબડતું ગબડતું બીજે માળે પરસાળમાં અફળાયું, સહેજ ભાન આવતાં નર્મદા તટના પેલા સાધુનું ઓચિંતું પ્રત્યક્ષ દર્શન થયું. તેમણે કહ્યું, ‘અલ્યા ભગવાનનું સ્મરણ તો કરી જો ! પ્રયોગ કરી જોવામાં તારું જાય છે શું ?’ પરંતુ તે વખતે શ્રીમોટાનાં મનાદિકરણો આવા અનુભવની ભાવનાવાળાં ન હોવાથી એમણે એને મહત્ત્વ ન આપ્યું, પરંતુ પાછળથી આધ્યાત્મિક માને વાત કરી. માએ કહ્યું, ‘અલ્યા ચૂનિયા ! તું તો ભારે બડભાગી છે. તું તારે ઊઠતાં બેસતાં, હરતાં ફરતાં, ખાતા પીતાં, સકળ કંઈ કર્મ કરતાં કરતાં, એકમાત્ર ભગવાનના સ્મરણમાં હવે લાગી જા અને તને જરૂર મટી જશે.’ પૂજ્ય શ્રીમોટાને તે વખતે સાધુ મહાત્માનાં વચનો કરતાં પોતાની આધ્યાત્મિક માનાં વચનમાં વધુ શ્રદ્ધા હતી. બીજી અથાગ શ્રદ્ધા ગાંધીજી પર હતી. તેમણે ગાંધીજીને પત્ર દ્વારા પુછાવ્યું કે નામસ્મરણથી રોગ મટે ખરો ? બાપુજીએ પોતાને એ વાતમાં શ્રદ્ધા છે એમ જણાવ્યું. છેવટે પૂજ્ય શ્રીમોટાએ નામસ્મરણની શરૂઆત કરી. આમ, પ્રભુકૃપાએ જીવનમાં નવો માર્ગ પેદા થયો. જીવનવિકાસની સાધના શરૂ થઈ. જપની અસરકારકતા વધતી ગઈ. જપની માત્રા વધતાં ઉત્સાહ, ઉમંગ, જોશ, હિંમત, બળ વગેરે વધતાં ગયાં અંતે નામસ્મરણથી ત્રણચાર મહિનામાં જ ફેફરુંનો રોગ નાબૂદ થયો.

## શિષ્યની શોધમાં ગુરુ

પૂજ્ય શ્રીમોટા નડિયાદના સેવાક્ષેત્રે કામ કરતા તે જ વખતે અમદાવાદમાં એલિસબ્રિજથી ટાઉનહૉલ જતાં જમણી બાજુએ પુલની શરૂઆતમાં નીચે સાધુઓનાં રહેઠાણ હતાં. ત્યાં શ્રી બાળયોગી મહારાજ નામે યુવાન સાધુ ધૂણી ધિકાવીને

પડી રહેતા. તેઓ મોટેભાગે ઉન્મત્ત દશામાં - ભાવાવસ્થામાં રહેતા. શહેરનાં ઘણાં માણસો તેમની પાસે આવે ત્યારે તે 'નડિયાદથી ચૂનીલાલ ભગતને બોલાવો !' એવું હિંદીમાં પોકાર્યા કરે. તેમની મુલાકાતે ગયેલા નડિયાદના શ્રી નાનુભાઈ કંથારિયાએ શ્રીમોટાને આ હકીકતની જાણ કરી. તે વખતે શ્રીમોટાને સાધુઓ પ્રત્યે ખાસ આકર્ષણ નહિ. સાધુઓ તો સમાજ પર ભારરૂપ - They are the economic burden on the society - એમ દૃઢપણે માનતા. છતાં 'ઓળખાણપિછાન વગર નામ દઈને કેવી રીતે બોલાવતા હશે ? તેમાં નક્કી કંઈ રહસ્ય હશે.' એવા વિચારોએ તેમના મનનો કેડો છોડ્યો નહિ, પણ અમદાવાદ જવાના પૈસા ક્યાંથી લાવવા ? આથી, શ્રી નાનુભાઈ કંથારિયા પાસે જવાઆવવાનું ભાડું મેળવી લીધું અને શ્રી બાળયોગીજી પાસે પહોંચ્યા. એમણે પ્રેમથી સત્કાર્યા. ચારપાંચ દિવસ ત્યાં જ રહેવાનું થયું.

## ગુરુની સમર્થતા

પ્રથમ દિવસે જ શ્રીબાલયોગીજીએ શ્રીમોટાને તેર શેર જેટલી મીઠાઈ ખવડાવી દીધી. દરરોજ ખૂબ ખવડાવતા. આમ છતાં તેની કોઈ અસર શ્રીમોટા પર વર્તાતી ન હતી. રાત્રે ભાવાવસ્થામાં શ્રી બાળયોગીજી સાબરમતીનાં પાણીમાં ગાંડા હાથીની માફક મસ્તીથી ઊછળતા અને કૂદતા. પૂર્વે આવો કોઈ અનુભવ ન હતો એટલે શું કરવું તે શ્રીમોટાને સમજણ પડે નહિ. એટલે જેમ શ્રી બાળયોગીજી કહે તેમ શ્રીમોટા કરે. ચાર દિવસ પછી રજા માગતાં 'કલ જાના' એવો હુકમ થયો. પાંચમે દિવસે મોંમાં લાય લાગે એવી મરચાંની ખીચડી ખવડાવી. આવા બધા શરીરાતીત પ્રયોગ કરવાની પોતાની સમર્થતાના અનુભવ શ્રી બાળયોગીજીએ શ્રીમોટાને કરાવ્યા.

શ્રીમોટા ભૂરકીથી અંજાઈ જાય એવા ન હતા. તેમણે આ બધા દિવસો સંપૂર્ણપણે તલ્લીન અને તરબોળ રહી ભાવાવસ્થામાં જ વીતાવ્યા. પરિસ્થિતિ અને સંજોગો મૂકીને અહીં વધુ રહી શકાય એમ ન હતું એટલે મનોમન પ્રાર્થનાસહ સંકલ્પ કર્યો કે શ્રી બાળયોગીજી મહારાજ કૃપા કરીને નડિયાદ પધારે અને આ બાબતમાં કંઈ શિખવાડે તો શીખવું અને કંઈક લાભ પ્રાપ્ત કરવો. જોકે શ્રીમોટાને લાભ પ્રાપ્તિ એટલે શું તેની યોગ્ય સમજણ તે વખતે પ્રગટેલી ન હતી. છતાં શ્રી બાળયોગીજી પ્રત્યે શ્રીસદ્‌ગુરુ તરીકેનો ભાવ જન્મ્યો. સાચા શ્રીસદ્‌ગુરુની પ્રાપ્તિ દુર્લભ છે. એમાં સાધકને વર્ષો વીતે. જ્યારે શ્રીમોટાના જીવનની લાક્ષણિકતા એ કે શ્રીસદ્‌ગુરુ એમને સામેથી શોધતા આવ્યા.

## દીક્ષિત બન્યા

ઉપર્યુક્ત પ્રસંગ બાદ શ્રીમોટાના સંકલ્પાનુસાર શ્રી બાળયોગીજી મહારાજ જાતે નડિયાદ પધાર્યા અને શ્રીમોટાને સાધનામાં દીક્ષિત કર્યા. પંચમહાલ જિલ્લાના દાહોદ ગામના મીરાખેડી ગામે ‘અંત્યજ સેવામંડળ’ની કાર્યવાહક સભાની મિટિંગમાં જવા માટે ટ્રેનમાં બેસવા જતાં શ્રીમોટાએ પ્લૅટફૉર્મ પર ઊભેલા શ્રી બાળયોગીજીને જોયા. ઊતરીને પ્રણામ કરતાં જ ટિકિટ પાછી આપી દેવાનો હુકમ થયો. મનોમન કરેલી પ્રાર્થનાને ફળતી જોઈ હુકમપાલનનું ફળ મેળવવા શ્રીમોટા તત્પર થયા. ટિકિટ પાછી આપીને શ્રી બાળયોગીજીને લઈ જઈને નરખીપોળના પોતાના મકાનની મેડી પર રાખ્યા, તે વેળા શ્રી બાળયોગીજીની શી ભાવમસ્તી ! કૂદાકૂદ કરે, આમતેમ નાચે. એમણે શ્રીમોટાને કહ્યું, ‘હું તને સાધનામાં દીક્ષિત કરવા આવ્યો છું. એક મોટું મકાન જોઈએ, એકાંત જોઈએ અને પાસે

જળાશય' જોઈએ.'

## અશક્ય માગ પૂર્ણ થઈ

સમાજમાં તે વેળા શ્રીમોટાની ગણતરી સાવ કંગાલ મનુષ્યની. કોઈ ફૂટી બદામ પણ ઉછીની ન આપે એવી એમની સ્થિતિ. એમણે એ બધું સમજાવવાનો પ્રયાસ કરતાં ગુરુજી તો તાડૂક્યા. આથી, શ્રીમોટા તેમને બાને ભળાવી શાળાએ ગયા. રસ્તે જતાં વહોરવાડના એક સજ્જન કાસમ સાહેબને **'અસ્સલામો અલયકુમ્'** કરવાનો રિવાજ હતો. આજે તેમ કરવાનું ભૂલી જતાં કાસમ સાહેબે ટપાર્યા. શ્રીમોટાએ માફી માગી. પોતાને ઘેર પધારેલા શ્રીસદ્‌ગુરુની માગણીની વાત કરી. કાસમસાહેબે તુરત જ ડભાણ ગામને પાદરે રામતળાવડીની બાજુમાં ખાલી પડેલું પોતાનું **'હાજીમંજિલ'** નામનું વિશાળ મકાન આપવાનું કહ્યું. આમ, અનાયાસે શરતો પૂર્ણ થતાં શ્રી બાળયોગીજીના ગુસ્સાનો મર્મ શ્રીમોટા પામી શક્યા.

## બેભાન અવસ્થામાં પ્રક્રિયા

૧૯૨૪ના વસંત પંચમીના દિવસે સાધનાની દીક્ષા મળી અને શરૂઆત થઈ. દિવસભર ૧૧ થી ૫ સુધી શાળાની ફરજો તો શ્રીમોટાએ બજાવવાની ચાલુ જ રાખી હતી. રાતભર સાધના ચાલે. પ્રથમ દિવસે જ ગુરુએ ભ્રૂકુટીની વચ્ચે દૃષ્ટિ સ્થિર કરી ધ્યાન ધરવાનું કહ્યું. 'વિચારો બિલકુલ આવવા ન જોઈએ.' એવો હુકમ થયો. શ્રીમોટાને આ ફાવ્યું નહિ. વિચારો આવતા બંધ ન થયા. એટલે શ્રી બાળયોગીજીનો પિત્તો ગયો. એક લોખંડનો સળિયો કપાળ પર ઝીંક્યો. શ્રીમોટા બેભાન થઈ ગયા. ભાનમાં આવતાં જાણે પંદરવીસ મિનિટ જ વીતી હોય એમ લાગ્યું, પરંતુ ખરેખર તો સ્થળકાળનું ભાન ભૂલી મનની

સંકલ્પ વિનાની સ્થિતિમાં શ્રીમોટા ત્રણ દિવસ સુધી રહ્યા હતા.

## ગુરુદક્ષિણામાં જાત્રા અને મગરમચ્છનો ભેટો

પ્રથમ વખતે દોઢ માસ અને બીજી વાર બેઅઢી માસ આ રીતે હાજીમંજિલમાં શ્રી બાળયોગીજી શ્રીમોટાને સાધના કરાવવા નિમિત્તે રહ્યા હતા. ગુરુદક્ષિણામાં જાત્રા કરાવવાનું સૂચન થયું, પણ શ્રીમોટા પાસે પૈસા નહિ. આથી, શ્રી બાળયોગીજીએ પોતાના હંમેશના વ્યવહારની વિરુદ્ધ જઈ તે દિવસ પૂરતા મુલાકાતે આવનાર સજ્જનો પાસેથી ભેટ સ્વીકારી. જે કંઈ અલ્પ રકમ આવી તેમાંથી શ્રીમોટાએ ડાકોરની જાત્રા કરાવવાનું ધાર્યું. શ્રી બાળયોગીજી મહારાજ ઘણી વાર ન સમજાય તેવું યદ્વાતદ્વા બોલે. શ્રીમોટાને ઘણું ન સમજાતું છતાં ગાડું ગબડતું. જાત્રાએ નીકળતાં શ્રી બાળયોગીજીએ મગરમચ્છ બતાવવાનું કહ્યું. મગરમચ્છ એટલે શું ? તેના અનેક વિકલ્પો વિચારી શ્રીમોટાએ આખરે ડાકોરમાં ગોમતીજીના કાચબા બતાવ્યા. એ જોતાં જ ગુરુજી ગુસ્સે થઈ ગયા. 'તું બુદ્ધુ હૈ, મુઝે બુદ્ધુ બનાતા હૈ ? એ ક્યા મગરમચ્છ હૈ ?' આમ કહીને ચાલવા માંડ્યા. શ્રીમોટાને બીજું કંઈ ન સૂઝતાં હાથ જોડીને ચાલવા માંડ્યું. ગોમતીના કિનારે એક ધર્મશાળાના પાછળના ભાગની એકાંત જગ્યામાં ઓટલા પર પડછંદકાય અને અર્ધનગ્ન દશામાં ઊંધા સૂતેલા એક પુરુષને બતાવી શ્રી બાળયોગીજી કહે, 'દેખ એ મગરમચ્છ.' શ્રી બાળયોગીજીએ તેમને લાત મારી ઉઠાડ્યા. પેલાએ તો લાલ આંખ કરી પાછળ જોયું, પરંતુ શ્રી બાળયોગીજીને જોતાં જ હસીને નમસ્કાર કર્યા. બંને જણા વાતે વળગ્યા, 'હાલ તમારું બેસણું ક્યાં છે ?' 'હાલ બેસણું આકાશમાં છે.' વગેરે વગેરે અગમનિગમની વાતો કરવા લાગ્યા. શ્રીમોટાને તે વખતે

એ વાતો બહુ સમજાય નહિ, કારણ કે એવી ભૂમિકા ન હતી. છેવટે શ્રીમોટાને બતાવી શ્રી બાળયોગીજી કહે, 'આ છોકરાને મેં સાધનામાં દીક્ષિત કર્યો છે. હું હવે લાંબા સમય માટે અહીં નથી. તો તેને કંઈ ગૂંચ, મુશ્કેલી પડે અને પૂછવા આવે ત્યારે સરખો જવાબ આપજો. આડોતેડો જવાબ આપશો નહિ.' પાછળથી શ્રીમોટા ત્રણચાર વાર એમની પાસે ગયેલા પણ ખરા.

આ સિદ્ધનું નામ હતું, નથ્થુરામ, બાહ્ય રીતે વિચિત્ર લાગે એવી ટેવો. લઘરવઘર રહે. કોઈ પૈસા આપે તો ભજિયાં ખાય. મનમાં આવે તો વાજાંવાળાને બધા પૈસા આપી દઈ વાજાં વગડાવે. કોને મુક્ત પુરુષની આવી અકળ લીલા સમજાય ?

દીક્ષાના કાર્યક્રમથી પૂર્ણાહુતિ થતાં શ્રી બાળયોગીજીએ શ્રીમોટાને કહ્યું, 'અલ્યા છોકરા, તારા ગુરુમહારાજ તો શ્રી કેશવાનંદજી ધૂણીવાળા દાદા છે. એમનો પ્રેરાવેલો હું તને સાધનામાં દીક્ષિત કરવા આવ્યો છું. મધ્યપ્રદેશના ઈટારસી આગળ સાંઈખેડા જઈ તું તેમના આશીર્વાદ લે અને પછી જે હુકમ તેઓ આપે તે પ્રમાણે તારે વર્તવું. તૈયારી કરીને જજે.'

## દાદાનાં દર્શનની પૂર્વતૈયારી

શ્રી બાળયોગી મહારાજનાં આવાં વચનથી પૂજ્ય શ્રીમોટાએ તો સાંઈખેડા જવાનું મનોમન નક્કી કર્યું. 'તૈયારી કરીને જજે.' એવું શ્રી બાળયોગી મહારાજે કહેલું એટલે એમણે તો સાતઆઠ દિવસની રજા લીધી. જવા આવવાનાં ભાડાં માટે પૈસાની વ્યવસ્થા કરી. આ બધું કર્યા પછી એમણે શ્રી બાળયોગી મહારાજને વાત કરી કે બધી તૈયારી થઈ ચૂકી છે. શું શું તૈયારી કરી એ બધું એમણે જાણ્યું ત્યારે તેઓ ખૂબ નિરાશ થયા. શ્રીમોટાને સમજણ ન પડી કે શા માટે શ્રી બાળયોગીજી આટલા નિરાશ થયા. એમની

ખિન્નતાનું કારણ ન સમજી શક્યા એટલે પ્રાર્થનાભાવે પૂછ્યું, ત્યારે તેમણે જણાવ્યું, 'આનું નામ તૈયારી ન ગણાય. તૈયારી તો એ કહેવાય કે જો ગુરુમહારાજ ત્યાં રહી જવાનો આદેશ આપે તો એ હુકમપાલન સરળતાથી થઈ શકે એવી બધી પૂર્વતૈયારી કરવી તે.' શ્રીમોટા હવે સમજ્યા કે જો પાછા આવવાનું ન બને તો મારાં કાર્યમાં અને કુટુંબમાં અવ્યવસ્થા ન જન્મે એવી ગોઠવણ કરીને જવું અને સગાંસંબંધી સર્વેની અનુમતિ લેવી. આવી અને મુખ્યત્વે તો એમનાં બાની જ લેવાની હતી.

## માને મનાવ્યાં

આવી બધી તૈયારી કરવાનો સમય તો હવે રહ્યો ન હતો. તો હવે શું કરવું ? બાની સંમતિ તો મેળવવી જ જોઈએ, પરંતુ બા કંઈ સરળતાથી સંમતિ આપે એવું ન હતું. આથી, શ્રીમોટાને એક યુક્તિ સૂઝી. તે વખતે શ્રીમોટાનાં બા થોડાક દિવસ માટે વડોદરા રહેવાં ગયેલાં. શ્રીમોટાનાં 'આધ્યાત્મિક મા' પ્રભાવતીબહેન જેમને સંબોધીને એમણે **'મનને'**ના કાવ્યમાં લખ્યું છે. તેઓ વડોદરામાં જ રહેતાં હતાં. તેમનાં દ્વારા બાને સમજાવવાનું નક્કી કર્યું. અને આમ 'આધ્યાત્મિક મા' દ્વારા સગી જનેતાને સમજાવી. આખરે બાએ સંમતિ આપી.

## ધૂણીવાળા દાદાનાં દર્શને

આમ, કદાચ બધું જ છોડવાનો હુકમ આવે એવા વિચારથી જેટલી શક્ય તેટલી આર્થિક વ્યવસ્થા શ્રીમોટાએ કરી લીધી. તે વખતે હરિજન સેવક સંઘના એમના જવાબદાર સહકાર્યકર શ્રી પરીક્ષિતલાલ મજમુદાર નવસારી હતા. તેમને તાર કરી શ્રીમોટાએ બોલાવ્યા. તેમને બધો ચાર્જ સોંપી દીધો. 'હરિજન

સેવક સંઘ'માંથી રાજીનામું આપી દીધું. શ્રી પરીક્ષિતભાઈએ એમને ખૂબ સમજાવ્યા, 'આવાં ગાંડાં ન કાઢો. મા, વિધવા ભાભી, તેનાં છોકરાં, બે નાના ભાઈઓ એ બધાંને કોઈ પણ જાતના આધાર વિના અહીં રઝળતાં છોડી જવાં યોગ્ય નથી.' પરંતુ શ્રીમોટા એકના બે ન થયા. ઊલટું આવું દુર્ઘટ કહેવાય એવું કામ એમણે ખૂબ ઉમળકાપૂર્વક કર્યું. આમ, શ્રી બાળયોગીજી મહારાજે કહેલા અર્થમાં સાચેસાચી અને પૂરેપૂરી તૈયારી કરી લીધી. સાંઈખેડા જવા રવાના થઈ ગયા. ત્યાં જઈને એક ધર્મશાળામાં મુકામ કર્યો. શ્રીમોટાએ નાહીધોઈને ગુરુમહારાજ પાસે ચરણમાં માથું મૂકી દીધું. આસપાસના લોકો બોલી ઊઠ્યા, 'અલ્યા ! ખસી જા ! ખસી જા ! દાદા તારું માથું ફોડી નાખશે.' દાદા દંડૂકો મારી બેસતા. આથી, બધા લોકો તેમનાથી ડરી ડરીને દૂર ભાગતા એમ શ્રીમોટાને ત્યારે જ ખબર પડી. જોકે એમણે શ્રીમોટાને તો તે વેળા પોતે કશું કર્યું નહિ.

ધોમધખતા તાપમાં પથ્થર ઉપર જ તદ્દન નગ્નાવસ્થામાં એક-એક મણ લાકડાંની ધીકતી ધૂણી પાસે ભક્તોએ ચડાવેલ ઢગલાબંધ આકડાનાં ફૂલના હાર ગળામાં પહેરીને ધૂણીવાળા દાદા બેસી રહેતા. શરીરધારી હોવા છતાં શરીરથી અતીત હોવાનાં લક્ષણો પ્રગટ કરતી આ આડકતરી રીત હતી. (આકડો અતિશય ગરમ. એનાથી સામાન્ય સંજોગોમાં પણ ચામડી પર ફોડલી પડે.)

## જુગુપ્સિત વર્તનનું રહસ્ય

શ્રીમોટા દરરોજ ધૂણીવાળા દાદાની બેઠક પરથી પાંચસાત ફૂટ દૂર બેસી રહેતા. દાદા તો યદ્વાતદ્વા અને કેટલીક વાર તો કાનના કીડા ખરી પડે એવી બીભત્સ વાણી પણ બોલે. શ્રીમોટાને મનમાં એક પ્રકારની ઘૃણાની વૃત્તિ પણ જાગી અને નડિયાદ

પાછા ફરવાનું મન થયું, પરંતુ તરત શ્રીબાળયોગી મહારાજની અનુપમ ભાવલીલાનું દર્શન યાદ આવ્યું. કોઈક દિવ્ય ગૂઢ શક્તિ શ્રી બાળયોગીમાં પ્રત્યક્ષપણે જીવંત છે એવો અનુભવ એમણે કરેલો હતો. એટલે 'આવા સમર્થ શ્રી બાળયોગીના જે ગુરુ છે તે તો વળી કેવાય સમર્થ હશે.' આવું મનમાં વિચાર્યું. ત્યાં તો બેચાર ગાળ ચોપડીને કોઈને ખબર ન પડે એ રીતે ધૂણીવાળા દાદા શ્રીમોટાને ઉદ્દેશીને બોલ્યા, 'હું બોલું ત્યારે મારી સામે લોકોનું જે ટોળું ઊભું છે, તેમનામાંથી જેમના મોઢા પર ફેરફાર થાય તે નીરખવા અને તે માણસોને યાદ રાખીને તેની પાછળ પાછળ જઈ તેમને બધી વાત પૂછવી.' શ્રીમોટાએ એ પ્રમાણે દરરોજ પાંચસાત જીવોને નિહાળવાનું અને મળવાનું શરૂ કર્યું. આથી, શ્રીમોટાને ખાતરી થઈ કે દાદા જેવું બોલતા તેવું પ્રત્યક્ષ તે જીવોના જીવનમાં અક્ષરશઃ બધું બનતું. લોકો માંહોમાંહે જે ગાળો દેતા હોય તે જ ગાળોનું ઉચ્ચારણ તેઓ કરતા. સારું કે નરસું જે પ્રમાણે હોય તે જ પ્રમાણે બોલતા.

## દાદાની સર્વવ્યાપકતા

રાજામહારાજા, રાણી, વિદ્વાન, નર્તિકા, સટ્ટાવાળા, બાધાઆખડી રાખનારા અને સ્વાર્થપરાયણ લોકો પણ પોતાની ઈચ્છા ફળાવવાને દાદા પાસે આવતા. સાધુ, સંન્યાસી અને રોગીઓ પણ આવતા. ગુરુમહારાજ બધાં સાથે નિઃસ્પૃહતાથી રહેતા. શ્રીમોટા ત્યાં હાજર હતા તે કાળે એકવાર દાદા કોઈક રાજામહારાજાના અંગ્રેજ સરકાર સાથેના સંબંધો વિશે બોલબોલ કરતા હતા. અને રાજાઓ અંગ્રેજોને સંતોષ પમાડવા કેવી કેવી ગંદી રીતો અજમાવતા તેનું યથાવત્ વર્ણન કરી ઉઘાડી પાડતા હતા. એકાદ કલાક પછી ઇંદોરના પાટવીકુંવર આવી પહોંચ્યા.

તેમણે દાદાને ચરણે ધરેલી, સોનાચાંદીના સિક્કા ભરેલી ચાંદીની બે થાળોને દાદાએ લાત મારી ફેંકી દીધી અને તેના પર થૂંક્યા. રાજકુમારને ખૂબ ભાંડ્યો.

વેદના એક પ્રખર પંડિત ત્યાં વારેવારે આવતા. શ્રીમોટા હતા ત્યારે પણ એકવાર આવેલા. તેમના આવવાના થોડા સમય પહેલાં દાદાએ સંસ્કૃત શ્લોકો બોલવા માંડ્યા. પંડિતજી આવ્યા બાદ પાયલાગણાં કરી પ્રેમભાવથી સંસ્કૃત શ્લોકો બોલ્યા, આશ્ચર્યની બિના તો એ કે દાદા બોલેલા તે જ ક્રમાનુસાર પંડિતજી બોલ્યા. પાછળથી શ્રીમોટાએ પંડિતજી સાથે વાતો કરી ત્યારે જાણવા મળ્યું કે તેઓ વેદના કેટલાક શ્લોકોના અર્થઘટન બાબત મુશ્કેલી પડે ત્યારે દાદા પાસે આવતા. કોઈક વાર તરત તો કોઈક વાર દસબાર દિવસમાં એમને ઉકેલ મળી જતો. પંડિતજીએ કહેલું, ‘આને તો કોઈ જાણતું નથી આ તો સર્વવ્યાપી છે.’

## દાદાની રોગ હરવાની શક્તિ

દાદાનાં દર્શનથી અનેક રોગીઓના રોગ મટતા એમ મનાતું. શ્રીમોટાએ દસબાર દિવસ સુધી નોંધ રાખીને પૃથક્કરણ કરી તારવ્યું કે લગભગ ૩૦-૩૧ ટકા લોકોને સારું થતું. વળી, દરરોજ દાદા જેના વિશે બોલતા એવા પાંચસાત માણસોના પ્રસંગો પણ શ્રીમોટા તારવવાનું કરતા. આ બધું ગુરુમહારાજની દિવ્યશક્તિની સમર્થતાનું યોગ્ય ભાન પોતાની બુદ્ધિ પ્રગટાવવા તેઓ કરતા.

## શ્રીમોટાને દાદાનો હુકમ-સેવાનો મર્મ

ત્યાંના નિવાસના દસબાર દિવસ પછી એકવાર દાદાજીએ એક નાળિયેર લઈને જોરથી શ્રીમોટા તરફ ફેંક્યું. તે શ્રીમોટાના

કપાળમાં વાગ્યું અને ઢીમણું થયું. તેમણે પછી શ્રીમોટાને હુકમ કર્યો, 'તું તારે ઘેર ચાલ્યો જા. તું મારી પ્રાર્થના કરજે. જ્યાં છે ત્યાં કામ કર, પરંતુ આ જે દેશસેવાનું ગાંડું ઝનૂન છે તે તારે મૂકી દેવું પડશે. પ્રભુપ્રીત્યર્થે અને પ્રભુને માટે જ તારે કામ કરવાનું છે. બીજા કોઈને માટે નહિ. સેવાની વાત પણ તારે મૂકી દેવી. રાગદ્વેષથી સંપૂર્ણ મુક્તિ પામ્યા વિના કોઈને સેવાનો અધિકાર નથી.' એવો જ્ઞાનભક્તિપૂર્વકનો યોગ્ય અધિકાર પ્રાપ્ત કર્યા વિના જે લોકો સેવા કરવા નીકળી પડે છે, તેઓ સમાજનું કદી પણ કલ્યાણ કરી શકતા નથી. ભલેને રાગદ્વેષ ઘટાડવાના એકમાત્ર ઉચ્ચ આદર્શ કે હેતુથી સેવાના ક્ષેત્રમાં પડે, તેમનામાં પણ કોઈ આંતરિક શક્તિ જાગેલી હોતી નથી. તેવા પછી શી રીતે પોતાની વૃત્તિ સંયમમાં લાવી શકવાના ? એવા લોકોને પોતાના જીવનના ધ્યેયનું કશું નિશ્ચિતપણું, દૃઢતાથી, મક્કમતાથી પ્રગટેલું હોતું નથી. કયા હેતુથી કોને માટે સેવા કરીએ છીએ તેનું પણ પેલા લોકોને જ્ઞાનભાન હોતું નથી. આવા લોકો કેવી રીતે રાગદ્વેષ ઘટાડી શકવાના ? ઊલટાં તે તો સમાજમાં રાગદ્વેષ વધારશે. આપસ આપસમાં ભેદ વધારશે. ગાંધીજી અહિંસાની વાત કરે છે ખરા, પરંતુ ભગવાનને માર્ગે જનારા છે તેમને માટે તે હકીકત સાચી છે. એવા લોકોના દિલમાં અહિંસા ચેતનાત્મક રીતે સતત રમ્યા જ કરવી જોઈશે. પરંતુ સેવા કરનારના દિલમાં તે અહિંસા જીવતી જાગતી નથી. તેમના દિલમાં અહિંસા પરત્વેનું પૂરેપૂરું સભાનપણું મુદ્દલે હોતું નથી. નર્યા રાગદ્વેષથી ભરેલા છે. માટે, તારું મોં તે તરફથી ફેરવી લેવાનું છે. ભગવાન પરત્વે તારા હૃદયમાં અભિમુખતા જાગે તે તારા માટે ઘણું જરૂરનું છે.'

# શ્રીદાદાજીનું અંતર્યામીત્વ અને દૂરદર્શન

સાંઈખેડાથી પાછા આવી વૃષણના ક્ષય (T. B. of the testicles) માટે ડફીન હૉસ્પિટલ, વડોદરામાં સારવાર લેતા હરિજન સેવક સંઘના પોતાના સાથી મિત્ર શ્રી ભગવતપ્રસાદ પંડ્યાની ખબર લેવા શ્રીમોટા ગયા. વાતવાતમાં શ્રીમોટાએ તેમને તેમના રોગ માટે શ્રીદાદાજી પાસે જવાનું સૂચવ્યું. જો નહિ મટે તો આવવા જવાનું ગાડીભાડું આપવાનું કબૂલ્યું.

શ્રી ભગવતપ્રસાદ ત્યાં ગયા અને થોડા વખતમાં નીરોગી બન્યા, પરંતુ સાથેસાથે સર્વસ્વ ત્યાગીને શ્રીદાદાજીના સાંનિધ્યમાં સદાકાળ રહી ગયા. તેઓ પણ શ્રીદાદાજીની જેમ અવધૂત દશામાં જ રહેતા. શ્રીદાદાજી જ્યારે જ્યારે કંઈક શ્રીમોટા વિશે બોલતા તો તે શ્રી ભગવતપ્રસાદ લખી લેતા. નડિયાદના સ્મશાનમાં કે અન્ય ભયંકર એકાંત ખુલ્લી જગાઓમાં શ્રીમોટાને સૂવાનું થતું ત્યારે હૃદયના ઊંડાણથી સદ્ગુરુ શ્રીદાદાજીની પ્રાર્થના કરતા. પ્રભુકૃપાથી તે પ્રાર્થના સાંઈખેડામાં પોતાના સ્થાન પર બેસી ગુજરાતી ન જાણતા ગુજરાતીમાં ગાતા અને કહેતા, 'જુઓ આ છોકરો કેવી પ્રાર્થના કરે છે ! એની પ્રાર્થનામાં કેટલો બધો ગદ્ગદ ભાવ છે ! અને એના ભાવના કારણે જ તેની પ્રાર્થના મારાથી સંભળાય છે.' શ્રીમોટાની મુલાકાત વખતે શ્રી ભગવતપ્રસાદ તે પ્રાર્થના બતાવતા. એક અક્ષરનો પણ ફેર પડતો નહિ. તેમાંનું એક ભજન 'શરણચરણમાં રાખે રે, પાવલે લાગું.' એ આજ પણ સાબરમતી આશ્રમની બહેનો પ્રાર્થનામાં ગાય છે.

પ્રથમ મુલાકાત વેળા શ્રીદાદાજી તે કાળે શરીરધારી મુક્ત પુરુષો વિશે, 'સાંઈબાબ હું પોતે જ છું.' 'ઉપાસની હું પોતે જ છું.' 'હું તાજુદ્દીનબાબા છું.' 'હું અક્કલકોટનો સ્વામી છું.'

એવું બોલતા. શ્રીમોટાને આ પરત્વે સંશય જાગેલો કે આવું કેવી રીતે શક્ય બને ? પરંતુ ઘણા કાળ બાદ સાધનાની દૃઢ પરિપક્વ દશામાં શ્રીમોટાને આ બધા મહાપુરુષો પ્રત્યક્ષ દર્શન દેતાં, ત્યારે તેમના હૃદયપ્રદેશમાં જોતાં શ્રીમોટાને શ્રીદાદાજીનું જ દર્શન થતું. ત્યારે પેલા સંશયનું નિરાકરણ થયેલું. આ બધાએ પણ એક અગર બીજા પ્રકારે સાધનામાં ધક્કો મારેલો.

## નગ્ન અવધૂત - શ્રીઉપાસની બાબાનું આગમન

એકવાર મરીડા ભાગોળમાં આવેલા હરિજનવાસમાં જઈને પૂજ્ય શ્રીમોટા વિદ્યાર્થીઓને હાકલ કરતા હતા, ત્યારે એક ભાઈએ આશ્રમની પાછળના ખેતરમાં પડેલા નગ્ન માણસની ખબર આપી. 'નગ્ન રહેવાની તાકાત કાં તો ગાંડામાં કાં તો અવધૂતમાં હોય.' એમ વિચારી શ્રીમોટા ઘરે જઈ નાહી, ધોયેલાં કપડાં પહેરી, લોટો અજવાળી, બશેરેક દૂધ લઈ, નગ્ન માણસ પાસે આવ્યા અને પ્રેમભક્તિપૂર્વક નમસ્કાર કરી દૂધ અંગીકાર કરવાની કૃપા યાચી. તે અવધૂત તો દૂધ ગટગટાવી ગયા અને પડ્યા રહ્યા, 'આ કોઈ અવધૂત કોટિનો આત્મા હોવો જોઈએ.' તેવા અનુમાનનું સ્ફુરણ થતાં જ શ્રીમોટાના દિલમાં ભાવોર્મિ પ્રગટવા માંડી. શ્રીમોટાએ સાધનામાં આગળ વધવા માટે શક્તિ, ભાવસામર્થ્ય અને તમામ કરણોની શુદ્ધિ પ્રેરી એકધારી અતૂટ સાધના ચાલ્યા કરે એવી મનથી મનમાં પ્રાર્થના કરી. સાંજે છ વાગ્યે તે અવધૂતે પોતાને મુસલમાનને ઘેર લઈ જવા શ્રીમોટાને જણાવ્યુ,. પણ આવી નગ્નાવસ્થામાં કેવી રીતે લઈ જવા ? તરત જ શ્રીમોટાને મરીડા ભાગોળના લત્તામાં રહેતા યુનાની હકીમ સાહેબ યાદ આવ્યા. તેમની સાથે **'અસ્સલામો અલયકુમ્'** કરવાનો નાતો હતો. તેમને આ ઓલિયા અંગેની બધી હકીકત જણાવી. હકીમ સાહેબે પોતાની

ઉપરની મેડી પર ઓલિયાને રાખવાની અનુમતિ આપી, પરંતુ કંઈક થાય અને અડધેથી ઓલિયાને કાઢી મૂકવા ન પડે તેની જવાબદારી શ્રીમોટાને પોતાને માથે લેવી પડી.

## ઓલિયાની સેવા

શ્રીમોટાએ બે હાથ જોડી પ્રાર્થના કરીને ઓલિયાના શરીરે ગૂણપાટનું કપડું વીંટવાની રજા લીધી. અંધારું થતાં પડદા પાડેલી ઘોડાગાડીમાં ઓલિયાને બેસાડી હકીમ સાહેબની મેડીએ લઈ આવ્યા. ભારે હૃષ્ટપુષ્ટ શરીર છતાં આશ્ચર્યચકિત કરી મૂકે એવી સ્ફૂર્તિથી તે ઓલિયા મેડી પર ચડી ગયા. શ્રીમોટાએ ઓરડો સાફ કર્યો. માટલી લાવી પાણી ભર્યું. બેસવા ગાદી બનાવી. ઈંટો અને ધૂળ ભરેલાં શકોરાં લાવી મળમૂત્ર વિસર્જનની પણ વ્યવસ્થા કરી. ઘેરથી બાજરીના રોટલા, શાક અને દૂધ લાવી પ્રસાદ ધર્યો, પરંતુ તેમણે તેને આરોગી હાથ મોં ધોયાં નહિ. એટલે શ્રીમોટાએ અંગૂછો ભીનો કરી લૂછી લીધાં. રાત્રે બીતાં બીતાં શરીર દબાવી સેવા કરી. સવારે દાતણ કે મોં સાફ કરવાનું પણ એમણે ન કર્યું. વળી, માટી ભરેલાં શકોરાંમાં તેઓ મળમૂત્ર વિસર્જન કરતા નહિ. મેડી પર ગમે ત્યાં કરતા અને ધોતા પણ નહિ. આ બધું ગંદું શ્રીમોટા પોતાના હાથેથી સાફ કરતા અને લીંપી લેતા.

## હાજત પર કાબૂ

આ ઓલિયા બાબતમાં એક આશ્ચર્યજનક ઘટના એ જોવા મળી કે તેઓ જમતા, પાણી પીતા છતાં ચારેક કે તેથી વધુ દિવસ સુધી મળમૂત્ર ત્યાગની ક્રિયા બંધ હતી. છતાં શરીરને અસ્વસ્થતા અને બેચેની ન હતી. ઊલટું તેઓ સ્વસ્થ અને શાંત હતા. ઓલિયાને શ્રીમોટા સાથે બોલવાનું ભાગ્યે જ થતું.

શ્રીમોટા તો પ્રથમ દિવસની મુલાકાતથી જ હંમેશ પ્રાર્થનાભાવમાં જીવંત રહેવાનું રાખતા, પરંતુ શ્રીમોટાની ગેરહાજરીમાં હકીમ સાહેબ સાથે ઘણી વાતો થતી અને હકીમ સાહેબના કહેવાથી જ શ્રીમોટાને ખબર પડી કે આ તો સાકુરીના શ્રીઉપાસની બાબા હતા. દસબાર દિવસ બાદ જતા રહેવાનું કરતા હોવાથી શ્રીમોટા તેમને માટે ઘોડાગાડી લઈ આવ્યા અને ઉત્તરસંડાના માર્ગે તેમને ઉતારી પગે લાગ્યા.

## હુકમપાલનનો શરતી સ્વીકાર

થોડુંક ચાલ્યા પછી શ્રીઉપાસની બાબા શ્રીમોટાને કહે, 'તું મારી સાથે ચાલ !' શ્રીમોટાએ કહ્યું, 'મળેલી પરિસ્થિતિ, મળેલા સંજોગો અને તેના પરત્વે પ્રગટેલા ધર્મનું પ્રભુપ્રીત્યર્થે યથાયોગ્ય રીતે પ્રેમભક્તિથી પાલન કરવું એને હું તો પ્રત્યક્ષ ધર્મ માનું છું. આમ છતાં આપ જો મને સાધનામાં આગળ વેગ પ્રાપ્ત કરાવવાનું દાન આપો તો હું આવું.' ત્યારે ઓલિયાએ શ્રીમોટાને પોતાના સ્થાનકે એટલે કે સાકુરી આવવાનું જણાવ્યું. શ્રીમોટાએ ત્રણ શરત રજૂ કરી : (૧) સાધનાનો હેતુ ફલિત કરાવવાની કૃપા થાય, (૨) એકમાત્ર શ્રીઉપાસની બાબાનું દર્શન થયાં કરે, (૩) સાકુરી સુધી જવા આવવાનું ભાડું અણધાર્યું કોઈકની પાસેથી મળી જાય.

## શ્રીઉપાસની બાબાનું કૃપા તેડું

કેટલોક સમય વીત્યે શ્રીમોટાને બારડોલીના સત્યાગ્રહમાં જવાનો પત્ર મળ્યો. તે જ દિવસે ઓચિંતું વારંવાર શ્રીઉપાસની બાબાનું જ દર્શન થવાં લાગ્યું. તે જ દિવસે શ્રીમોટા મરીડા ભાગોળ તરફ 'વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ?' એ ભજન ગાતાં ગાતાં જતા હતા. એક સદ્‌ગૃહસ્થે ઘણા દિવસથી

જન્મેલા ભાવને કારણે શ્રીમોટાના હાથમાં રૂપિયા ૪૫/- મૂક્યા. વિધિની કેવી વિચિત્રતા ! થોડા દિવસ પહેલાં એ જગ્યાએ એક વૈષ્ણવ ગૃહસ્થે એ જ ભજન સાંભળતાં પોતાની મશ્કરી કરે છે, એમ સમજી શ્રીમોટાને એક ધોલ મારી હતી. કેવી કુદરતની કરણી ! જે ભજન માટે સજા તે જ ભજન માટે કૃપાવૃષ્ટિ !

## સાકુરીનો અનુભવ-શ્રીઉપાસની મહારાજની કરામત

તમામ શરતો પરિપૂર્ણ થતાં સાકુરી જવાનું પાકું થઈ ગયું અને શ્રીમોટા સાકુરી પહોંચ્યા પણ ખરા. શ્રીઉપાસની મહારાજ તે વખતે લાકડાના મોટા પાંજરામાં જ બેસી રહેતા. શ્રીમોટા નાહીધોઈને તેમને પગે લાગ્યા. તેમની આજ્ઞાથી તેમની પાસે બેઠા અને પોતાના સાધનમાં લગાતાર મંડી પડ્યા. પાંચછ કલાક બાદ લઘુશંકાની વૃત્તિ થઈ, પરંતુ ઊઠી શકાય જ નહિ. પગ અકડાઈ ગયા એમ માનીને ખૂબ હલાવી જોયા. તે તો બરબાર હાલતા ચાલતા હતા. એ જગામાં માત્ર બેત્રણ ફૂટ જ આમતેમ ખસી શકાયું, પરંતુ ઊભું થઈ શકાતું ન હતું. કમ્મરમાં કશું દુઃખતું ન હતું. શરીરની સ્વસ્થતા બરાબર લાગતી હતી. શ્રીમોટા તો પ્રાર્થનાના ભાવમાં સરી પડ્યા. એટલે બીજા બે કલાક પસાર થઈ શક્યા. પછી તો અસહ્ય થયું. છતાં ધ્યાનસ્થ દશામાં બીજો અર્ધો કલાક ખેંચાયો. ધ્યાનમાંથી જાગતાં જબરજસ્ત લઘુશંકાની વૃત્તિ જન્મી પણ ફરીથી પ્રાર્થનાભાવે સ્મરણ, ધ્યાન વગેરે કરતાં ધ્યાનમાં જ એમ સૂઝી આવ્યું કે, ‘આ તો શ્રીઉપાસની મહારાજની કરામત છે.’

## દેહશુદ્ધિ

આ સૂઝ પેદા થતાં તે સ્થળે લઘુશંકા કરવાનો સંકોચ જતો રહ્યો. ખૂબ મળમૂત્રનો ત્યાગ થવા લાગ્યો. ચારેક ફૂટ જેટલી

આસપાસની જગામાં મળમૂત્રની પથારી થઈ ગઈ. પાંચ દિવસ સુધી કંઈ પણ ખાવાનું કે પીવાનું પાણી મળેલું નહિ. છતાં એ સ્થિતિ કાયમ રહી અને પુષ્કળ મળમૂત્ર નીકળ્યા જ કર્યું. લોકો ગુસ્સે થઈ દૂરથી ઢેખાળા મારતા. શ્રીઉપાસની બાબા આ બધો ખેલ સાક્ષીભાવે જોયા કરતા, પરંતુ પૂજ્ય ગોદાવરીમા જેમની ઉંમર તે વખતે તેરચૌદ વર્ષની હતી, તે લોકોને સમજાવીને, વારીને, શ્રીમોટાને બચાવવા પ્રયત્ન કરતાં. આમ છતાં શ્રીમોટાની મનાદિકરણની સમાધિના ભાવમાં સહેજ પણ ભંગ પડતો નહિ. પાંચ દિવસના અંતે શ્રીઉપાસની મહારાજે ગરમ પાણી મંગાવી શ્રીમોટાને પિવડાવ્યું. બીજા બેત્રણ દિવસ એ જ મળમૂત્ર વિસર્જનનો કાર્યક્રમ ચાલ્યો. ત્યાર બાદ શ્રીબાબાએ શ્રીમોટાને સૂકા રોટલાનો ટુકડો આપ્યો. કુલ અગિયાર દિવસ સુધી આવી સ્થિતિમાં રહેવાનું થયું. ત્યાર બાદ શ્રીમોટાને ઓચિંતું એમ લાગ્યું કે હવે ઊઠી શકાશે એટલે ઊઠ્યા. ગંદાં કપડાં દૂર કર્યાં. શરીરને સાફ કર્યું. પણ તે ક્યાં, કેવી રીતે તે બિલકુલ યાદ રહ્યું નહિ. પછી પાવડો, ભીનું કપડું અને પાણીથી બધી જગ્યા અર્ધ બેભાન અવસ્થામાં જ સાફ કરી. બજારમાંથી સુખડનું તેલ લાવીને જગા પર સારી રીતે છાંટ્યું. પછી શ્રીઉપાસની બાબા પાસે શ્રીમોટાએ નડિયાદ પાછા ફરવાની રજા માગી. શ્રીબાબાએ અર્ધા કલાક પછી સંમતિ આપતાં કહ્યું, 'હવે તારી આ સ્થિતિ કાયમ જીવંત રહેશે.'

## શ્રીઉપાસની બાબામાં શ્રીધૂણીવાળા દાદાનું દર્શન

સાકુરીમાંના બધા સમય દરમિયાન શ્રીમોટા તો શ્રીઉપાસની બાબામાં પોતાના ગુરુમહારાજ શ્રીધૂણીવાળા દાદાજીનો જ ધ્યાનભાવ રાખતા. એટલે જ ત્યાં એમને શ્રીઉપાસની બાબામાં શ્રીધૂણીવાળા દાદાનું પ્રત્યક્ષ જીવતું જાગતું

દર્શન થયેલું. આવી રીતે ગુરુમહારાજ જ્યારે બધા જ મુક્ત પુરુષો માટે ‘હું જ છું’ એમ બોલતા તે વખતે જ સંશય જાગેલો તેનું નિરસન થયું. શ્રીધૂણીવાળા દાદાનાં વચનોની યોગ્ય સાર્થકતા સમજાઈ.

## દૃઢ થતી જતી સાધના

આમ, છ વર્ષનો નડિયાદનો ગાળો શ્રીમોટા માટે સાધનામાં સ્થિર અને એકરસ થવા માટે ઘણો ફળદાયી નીવડ્યો. સાધનાનું કર્મ પ્રાપ્ત થયું ત્યારથી શ્રી બાળયોગી મહારાજના આદેશાનુસાર શ્રીમોટા ભાગ્યે જ ઘરમાં સૂતા હશે. ભયંકર જગાઓ હોય ત્યાં કે સ્મશાનમાં જઈને રાતવાસો કરતા. ત્યાં શય્યા તો ‘ભૂમિતલ’ જ હતી. શરૂ શરૂમાં તો પીવાનું પાણી પણ ન મળે. નડિયાદના સંતરામ મંદિર પાછળના સ્મશાનમાં લાકડાં સાચવવા એક ડોશીમા રહેતાં હતાં. તે રોજ માટલી ભરી રાખતાં. સૂવાની જગા વાળી રાખતાં. કડકડતી ઠંડીમાં કે મુશળધાર વરસાદમાં શ્રીમોટાનો આ રાત્રિનો સ્મશાનવાસ ચાલુ જ રહેતો હતો. એની પાછળ જનસમૂહના કોલાહલથી દૂર શાંત જગાએ સાધનાનું કામ શાંતિથી અને આનંદથી થઈ શકે તે મુખ્ય હેતુ હતો. અભય, સાહસ, હિંમત, શૌર્ય, અંતર્મુખતા અને એકાગ્રતા જેવા ગુણોનો વિકાસ એ એની આડપેદાશ હતી.

## બોકડની બાવળી

નડિયાદમાં તે કાળે અનેક ગુનાઓની જનેતા એવી ભયંકર ગીચ બાવળીવાળી બોકડની જગા હતી. અનેક ચોરો ત્યાં એકત્ર થતા. કેટલાકને તો શ્રીમોટાની ત્યાંની હાજરી સતાવતી. તેઓ મારી નાખવાની ધમકી પણ આપતા. આમ, પ્રભુકૃપાથી શ્રીમોટાને અભય કેળવવાનો સુયોગ પ્રાપ્ત થતો જતો હતો.

## સત્સંગ

નડિયાદના સંતરામ મહારાજના મંદિરમાં અનેક સાધુ મહાત્માઓ પધારતા. તેમનો સત્સંગ કરવાનું શ્રીમોટા ચૂકતા નહિ. એટલું જ નહિ, તેમની સેવા પણ કરતા. પોતાની સાધનાની મુશ્કેલીઓ, ગૂંચો કે કોયડાઓના સમાધાન માટે શ્રીમોટા પ્રાર્થનાભાવ ધારણ કરી તેમની પાસે બેસતા અને પ્રભુકૃપાથી સમાધાન મેળવી શકાતું.

## એકાંત સ્થળોમાં સાધના

સેવાના ક્ષેત્રમાં કામ કરતાં શ્રીમોટાએ એક પણ ફાલતુ રજા ભોગવી નથી. રવિવારે પણ કામ કરતા, પરંતુ વર્ષમાં એકવાર એક મહિનાની લાંબી રજા લઈને ક્યાંક એકાંત, નિર્જન, જળાશયવાળા, વસ્તીથી દૂર અને કુદરતી સૌંદર્યથી ભરપૂર એવા સ્થળે સાધના માટે ચાલ્યા જતા. ઘણી વાર આ સ્થળો એમના ધ્યાનમાં દેખાતાં અને એ પ્રમાણે જવાનું નક્કી કરતા. ખાવાપીવાની ખટપટ ઊભી કરવામાં પડતા નહિ. ભૂખ લાગે તો જળાશયનું પાણી પી લેતા. ચારપાંચ દિવસ કે તેથી વધુ કડાકા થાય પણ ભૂખ ત્રાસ આપતી નહિ. એકવાર ચિત્રકૂટ નામના નિર્જન સ્થળે જવાનું થયું. ત્યાં એક બ્રાહ્મણ પંડિત રોજ ખાવાનું આપી જતા. બેની વચ્ચે કોઈ જાતની વાતચીત થતી નહિ, પરંતુ નીકળતી વેળા પંડિતજીએ શ્રીમોટાનું સરનામું લઈ લીધું હતું.

## મેલી વિદ્યાના ઉપાસકનો ભેટો

તે પ્રમાણે પંડિતજી એકવાર નડિયાદ આવી પહોંચ્યા. શ્રીમોટા સાથે પંડિતજી પણ રાત્રે સ્મશાનમાં સૂવા ગયા. તેમની વાત ઉપરથી અને જે સાધન કરતા તે ઉપરથી શ્રીમોટાને લાગ્યું કે પંડિતજી મેલી વિદ્યાના ઉપાસક હતા. પંડિતજીને એ

વિદ્યામાં છેલ્લું પગલું ભરવા અને પૂર્ણ સિદ્ધિ મેળવવાની વિધિઓ કરવા માટે પૈસાની જરૂર હતી. તેમણે શ્રીમોટાને ફાળો ઉઘરાવી આપવા કહ્યું. શ્રીમોટા જરાયે લોભાયા વિના અડગ રહ્યા અને કહી દીધું, 'અમારે એવી વિદ્યા સાથે કોઈ નિસ્બત નથી.' શ્રીમોટાએ તેમને અમદાવાદનું ભાડું આપી વિદાય કર્યા. આ પ્રસંગમાંથી પણ શ્રીમોટાએ તો પ્રેરણા જ લીધી. એમને મનમાં ઊગી ગયું કે 'જો મેલી વિદ્યાની સાધનાથી તેનો વિષય સાક્ષાત્ સાકારરૂપ ધારણ કરી શકે તો ભગવાન પ્રત્યેની ઊર્ધ્વગામી સાધનાનો વિષય કેમ સાકાર ન પામે ?' આ વિચારથી એમની સાધનાના અભ્યાસમાં વિશેષ આત્મવિશ્વાસ અને નવો પ્રાણ પ્રગટ્યો.

## ધૂંવાધાર વચ્ચે

આમ જ એકાંત સાધના માટે એકવાર નર્મદાજીના આ 'ધૂંવાધાર' નામના સ્થળે શ્રીમોટા ગયા હતા. સામાન્ય મનુષ્યનો જીવ તો તે ધોધના ભયંકર અવાજથી જ ગભરાઈ જાય. ધોધના ડાબા હાથને છેવાડે ગુફા જેવું હતું. તેમાં બેસીને સાધના કરવાનો હુકમ શ્રીમોટાને ધ્યાનમાં પ્રાપ્ત થયેલો. શ્રીમોટા તો ત્યાં જવા ઊપડ્યા. ત્યાં પહોંચતાં ખિસ્સું કપાઈ ગયું. પાસે પૈસા નહિ. ધૂંવાધારમાં બેસવા જવાની પૂર્વ તૈયારીનો પણ ખર્ચ કરવો પડે એમ હતો. એટલે જબલપુરના એક શેઠને ત્યાં વાસણ માંજવાનું અને કપડાં ધોવાંનું કામ થોડક દિવસ કર્યું. સમય પાકતાં ત્યાંથી નીકળી ધૂંવાધાર ચાલ્યા ગયા. એકવીસ દિવસ એ સ્થળે રહેવાનું થયું. શરૂઆતના પાંચછ દિવસ તો શ્રીમોટાને કડાકા જ થયા. પછી કોઈક ખોરાક લાવવાનું કરતું, અને દોરડાથી પાત્રને હાલમડોલમ કરાવી શ્રીમોટાના હાથની પકડમાં આવે તેવી રીતે મોકલતા. મળમૂત્ર વિસર્જન પણ ત્યાં જ કરવાનું રહેતું.

## અઘોર પંથની સાધના

આવી જ રીતે એક માસની રજા લઈ શ્રીમોટા મધ્યપ્રદેશ ગયા હતા. તે વખતે ઉપરથી દોરડે બાંધીને જ ઊતરાય એવા કુદરતી ખડકમાં પેદા થયેલા કૂવા જેવા ભાગમાં રહેવાનું થયું હતું. ત્યાં ચોવીસપચીસ દિન આહારપાણી વિના માત્ર મળ ખાઈને અને મૂત્ર પીને શ્રીમોટા રહ્યા હતા. આને અઘોર પંથની સાધના કહી શકાય. શ્રીમોટાને કોઈની પણ સૂચના વિના આપમેળે જ એમ કરવાનું સૂઝેલું. આશ્ચર્ય તો એ કે કંઈ પણ ખાધા વિના રોજેરોજ મળ નીકળ્યા જ કરતો. ઉત્કટ ભાવનાને લીધે એવી સાધના થઈ શકી. સૂગ-અસૂગ, સ્વાદ-અસ્વાદ, સુંદરતા-અસુંદરતા વગેરે દ્વંદ્વોથી પર થવા માટે અને પરસ્પર વિરોધી ગુણોમાં રમવાની મનની સ્થિતિ પેદા કરી સમતા પ્રાપ્ત કરવામાં આ વધુ મદદરૂપ નીવડે એ હેતુ હોઈ શકે. એનાથી મળશુદ્ધિ દ્વારા શ્રીમોટાના શરીરની સ્થિતિ પણ સારી થઈ હતી.

## લગ્નનો નિર્ણય

નડિયાદમાં આ રીતે સાધનાનો પંથ કપાતો જતો હતો ત્યારે એક સંસારી કર્મ શ્રીમોટાની સામે આવીને ઊભું. માતા સૂરજબાએ અને મોટા ભાઈ જમનાદાસે એમનો વિવાહ તો કરી રાખ્યો હતો. એમાં શ્રીમોટાની સંમતિની કોઈ જરૂર તેમને જણાઈ ન હતી. પરંતુ શ્રીમોટાને તો જીવનના આદર્શનું સભાનપણું જાગી ગયેલું હતું. એટલે ‘એ આદર્શ સાથે વિવાહનું સુસંગતપણું નથી.’ એવું શ્રીમોટાએ સાફ જણાવી દીધું હતું. પણ વડીલોએ કશું ધ્યાન પર લીધેલું નહિ. વાત વિસારે પડી તે એટલી હદે કે શ્રીમોટા તે હકીકત જાણે સાવ ભૂલી જ ગયા. ૧૯૨૬માં એ વાત પાછી તાજી થઈ. સૂરજબા પર ભારે દબાણ આવ્યું ત્યારે

એક દિવસ ગુસ્સે થઈ બોલ્યાં, 'અમારે તો સંસારમાં રહેવાનું છે. અમારાં કુટુંબ-કુળની આબરૂ જાય. જે માએ તમને ઉછેરવા બબ્બે મણનાં દળણાં-ખાંડણાં કર્યાં એવી માનું વચન તું પાળી શકતો નથી, તો તારા ગુરુનું વચન તું શું પાળી શકવાનો છે ?' માનાં આવાં વચન શ્રીમોટાને તીરની માફક સોંસરવાં ઊતરી ગયાં અને તેઓ પરણવા તૈયાર થયા. જાન અમદાવાદ સ્ટેશને ઊતરી ત્યારે ઘોડાગાડી ભાડે કરવાનું સૂચન થતાં શ્રીમોટાએ માને કહ્યું, 'મારી પાસે ઘોડાગાડીના પૈસા નથી.' આમ કહી સામાનની બૅગ માથે મૂકી વરરાજા તો ચાલવા માંડ્યા. મા સમસમી ગયાં અને વરઘોડો કન્યાને બારણે આવી ઊભો રહ્યો.

## લગ્નમંડપમાં સમાધિ

માહ્યરું બેઠું. હસ્તમેળાપ થયો. તેની સાથે જ વરરાજાના દેહમાં વિચિત્ર પ્રકારનું પરિવર્તન થયું. ધીરે ધીરે તેમણે શરીરનું ભાન ગુમાવ્યું. આંખો પલકારો માર્યા વિના સ્થિર બની. શરીર આખું ટટ્ટાર બની ગયું. દેહ નિષ્કંપ અવસ્થામાં આવી ગયો. આમ, શ્રીમોટા સમાધિમાં સરી પડ્યા. આવી સ્થિતિ એકબે કલાક રહી હશે. ભાનમાં આવ્યા ત્યારે માએ એનો ઉકળાટ ઠાલવ્યો : 'મેર મૂઆ ! અહીં પણ તેં તારો વેશ કાઢ્યો !'

કન્યા સતત બીમાર રહેતી હતી. લગ્નના દિવસે પણ તેને તાવ હતો. આથી, પ્રથમ દિવસે જ કન્યાને કાકા જોડે તેના પિયર વળાવી. ત્યાર બાદ માંદગીને કારણે તેને પિયરમાં જ રહેવાનું થયું. અને ત્યાં જ થોડા સમયમાં એ નિર્દોષ સૌભાગ્યવતી બાળા સ્વધામ પહોંચી. આજ્ઞાંકિત પુત્રે માતાની માગણી પૂરી કરી. માતાએ પુત્રને પરણાવવાનો લહાવો લીધો. ભગવાને ભક્તનો માર્ગ સરળ કરી આપ્યો. આમ, નિમિત્ત કાર્ય પૂરું થયું. ફરી જિંદગીભર પુત્રની આગળ લગ્નની વાત કરતાં માતાને કોઈએ સાંભળી નથી.

# દેવું ફેડવામાં હરિની સહાય

મોટા ભાઈની ક્ષયની બીમારી અંગે તથા પોતાના લગ્નપ્રસંગે થોડા થોડા કરીને શ્રીમોટાએ પોતાનાં સ્થિતિપાત્ર માસી પાસે પૈસા ઉછીના લીધેલા. આ દેવું ભરવાની તાણ તો એમના મન પર હતી જ. એ પણ ફેફરાના રોગાનું એક કારણ ખરું. દેવું ચૂકવાય નહિ. માસીની ધીરજ ખૂટી. સંસારી જીવ, એટલે એમણે ઉઘરાણી કરવા માંડી. શ્રીમોટા દરરોજ ભજન ગાતાં ગાતાં હરિજનશાળાએ જાય. રસ્તા વચ્ચે જ માસીનું ઘર. માસી સ્વભાવે આકરાં પણ ખરાં. દરરોજ શ્રીમોટાને બૂમ પાડી ઉઘરાણી કરે. શ્રીમોટા દરરોજ શાંતિથી 'પૈસા આપી દઈશ' એવું કહે. એકવાર માસી રસ્તા વચ્ચે આવી ઊભાં. ગમે તેમ બોલ્યાં. ભૂંડાબોલી ગાળો પણ ભાંડી. રસ્તા વચ્ચે ભવાડો થયો. શ્રીમોટા તો નતમસ્તકે સાંભળી જ રહ્યા. તમાશાને તેડું હોય ? લોકો તો એકત્રિત થયા. શ્રીમોટાએ માસીને પગે પડી ચાર દિવસમાં પૈસા આપવાની બાંયધરી આપી.

આ પ્રસંગની ચોટ શ્રીમોટાના હૃદય પર ભારે થઈ. હૃદય વલોવાયું. પોતાના હાથમાં કશું જ ન હતું. ત્યારે એકમાત્ર સહારો રામ હતો. એમણે હૃદયથી આર્તપોકારે પ્રભુને પ્રાર્થના કરવા માંડી. સંપૂર્ણ શરણાગતિથી 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે' એ ભજન ગવાયા કર્યું. આખો દિવસ એમ ચાલ્યું. હૃદયના ઊંડાણથી પ્રાર્થના થયા કરતી હતી. એક અચળ શ્રદ્ધા 'મારે વહાલે બધાંની લાજ રાખી છે તો મારી પણ રાખશે.' આખરે ભગવાનને ત્યાં નાખેલી ધા સંભળાઈ. ભગવાને આ વીસમી સદીના નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી. માસીની રકમ જેટલો મનીઑર્ડર ચારેક દિવસમાં જ મળ્યો. શ્રીમોટાની આંખમાં હર્ષાશ્રુ આવ્યાં. ભગવાનની હાજરાહજૂર

વાત સત્ય ઠરી તેનાં એ ભાવાશ્રુ હતાં. શ્રીમોટાએ માસીને એ રકમ પગે લાગીને આપી. માસીએ આત્મસંતોષ અનુભવ્યો કે ભવાડો ન કર્યો હોત તો આ રકમ ન આવત.

આ પ્રસંગથી 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે' ભજન એમને અતિ પ્રિય થઈ પડ્યું. આથી જ મૌનમંદિરમાં બેસનાર તથા મૌનમંદિરમાંથી બહાર નીકળનાર સાધકોને કરવાની પ્રાર્થનામાં આ ભજન અવશ્ય ગવાય છે.

## સર્પદંશ અને અખંડ નામસ્મરણ

પ્રાર્થના, સ્તવન, ભજનો, ધ્યાન, ધારણા, નામસ્મરણ આદિ સાધનો દ્વારા ભગીરથ પુરુષાર્થ કરવા છતાં શ્રીમોટા પોતાનું નામસ્મરણ દિવસના ૧૬ કલાકથી વધારી ન શક્યા. એને માટે ઈશ્વરકૃપા જ જરૂરી હશે એટલે સર્પદંશ દ્વારા એ કૃપા આવી.

ગાંધી-ઈર્વિન સંધિ વેળા ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના બોદાલ ગામે 'અંત્યજ સેવામંડળ' વતી આશ્રમ ખોલવાનું નક્કી થયું. તેના સંચાલક તરીકે શ્રી ચૂનીલાલ ભગત (પૂ. શ્રીમોટા) અને હેમંતકુમાર નીલકંઠની નિમણૂક થઈ. સરદાર વલ્લભભાઈના હાથે ઉદ્‌ઘાટન સમારંભ હતો. બધી તૈયારી પૂરી થયા બાદ એકાંતપ્રેમી શ્રીમોટા ઘોંઘાટથી દૂર ખેતરમાં સૂવા ગયા. થોડી વારે ચૂનીલાલ ભગતની શોધ કરતાં શ્રી ઠક્કરબાપા અને શ્રી શ્રીકાંત શેઠ પણ તેમની સાથે જઈને સૂતા. શ્રીમોટાને વચ્ચે રાખી એ બે જણા આજુબાજુ સૂતા. રાત્રે એક ઝેરી નાગ શ્રીમોટાના સાથળે કરડ્યો. શ્રીમોટાને મગજમાં ઝાટકો લાગતાં જ ગાંધીજીનું લખાણ સ્મૃતિપટ પર ઝબકી ગયું. 'સર્પદંશવાળી વ્યક્તિને દાકતરી વિજ્ઞાનની દૃષ્ટિએ બેભાન ન થવા દેવી જોઈએ. એને જાગૃત રાખવા માટે જો એને મારવામાં આવે તો તેને હું હિંસા ગણતો નથી.' આ લખાણની સ્મૃતિમાંથી શ્રીમોટાએ પોતા પૂરતી સૂઝ તારવી લીધી કે, 'સર્પદંશ થયો છે માટે મારે

કોઈ પણ હિસાબે સભાન-જાગૃત રહેવું જ જોઈએ.' એટલે એમણે 'હરિઃૐ'ના જપ મોટેમોટેથી શરૂ કરી દીધા. કોઈ કંઈ પણ પૂછે તેનો જવાબ જ શ્રીમોટા ન આપે. માત્ર જપ જ કર્યા કરે. શ્રી ઠક્કરબાપા તો અકળાઈ પણ ગયા. માત્ર લીમડો પિવડાવવાની વાત કરી ત્યારે શ્રીમોટાએ શ્રી પરીક્ષિતભાઈને કહ્યું, 'મને લીમડો કડવો નહિ લાગે, કારણ કે મને લીમડો ખાવાની આદત છે.' આજુબાજુનાં ગામોમાંથી સર્પ ઉતારનારાનો પણ ઉપયોગ કરી જોયો. પણ તેમાં નિષ્ફળતા મળી. એટલે શહેરમાં ડૉક્ટરને ત્યાં લઈ જવા ટૅક્સી લઈ આવવા માણસ મોકલ્યો. પૈસા વગર ગયેલ માણસ પાછો આવ્યો. આખરે આણંદમાં ડૉ. કૂકના દવાખાનામાં લઈ ગયા. આ બધું કરતાં બોતેર કલાક વીતી ગયા. ડૉ. કૂકે હોજરીમાંથી ઝેર કાઢી નાખ્યું. હોજરીમાંથી નીકળેલા પદાર્થનું લૅબોરેટરીમાં પૃથક્કરણ કરીને આવેલો રિપોર્ટ જોઈ ડૉ. કૂકે કહ્યું, 'આ છોકરો માત્ર ઈશ્વરના નામસ્મરણથી બચ્યો છે. ઝેર તો એવું કાતિલ છે કે ઈશ્વરકૃપા સિવાય બચી શકાય નહિ.' ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર મિશનરી ડૉક્ટર હતા એટલે જ તેમને આ સત્ય સમજાયું. આમ, અથાગ પ્રયત્ને પણ ૧૬ કલાકથી આગળ ન વધતું શ્રીમોટાનું નામસ્મરણ સર્પદંશથી સળંગ સાતત્ય સાથે અખંડાકારે પેદા થયું. આવી રીતે શ્રીમોટાને ૧૯૨૮ થી અજપાજપની સ્થિતિ પેદા થઈ. આ પ્રસંગને નવાજતાં પૂજ્ય શ્રીમોટાએ સર્પદંશને પોતા પર ઊતરેલી એક કૃપા ગણાવી છે.

## સેવા પણ સાધના માટે

આ જ બોદાલ આશ્રમમાં શ્રીમોટા વર્ગ લેતાં લેતાં અનેક વાર ધ્યાનસ્થ અવસ્થામાં આવી જતા અને મધ્યરાત્રિએ પણ રાયણના ઝાડની નીચે બેસી પોતાનું સાધન કરતા. આ બધું

શ્રી હેમંતકુમાર નીલકંઠે નિહાળ્યું છે. તે વિશે તેઓ શ્રીમોટાને પૂછતા ત્યારે, 'એવું એવું મને થઈ જાય છે.' એમ કહી વાતને વાળી લેતા. સાધનાની વાત એમણે કોઈને કરી નથી. સેવાકાર્ય પણ સાધના માટે છે એમ માની પ્રકૃતિ અને સ્વભાવને કેળવીને તેને સત્ત્વગુણની પ્રતિષ્ઠામાં પ્રગટાવવાને માટે જ શ્રીમોટાએ સેવાક્ષેત્ર સ્વીકારેલું. હેતુના જ્ઞાનભાન સાથે એકધારું જીવતીજાગતી ચેતનવંતી ભાવનાનું અનુશીલન અને પરિશીલન જ્ઞાનપૂર્વક થતું હોય તો જ સત્ત્વગુણની પ્રતિષ્ઠા જન્મી શકે. અને આવી સેવા તે જ સાચી સેવા. આથી જ શ્રીમોટા 'હરિજન સેવક સંઘ'ના સભાસદ પણ મટી ગયા હતા. અને કૉંગ્રેસના ચાર આનાના સભ્ય પણ થયા ન હતા.

## જેલયાત્રા પણ મૌનસાધના માટે

સત્યાગ્રહની લડતમાં આંદોલનો થયાં. બોદાલ આશ્રમ બંધ થયો. ઉપર્યુક્ત હેતુથી શ્રીમોટાએ ૧૯૩૦ની લડતમાં જેલયાત્રા સ્વીકારી. અભય કેવો અને કેટલો કેળવાયો છે તેનો અનુભવ કરવાના મુખ્ય હેતુથી શ્રીમોટા રાષ્ટ્રીય લડતમાં જોડાયા હતા. તરત કસોટીનો પ્રસંગ આવ્યો. બોરસદ પાસે દેવાણના ઠાકોરે ૧૯૩૦ની લડત દરમિયાન સ્વયં સેવકોને ઘેરીને માર્યા હતા. તે વેળા શ્રીમોટાએ હરિસ્મરણ કરતાં કરતાં લાઠીના ઘા ઝીલ્યા હતા, એક ડગલું પણ ખસ્યા ન હતા.

જેલમાં પણ એમની આ સાધનાની ગુપ્તતા પૂરેપૂરી જળવાતી. જેલમાં નિકટ રહેતી વ્યક્તિઓમાં બોરીઆવીવાળા શ્રી સુરેન્દ્રજી, ગૂજરાત વિદ્યાપીઠવાળા શ્રી વિઠ્ઠલદાસ કોઠારી અને બોચાસણવાળા શ્રી શિવાભાઈ હતા. તેમને પણ કદાચ ખબર ન પડી હોય કે ચૂનીલાલ સાધના જેવું કંઈ કરે છે. એટલી હદે શ્રીમોટા મૌન જાળવી સાધના કરવામાં મશગૂલ રહેતા.

# જેલમાં ત્રાટક

સાબરમતી જેલમાંથી એમની બદલી વીસાપુર જેલમાં થઈ. જેલના તોતિંગ દરવાજા સામે રાજદ્વારી કેદીઓની કતાર ઊભી હતી. દરેક કેદી વારાફરતી ડોકાબારીમાંથી અંદર જતો ત્યારે જેલનો દારોગો એમના પર ફટકા વીંઝતો. સાતમે આઠમે નંબરે ઊભેલા શ્રીમોટાને આ ફટકાના અવાજ સંભળાતાં જ એક સ્પષ્ટ આદેશ આપતો અવાજ સંભળાયો, 'તું ત્રાટક કર.' આજુબાજુ ઊભેલા શ્રી વિઠ્ઠલદાસ કોઠારી અને શ્રી શિવાભાઈને શ્રીમોટાએ પૂછ્યું, 'તમે કંઈ સાંભળ્યું ?' તેમણે ના પાડી. ફરીથી બે એક વાર અવાજ સંભળાયો. એટલે શ્રીમોટાએ પોતાના પ્રવેશ વેળાએ ઊંચું ડોકું કરી દારોગાની આંખમાં આંખ પરોવી એકીટસે ટગર ટગર જોયા કર્યું. લાકડી વીંઝાતી અટકી ગઈ. જમાદારે દારોગાને ગાળ દઈ દૂર કર્યો અને બીજાને મારવા કહ્યું. તેની પણ એ જ દશા. આથી, જમાદારે જેલરને વાત કરી. તે આવી બાબતમાં કંઈક સમજ ધરાવતો હતો એટલે શ્રીમોટાને બોલાવી સહાનુભૂતિપૂર્વક પૂછ્યું, 'તારી પાસે શી વિદ્યા છે ?' શ્રીમોટાએ કહ્યું, 'હું તો મારા ભગવાનનું નામ લઈ જાણું છું.' ત્યારે જેલરે પૂછ્યું, 'તો પછી આ બધી રાજકારણની ધાંધલધમાલમાં શીદને આવ્યો ?' શ્રીમોટાએ સહસા જવાબ વાળ્યો, 'આવા ઉલ્કાપાત અને ધમાલમાં પણ મારાં મનાદિકરણ વગેરે કશાથી લેપાયા વિના સમત્વ દાખવી શકે છે કે નહિ તેની કસોટી કરવા આવ્યો છું.' જેલરે પૂજ્ય શ્રીમોટાની શક્તિને પિછાણીને જેલવાસમાં ઘઉંની રોટી, ગોળ વગેરે મળે એવી નોંધ તેમના પત્રકમાં કરી. શ્રીમોટા તો એ રૅશન અન્ય કેદીઓને આપી દેતા અને પોતે તો 'સી' ક્લાસના કેદીઓને સમૂહમાં મળતો ખોરાક જ લેતા.

## સમસ્ત ગુજરાત હરિજનકાર્યની જવાબદારી

૧૯૩૨માં પૂજ્ય ગાંધીજીના યરોડાના ઉપવાસને અંતે પૂના કરાર થયો. આથી, શ્રી ઠક્કરબાપા પર 'હરિજન સેવક સંઘ'નું ભારે કામ આવી પડ્યું. તેમણે પોતાની અખિલ ભારતની ઑફિસનાં કામ માટે શ્રી પરીક્ષિતભાઈને મુંબઈ બોલાવ્યા. તે જ દિવસે પૂ. શ્રીમોટા જેલમાંથી છૂટીને મુંબઈ આવ્યા. હજુ ઘરે કોઈને મળવા પણ ગયા ન હતા. તોપણ એમણે પૂ. શ્રી ઠક્કરબાપાના કહેવાથી સમસ્ત ગુજરાતના હરિજનકાર્યને સંભાળવાની જવાબદારી 'હરિજન સેવક સંઘ'ના મંત્રી તરીકે લીધી.

## સૂપામાં શ્રીસદ્‌ગુરુ પ્રત્યક્ષ થયા

આખા ગુજરાતની હરિજન પ્રવૃત્તિમાં અનેક આશ્રમો અને શાળાઓનું સંચાલન કરવાનું હતું. દરેક સંસ્થાને આર્થિક મદદ પહોંચાડવાનું કઠિન કામ હતું. નવસારીના ગાયકવાડી હદમાં આવેલા હરિજન આશ્રમમાંથી ચાલતી રાજકીય પ્રવૃત્તિ પોલીસની આંખમાં હતી. તે બંધ કરાવવાની કડવી ફરજ શ્રીમોટાએ સાથીમિત્રો પ્રત્યે બજાવવાની હતી. શ્રીમોટા આ બધું પ્રાપ્તકર્મ પ્રામાણિકતાથી, વફાદારીથી અને નિષ્ઠાપૂર્વક કરવા માગતા હતા. બીજી બાજુ જીવનવિકાસની સાધના સાતત્યપૂર્વકની ઉત્કટ રહે એની સભાનતા રાખવાની હતી. આનો સુમેળ કેવી રીતે જન્માવવો તેને વિશે શ્રીમોટાને ખૂબ જ મથામણ રહેતી. તે અંગે દિલમાં દિલથી શ્રીસદ્‌ગુરુને પ્રાર્થના કર્યા કરતા. એવામાં વિદ્યાર્થીઓને લઈને સૂપા ગુરુકુળ નજીકના જંગલમાં જવાનું થયું. નદીની રેતમાં પડાવ હતો. વિદ્યાર્થીઓ છાવણીની આગળ પાછળ પહેરો ભરતા હતા. પડાવ આગળ ધૂણી સળગાવેલી હતી. પૂજ્ય શ્રીમોટા તો ધૂણી આગળ બેસી સુમેળ જન્માવવા અંગેના આંતરિક પ્રાર્થનાભાવમાં બેઠા હતા. ત્યાં સહસા જ

શ્રીસદ્‌ગુરુનાં દર્શન થયાં. દિલ એમને નમ્યું પણ ખરું. પરંતુ મન અને બુદ્ધિ ગળી ગયાં ન હતાં. એટલે સમાધાન મેળવ્યું કે આ તો પ્રેમભક્તિપૂર્વકનો અંતરનો ભાવ સાકાર થયો છે. ત્યાં તો શ્રીસદ્‌ગુરુ બોલ્યા, 'હે મૂર્ખ ! હું પ્રત્યક્ષપણે વાસ્તવિક રીતે હાજર છું અને તે તને ચેતવવા માટે કે હવે તું નિશ્ચિંત થઈ જા. તારું બધું જ ભગવાન ચલાવવાનો છે તેની તું ખાતરી રાખજે.'

## પ્રત્યક્ષ હાજરીનો પુરાવો

શ્રીસદ્‌ગુરુના અદૃશ્ય થયા પછી પણ શ્રીમોટાનાં મન, બુદ્ધિ વગેરે કંઈ શંકા પેદા ન કરે તેથી તેમણે પોતાની પ્રત્યક્ષ હાજરીના પુરાવામાં જમણા પગના અંગૂઠાથી કૂંડાળું કરી ત્યાં મૃત દેહ પડેલો છે એમ કહ્યું. વિવિધ જવાબદારી પરિપૂર્ણ થશે કે નહિ તેના વિશે શ્રીમોટાના મનમાં જે ગડમથલ જન્મેલી તે આ દર્શનમાત્રથી સંપૂર્ણપણે અદૃશ્ય થઈ ગઈ. પૂજ્ય શ્રીમોટાની મનબુદ્ધિને શંકા થતાં તેમણે વિદ્યાર્થીઓની પાસે કૂંડાળું શોધી કઢાવ્યું અને ત્યાં વીરડો ખોદાવ્યો. બે હાથ જેટલે ઊંડે પાણી નીકળ્યું અને પાણીની પણ એક ફૂટ જેટલે નીચેથી એક હોલાનું શબ મળ્યું. એ શબ પાણીમાં હોવા છતાં તદ્દન કોરું હતું !

## સાબરમતી આશ્રમમાં

ગુજરાતનું હરિજનસેવાના સંચાલનનું કાર્ય પૂજ્ય શ્રીમોટાના હસ્તે યથાયોગ્ય સ્વરૂપે થતું જતું હતું. એટલામાં શ્રી પરીક્ષિતભાઈને ફરી ગુજરાતમાં આવવાનું થયું અને શ્રીમોટાની સાથે સાબરમતી આશ્રમ જે હરિજન આશ્રમમાં ફેરવાયો હતો તેનો વહીવટ સંભાળવાનું અને વિસ્તૃત થયેલા 'હરિજન સેવક સંઘ'નું કામ સંભાળવાનું થયું. આ કારણે શ્રીમોટાએ વૃદ્ધ માતુશ્રી, વિધવા ભાભી તથા ભત્રીજાઓ સાથે સાબરમતી આશ્રમમાં નિવાસ કર્યો.

# હરિજન આશ્રમનું જીવન

આશ્રમમાં 'હરિજન સેવક સંઘ'નું કાર્યાલય શ્રીમોટા જ સંભાળતા. પત્રવ્યવહાર, કાગળિયાં, અરજીઓ મોકલવાનું જે કાંઈ હોય તે બધું જ પોતે હાથે જ કરતા. સાંજ પડતાં હિસાબો પૂરા કરી સિલક ગણવા બેસતા. આ બધું કરતાં કરતાં તેઓ ધીમે ધીમે સતત નામસ્મરણ કર્યા જ કરતા. તેમનો પોશાક પણ વિચિત્ર રહેતો. નાડાવાળી ચડ્ડી અને માથે ટુવાલ વીંટેલો રહેતો. શરીર તો મોટે ભાગે ઉઘાડું જ. કારણ કે સર્પદંશથી શરીરમાં ખૂબ અગન બળતી એટલે શરીરે કપડું બહુ સહન થતું નહિ. એ જ કારણે તેઓ સાબરમતી નદીમાં બેત્રણ વાર સ્નાન કરી આવતા. આ હકીકત હોવા છતાં પોશાકની બાબતમાં જાણીબૂજીને બાઘા દેખાવાની વૃત્તિ શ્રીમોટામાં હતી. જેથી લોકો એમની અવજ્ઞા કરે અને પોતાની સાધના ખલેલ વિના ગુપ્તપણે ચાલ્યા કરે. વળી, આવા બેહૂદા પોશાકથી લોકનિંદા અને લોકલજ્જાના ભયનો ત્યાગ કરવાની વૃત્તિ કેળવવા. પોતાના આવા વેશથી કોઈ પોતાના પ્રત્યે અવમાનની વૃત્તિ ધરાવે તો તેવી વ્યક્તિ પરત્વે પણ સદ્‌ભાવ પ્રગટાવવાની તક મળે. આ રીતે પૂજ્ય શ્રીમોટા પોતે અપમાનિત થવાના પ્રસંગો ઊભા થવા દેતા. તે વખતે એમનો હેતુ અપમાન થતાં ઉદ્‌ભવતી લાગણીમાં તટસ્થતા રાખી નિહાળી શકાય કે નહિ તે જોવાનો હતો.

પ્રેમનો ભાવ જન્મે ત્યારે કંઈ પણ વિચાર્યા વિના તે પ્રમાણે કરતા. એકવાર ૧૯૨૯-'૩૦ની સાલમાં શ્રીમોટાના દિલમાં ઊર્મિ થતાં, ઘરેથી પૈસા લઈ આવવાનો વિલંબ કર્યા વિના, માત્ર ચડ્ડી પહેરી ઉઘાડે શરીરે અર્ધનગ્ન જેવા પોશાકમાં નડિયાદથી નીકળી વગર ટિકિટે નવસારી આશ્રમમાં શ્રી હેમંતભાઈ નિલકંઠને મળવા ગયા હતા અને બધાંને છક કરી

દીધાં હતાં. જીવન્મુક્ત બન્યા પછી પણ દક્ષિણ ભારતના ત્રિચિમાં પ્રેમવિભોર બની એકવાર અર્ધનગ્ન દશામાં બહાર નીકળી પડ્યા હતા. કુંભકોણમ્‌વાળા ભાઈ હરિને ઉછેરવાનો તો વળી પ્રેમભર્યો ઇતિહાસ છે. એને માટે એકવાર ત્રિચિના ભરબજારમાં ઘોડો થઈ જવામાં પણ પૂજ્ય શ્રીમોટાએ સંકોચ અનુભવ્યો ન હતો. આવી હતી એમની સાધનાની વર્તનકળા !

## ત્યાગની પરાકાષ્ઠા

તે જમાનામાં-ગાંધીવાતાવરણમાં આશ્રમનું સ્થૂળ કર્મ, સમૂહ અને સમાજ ઉપર ખૂબ ઝોક મૂકવામાં આવતો. વ્યક્તિગત સાધન-ભજનનું એટલું મહત્ત્વ ન હતું. ગુરુભક્તિ, આધ્યાત્મિક સાધનામાર્ગ વગેરે પ્રત્યે સાશંકપણે જોવામાં આવતું. આખી રાત કોઈ વ્યક્તિ સાધનભજન કરે તેની અસર તેના દિવસ દરમિયાનના પ્રત્યક્ષ કાર્ય પર થાય જ એમ દૃઢપણે મનાતું. પૂજ્ય શ્રીમોટાએ રાતભર સાધન કર્યા છતાં દિવસે બીજાઓ કરતાં વધારે સારી રીતે પોતાનું કામ સમયસર, અતિ કર્તવ્યનિષ્ઠાથી, નિયમિતપણે, કરકસરયુક્ત અને ચીવટાઈથી કરી બતાવ્યું.

એટલું જ નહિ, પણ ‘હરિજન સેવક સંઘ’નો આર્થિક બોજો હળવો કરવા માટે આશ્રમની પડોશમાં રહેતા શ્રીમંત શેઠ રતિલાલનાં બાળકોને ટ્યૂશન આપી રૂપિયા બત્રીસથી પાંત્રીસ લઈ સંઘને ભેટ આપતા. ત્યાગની આ પરાકાષ્ઠા હતી.

## નમ્રતાની સાધના

કામની બાબતમાં શ્રીમોટા પ્રત્યે કોઈ આંગળી ચીંધી શકે એમ ન હતું. એમની સાધનાને કારણે શ્રીમોટાનું એક આગવું વ્યક્તિત્વ પેદા થયું હતું. બુદ્ધિથી ન સમજાય તે કદાપિ સાચું ન હોઈ શકે એવું માનનારા તેમની હાંસી, ઠેકડી, ઉપેક્ષા અને અવગણના પણ કરતા. પૂજ્ય શ્રીમોટાની વિશેષતા એ હતી કે તેમણે આ સ્થિતિનો પણ પોતાની સાધનામાં ઉપયોગ કરી લીધો.

હરિજન આશ્રમમાં શ્રીમોટાની એક વિશિષ્ટ સાધના હતી નમ્રતાની. કણના પણ કણ બની પોતાની જાતને ઓગળી જવા દેવા સુધીનું જ્ઞાનપૂર્વક નમ્રતાનું પાસું શ્રીમોટા સેવતા હતા. શ્રી પરીક્ષિતભાઈના જોડિયા મંત્રી હતા છતાં કારકુની કામકાજ જ કર્યા કર્યું. તે એટલી હદ સુધી કે ૧૯૩૩થી ૧૯૪૬ સુધી સાથે રહેનારને પણ ખબર ન પડી કે જોડિયા મંત્રી હતા. સતત રોજિંદા અનેક કામના પ્રસંગો હોવા છતાં ઘર્ષણ જેવી ગંધ કદી એમણે આવવા દીધી નથી. સંઘનાં કામના નિર્ણયો અંગે કદી વાંધો કે મતભેદ ઉઠાવ્યો નથી. સંઘમાં કામ કરતાં પણ તેમને હાડછેડ અને અન્યાયના અનેક અનુભવ થયા હતા. તેમની ઘણી બધી અવગણના થતી. જોડિયા મંત્રી હોવા છતાં કશાની ગણતરીમાં તેઓ ન હતા. છતાં આ બાબત અંગે પૂજ્ય શ્રીમોટાના દિલમાં કશું સંઘરાયેલું ન હતું. કોઈ કડવાશ ન હતી. તેઓ તો હસતા, ખેલતા, કૂદતા, આશ્રમના વાતાવરણમાં કિલ્લોલ કરતા અને તેમની ભજનની મસ્તીમાં રહ્યા કરતા. આવી નમ્રતાની સાધના તેઓ કરતા હશે તેવું ભાન ત્યારે કોઈને પણ ક્યાંથી હોય ! પૂજ્ય શ્રીમોટા માને છે કે 'નમ્રમાં નમ્ર અને ધૂળથી પણ ધૂળ છીએ એવો નિશ્ચય પ્રગટ્યા વિના અને તેવા બન્યા વિના આપણે કશું કરી શકવાના નથી.' શ્રીમોટાના મતે નમ્રતા એટલે પોતે કશું જ નથી, એકમાત્ર ભગવાન જ સર્વ કંઈ છે એવી નિષ્ઠાપૂર્વકની જ્ઞાનયુક્ત ભાવના.

## નમ્રતા કેવી રીતે પ્રગટે ?

પરંતુ આવી નમ્રતા પ્રગટાવવાની કેવી રીતે ? તે સાબરમતી આશ્રમમાં પૂજ્ય શ્રીમોટાએ પ્રત્યક્ષ આચરી બતાવ્યું છે. તેઓ કંઈ કરવાના હોય તો તે કોઈને પૂછીને જ કરતા. હા કહે તો તે કાર્ય કરતા. ના કહે તો ન કરતા. મૂત્રવિસર્જન

જેવી નાની બાબતમાં પણ આમ કરતા. કોઈ પણ પ્રકારનું અન્યનું સૂચન સ્વીકારી લેતા. એકવાર એમની વર્ષગાંઠે એમના બાલમિત્ર-શ્રી નરહરિભાઈના દીકરા મોહને મશ્કરીમાં ભેટ તરીકે એમના હાથમાં ધૂળ મૂકી. બધાંના આશ્ચર્ય વચ્ચે પૂજ્ય શ્રીમોટા એ પ્રેમથી ફાકી ગયા. કામ કરતાં કરતાં કુદરતી હાજતે જતા ત્યારે હરિજન કન્યાછાત્રાલયની બહેનો મશ્કરીમાં એમને કહેતી, 'ચૂનીભાઈ, જાજરૂ ન જશો, પાછા જાઓ.' ચૂનીલાલ જ્ઞાનભાન સાથે પ્રેમપૂર્વક પાછા વળતા અને હાજતે જવાનું બંધ રાખતા. શ્રીમોટા માને છે કે અનેક પ્રકારની સમજણો, માન્યતાઓ અને આગ્રહો પરત્વેનું જોશ ઘટ્યા વિના સાચી નમ્રતા પ્રગટતી નથી. તેથી પોતાની આગવી સમજને જરા પણ મહત્ત્વ આપ્યા વિના બીજાં બધાંની સલાહ-સૂચનાને પ્રેમભક્તિભાવે તેઓ સ્વીકારતા.

## 'એવા રે અમે એવા'

આવા વર્તનને કારણે શ્રીમોટા આશ્રમમાં ઘણી વાર હાંસીપાત્ર બનતા. ઘણા એમને બાઘા ગણતા. તે બાબતની શ્રીમોટાને કોઈ પરવા ન હતી. એકવાર એક ભાઈએ ચિડાઈને એમને 'ગધેડા' કહ્યું. તો શ્રીમોટાએ કાવ્ય લખી નાખ્યું, 'ખરેખર હું ગધેડો છું, કેમ કે ભગવાનને ભૂલ્યો છું.'

આશ્રમમાં કોઈએ એમને નવલકથા, કોઈ ધાર્મિક પુસ્તક કે વર્તમાનપત્ર વાંચતા જોયા નથી. રાજનીતિ કે સમાજસેવાની ચર્ચા કરતાં સાંભળ્યા નથી. કેટલાકે તો એમની આ વૃત્તિને 'કૂપમંડૂકતા' કહી ટપાર્યા પણ છે. પણ તેમને ક્યાંથી ખબર હોય કે પોતાની મનગમતી શોધની પાછળ મશગૂલ બનનાર વૈજ્ઞાનિકની જેમ અધ્યાત્મમાં પણ પૂર્ણ મશગૂલ થયા વિના આરો નથી ! સાધકે તો પોતાની જાતને સદંતર ભૂલી જવાની

છે. ઓગાળી દેવાની છે. એમણે ગીતા સિવાય અન્ય કોઈ શાસ્ત્રનું વાંચન નથી કર્યું. તે છતાં જીવન્મુક્ત બન્યા પછી આત્મજ્ઞાનને સહારે અનેક ગૂઢ શાસ્ત્રીય પ્રશ્નોના ઉકેલ માટે વેદવેદાંત જેવી ગહન ચર્ચા પણ સરળતાથી કરી શકે છે. 'એકને જાણવાથી બધું જાણી શકાય.' એ ઉપનિષદનું વાક્ય એમની બાબતમાં યથાર્થ ઠર્યું છે. અનેક વણખેડાયેલાં શાસ્ત્રોના રચયિતા એ બન્યા છે. આ બાબતમાં તેઓ એમની લાક્ષણિક ભાષામાં કહે છે, 'ભગવાને જ બોથડને વિદ્વાન બનાવ્યો.'

## સગુણ સાક્ષાત્કાર

ઉત્કટ પ્રકારની એકધારી નિરંતર સાધનાને પરિણામે પૂજ્ય શ્રીમોટાને મનની નીરવતા તો ૧૯૩૦ની આસપાસ જ લાધી હતી. તે વખતે નિદ્રા જૂજ આવતી. રાત આખી જાગૃત દશામાં રહેતા. દિવસે તો બારબાર કલાક 'હરિજન સેવક સંઘ'ની ઑફિસનું કામ કરવાનું રહેતું. ૧૯૪૩માં પૂજ્ય શ્રીમોટાને સગુણનો સાક્ષાત્કાર થયો. આ સાક્ષાત્કાર ગીતાના 'પુરુષોત્તમ'નો હતો. પૂજ્ય શ્રીમોટાના શબ્દોમાં જ એ અનુભવ જોઈએ : 'કૃષ્ણ બેત્રણ વાર જણાયા હતા. દર્શન થતાં હતાં તે કૃષ્ણ મુરલીધારી અને એવી રીતના નહિ. તેમ આ પાર્થિવ શરીરનાં તત્ત્વોનાં પણ નહિ. છતાં પરમ સૌંદર્યથી છલોછલ ભરપૂર અને અપાર તેજના અંબારથી ભરેલા કૃષ્ણનાં તે સદેહ દર્શન હતાં. બધું સૌંદર્યમય હતું. સૌંદર્ય જ સૌંદર્ય. અવર્ણનીય તે દર્શન હતું.'

'તે સ્વરૂપ એટલું ને એવું તો મનોહર અને હૃદયઆકર્ષક' હતું કે જેના આકર્ષણની તોલે બીજા કશાની પણ કલ્પના આવવી શક્ય નથી. તે મુલાયમ, અપારદર્શક, સ્ફટિક જેવું ખૂલતું, નીલવર્ણરંગી જીવંત દર્શન હતું. દર્શન સ્થિર ન હતું. રમતું, હાલતું, ચાલતું, પળમાં પાસે આવતું અને પળમાં થોડેક દૂર

પણ જતું લાગતું. તો વળી પળમાં શરીરની અંદર પણ પેસી જતું અનુભવાતું અને તે આધારાનાં જુદાં જુદાં મનાદિકરણોને સ્પર્શતું અને ત્યાં કંઈક સૂક્ષ્મ પ્રક્રિયા કરતું હોય એવું લાગ્યા કરતું. ક્યાંક તો તે અંદર પ્રવેશી તેનું સમારકામ કરતું પણ અનુભવાતું. ભ્રૂકુટિ કે બ્રહ્મરંધ્રના ભાગમાં પોતાને પ્રસ્થાપિત કરતું અને હૃદયમાં બિરાજેલું પણ અનુભવાતું હતું. સમગ્ર આધાર તપ્તવર્ણી અને પૂર્ણ પ્રકાશથી આલોકિત થયેલો જણાતો હતો. પોતે પોતાને અનુભવી શકાય તેવી ભૂમિકા પણ હતી. તો કોઈક પળોમાં તેનો વિસ્તાર પણ અનુભવાતો હતો. તો શ્રીકૃષ્ણનું અલૌકિક દર્શન એટલું તો અદ્ભુત, રોમાંચક, મુગ્ધ, સ્નિગ્ધ, કોમળ હતું કે ન પૂછો વાત ! સમગ્ર શરીર વજન વગરનું બની ગયેલું હોય એવું લાગતું હતું અને અધ્ધર ને અધ્ધર જ હોય તેવું પણ લાગતું. તેની અસર ચિરસ્થાયી સમગ્ર આધારમાં અને તેનાં કરણોમાં રહ્યા કરેલી અનુભવાયા કરેલી છે. અને તેની અસર તે પછીથી કૃપાથી ચિરસ્થાયી નીવડેલી છે.'

## ભીડભંજન ભગવાન

આ સગુણ સાક્ષાત્કાર પછીનાં કેટલાંક વર્ષો પૂજ્ય શ્રીમોટાએ હરિજન આશ્રમમાં જ પસાર કર્યાં. આ વખત દરમિયાન તેમના મિત્રો અને પ્રશંસકોનું જૂથ વધવા લાગ્યું અને તેને અંગે તેમને આશ્રમની બહાર કરાંચી વગેરે સ્થળે પણ જવાનું થતું. ભગવાનની સંપૂર્ણ શરણાગતિનું એ જીવન હતું. આ દિવસોમાં તેમના જીવનને ધન્ય કરે તેવા ભવિષ્યના સૂચક પ્રસંગો–સામાન્ય ભાષામાં જેને ચમત્કાર કહેવાય તે બનતા ગયા. 'નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે' પંક્તિ ભક્તના જીવન માટે સંપૂર્ણપણે યથાર્થ જ છે, એ દર્શાવતા કેટલાક પ્રસંગો પણ પૂજ્ય શ્રીમોટાના જીવનમાં બનવા લાગ્યા.

## બનારસ યુનિવર્સિટીના ફંડમાં ફાળો

ભારતીય સંસ્કૃતિને જીવંત રાખતી બનારસ યુનિવર્સિટીના નિભાવ માટે નાણાંની ટહેલ નંખાઈ. તેનાથી પૂજ્ય શ્રીમોટાના મનમાં એક પ્રકારની ઉત્તેજના પ્રગટી. કંઈક આપવાનું દિલમાં પ્રગટ્યા કર્યું. પણ પાસે એક પૈસો પણ નહિ. કંઈક કામ પ્રસંગે પૂજ્યશ્રી અને શ્રી હેમંતભાઈ નીલકંઠ શહેરમાં જતા હતા. ચંદ્રભાગા પુલની નજીક જમણે હાથે એક વૃક્ષ પાસે શ્રી હેમંતભાઈની અનુમતિ લઈને પૂજ્ય શ્રીમોટા લઘુશંકા માટે ગયા. ત્યાંથી ઊઠતાંવેંત એક કાગળિયા પર નજર પડી. પાસે જ ઊભેલા શ્રી હેમંતભાઈને બતાવતાં તેમાંથી બે સોનાની વીંટી નીકળી. કાગળમાં લખાણ હતું, 'આ તારા ઉપયોગ માટે છે.' એટલે એ વીંટી વેચી તેની રકમ બનારસ મોકલી આપી.

## શ્રી ઠક્કરબાપાની થેલીમાં ભેટ

૧૯૩૮માં શ્રીમોટાને ઝાડાનો રોગ થયો. સારવાર માટે વાડીલાલ હૉસ્પિટલમાં રાખ્યા. પણ ન મટતાં કરાંચી હવાફેર માટે ગયા ત્યાં તે રોગ મટ્યો. તે અરસામાં પૂજ્ય શ્રી ઠક્કરબાપાને ૭૦ વર્ષ પૂરાં થતાં પૂ. ગાંધીજીએ તેમને થેલી અર્પણ કરવા ફાળા માટે ટહેલ નાખી. એક બહેને પૂજ્ય શ્રીમોટાને વારંવાર કહ્યું, 'તમારે કંઈક આપવું જોઈએ.' તેથી શ્રીમોટાને પોતા વતી કંઈક આપવાની અભિલાષા જન્મી. બીજા પાસેથી લઈને આપવું તે યોગ્ય નહિ. ત્યારે શ્રી પરસદભાઈ*

---

* પૂજ્ય શ્રીમોટાને કાલોલમાં અભ્યાસમાં મદદ કરનાર શિક્ષક શ્રી ધનુભાઈ મહેતાના ભાઈ શ્રી પરસદભાઈને સૌ 'બાપુ' કહેતા. એઓ જાણીતા કવિ શ્રી નરસિંહરાવ દિવેટિયાના જમાઈ અને સિંધિયા નૅવિગેશન કંપનીમાં ઊંચે પદે હતા. કુટુંબ જેવા ઘનિષ્ઠ પરિચયને કારણે સ્વજનની જેમ જ એમને ત્યાં કરાંચીમાં પૂજ્ય શ્રીમોટા રહેતા.

સાથે કરાંચીના મેયર શ્રી ચાગલા સાહેબને ત્યાં જવાનું થયું. એમના ઘર સામે રસ્તા પર વીંટળાયેલો કાગળ નજરે પડ્યો તે લીધો. તેમાં પાંચ રૂપિયા હતા અને 'આ રકમ તારે મનગમતી રીતે વાપરવા માટે છે.' એવું લખાણ તેમાં હતું.

## સોનાની કંઠી - ભગવાનની પ્રસાદી

એકવાર પૂજ્ય શ્રીમોટાને પૈસાની ભયંકર ભીડ ઊભી થઈ. ભારેમાં ભારે તંગ સ્થિતિમાં પણ પૂજ્ય શ્રીમોટા ન તો કોઈ પાસે માગતા કે ન તો ભીડ ભાંગવા ભગવાનને પ્રાર્થના કરતા, પરંતુ ભગવાન તેના ખરા ભક્તને તેની આપત્તિના સમયમાં કોઈ ને કોઈ રીતે મદદ કર્યા જ કરે છે એવું જબરજસ્ત આશ્વાસન એમને હતું જ. એક સાંજે કુંભકોણમ્‌માં નદી કિનારે એક સાધુ મહારાજનાં દર્શને જવાનું થયું. સાથે શ્રી હસમુખભાઈ પણ હતા. નિર્ધારિત સ્થળ પાસે આવી પહોંચતાં ફાટેલીતૂટેલી લૂગડાંની વાળેલી પોટલી મળી, તે ખોલતાં એક સોનાની કંઠી નીકળી. તેની સાથે તામિલમાં લખાણ હતું, 'તારા પોતાના ઉપયોગ માટે છે.'

## વિમાની સફર માટે ગૂઢ મદદ

એકવાર સાબરમતી અઢી માસ રહીને કરાંચી જવાનું હતું. કરાંચીમાં શ્રી પરસદભાઈના ઘરે બધાંની ઇચ્છા કે ચૂનીભાઈ તેમના જન્મદિવસે એ બધાં સાથે કરાંચીમાં હોય તો સારું, પણ એ કોઈ રીતે શક્ય ન હતું. એ દિવસ સુધી તો આશ્રમમાં કામ રહ્યું. ટ્રેનથી જવામાં જન્મદિવસે ત્યાં પહોંચાય એવી શક્યતા ન હતી. છેલ્લા દિવસોમાં ટપાલીએ આવીને પૂજ્ય શ્રીમોટાના હાથમાં રજિસ્ટર્ડ પાકીટ મૂક્યું. તેમાંથી રૂપિયા ૬૦ની નોટો નીકળી અને ઉર્દૂમાં લખાણ હતું, 'તારે તારા જન્મદિવસે જ

કરાંચી જવું, તે પણ ઊડીને જ જવું એવો હુકમ છે.' ઉર્દૂ લખાણ શ્રી કુરેશીભાઈએ વાંચી આપ્યું હતું. ચાર સીટના નાના વિમાનમાં ટિકિટ મળી અને જન્મદિવસે જ પૂજ્ય શ્રીમોટા કરાંચી પહોંચ્યા અને શ્રી પરસદભાઈના ઘરે બધાંને આનંદ થયો.

## નિવૃત્તિનો નિર્ણય

આ વિમાની સફર કરી તે પહેલાંના અઢી મહિનાનો સાબરમતી આશ્રમનો નિવાસ એ નિવૃત્તિ માટેની પૂર્વતૈયારીનો હતો. પૂજ્ય શ્રીમોટાને દિલમાં એમ જ નક્કી થઈ ગયું કે હવે 'હરિજન સેવક સંઘ'માં કામ કરવું નથી અને નિમિત્તાનુસાર જે જે જીવ આવી મળે તેમને ભગવાન પ્રત્યે અભિમુખ થવામાં મદદરૂપ થવાની સેવા કરવી.

ભત્રીજા શ્રી શાંતિભાઈ અને તેમનાં માતુશ્રી કાશીબા પોતાનું સંભાળી શકે એવી સ્થિતિમાં હતાં. માત્ર બાનો સવાલ હતો. પૂજ્ય શ્રીમોટાએ બાને પોતાના નાના ભાઈઓ મૂળજીભાઈ કે સોમાભાઈ સાથે રહેવા સમજાવી. બાએ તો સણસણતો જવાબ આપ્યો કે, 'પાશેર પણ ચકલાંને નાખવાના દાણા મળતા નથી, અને આટલી નાનકડી નોકરી છે તે મૂકી દઈને શો જંગ જીતી જવાનો છે !'

પૂજ્ય શ્રીમોટાએ માને માટે માસિક પાંચછ રૂપિયાની રકમની વ્યવસ્થા કરી. માએ એક શરતે પૂજ્ય શ્રીમોટાને નિવૃત્તિ માટે સંમતિ આપી કે, 'જ્યારે હું મરી જાઉં એવી હોઉં ત્યારે મારી અંતઘડીએ તારે મારી પાસે આવવું.' પૂજ્ય શ્રીમોટાએ તેમ કરવા કબૂલ્યું.* આ વ્યવસ્થા કરીને પૂજ્ય શ્રીમોટા વિમાની મુસાફરીમાં કરાંચી પહોંચ્યા.

---

* પૂજ્ય શ્રીમોટાએ નડિયાદ આશ્રમ શરૂ કર્યા પછી માની યાદમાં ચકલાંને ચણ નાખવાનું શરૂ કરેલું છે. પાછળથી એક બહેને ચબૂતરો પણ બંધાવી આપ્યો.

કરાંચીનો વસવાટ પૂજ્ય શ્રીમોટાની સાધનાનો ઉત્તરકાંડ છે. શ્રીસદ્‌ગુરુ મહારાજની સંપૂર્ણ શરણાગતિ અને શ્રીસદ્‌ગુરુના હુકમનું પ્રેમભક્તિપૂર્વક પાલન કરવાના અનેક પ્રસંગો એ દરમિયાન અનુભવાયા છે.

## દરિયામાં ચાલ્યા જવાનો હુકમ

એકવાર પૂજ્ય શ્રીમોટા કરાંચીના દરિયા કિનારે ફરવા જતા હતા. તે વેળા શ્રીસદ્‌ગુરુ મહારાજે દિલમાં પ્રગટ થઈ દરિયામાં ચાલ્યા જવાની આજ્ઞા કરી. એ કંઈ ભ્રમણા ન હતી. નક્કર હકીકત હતી. પૂજ્ય શ્રીમોટાએ તો પ્રેમભક્તિપૂર્વક એ આજ્ઞાનું પાલન કર્યું. છેક મોઢા સુધી પાણી આવ્યાં ત્યારે પણ શ્રીસદ્‌ગુરુનાં ચરણકમળે પ્રાર્થનાનો જીવતોજાગતો ભાવ શ્રીમોટાને પ્રગટેલો રહ્યો હતો. તે પછી શું થયું તેની તેમને ખબર પડી નહિ. પૂજ્ય શ્રીમોટાનું શરીર દરિયાનાં પાણીથી ધકેલાઈને કિનારા પર શ્રી પરસદભાઈ રહેતા હતા ક્લિફ્ટનના બંગલાથી ઘણે દૂર પડ્યું હતું. પૂજ્ય શ્રીમોટા જ્યારે ભાનમાં આવ્યા ત્યારે કપડાં ખૂબ ભીંજાયેલાં ન હતાં. તે ઉપરથી અનુમાન કરી શકાયું કે કેટલોક વખત શરીર ત્યાં બેભાન અવસ્થામાં પડ્યું રહ્યું હશે.

## નગ્ન થવાના હુકમનું પાલન

પૂજ્ય શ્રીમોટાની અનેક પ્રકારની સાધનામાં એક કાળે તેઓ રમજાન મહિનામાં રોજા રાખતા. એવા એક રોજાના અંતે પૂજ્ય શ્રીમોટા કરાંચીની ઈદગાહમાં નમાજ પઢવા ગયા. બાહ્ય રીતે તો મુસ્લિમ ભાઈઓ જે રીતે નમાજ પઢતા તેનું અનુકરણ શ્રીમોટા કર્યા કરતા, પરંતુ દિલમાં અંતરથી દિલની પ્રાર્થના કરતા. નમાજ પૂરી થયા પછી બધા વીખરાતા હતા ત્યારે

સહસા જ પૂજ્ય શ્રીમોટાને શ્રીસદ્‌ગુરુનાં દર્શન થયાં. એટલે તેઓ તો ગદ્‌ગદભાવે પગે પડ્યા. શ્રીસદ્‌ગુરુએ પીઠ થાબડી અને હુકમ કર્યો કે, 'અહીંથી નાગો થઈને તારે ઘેર ચાલ્યો જા.'

રુચિ-અરુચિ, દેહનું મમત્વ, દેહની મડાગાંઠ, સારુંનઠારું, દેહ પરનો સંકોચ-એ બધાંથી મુક્ત થવાનો આ એક અમૂલો પ્રસંગ ભગવાને કૃપા કરીને ઊભો કર્યો હતો. પૂજ્ય શ્રીમોટાએ ભીમજીભાઈ ડ્રાઈવરને ગાડી લઈ જવા કહ્યું. પોતે આ માર્ગના અનુરાગી એવા નજીકમાં જ રહેતા પરિચિત ભાઈ શ્રી કલ્યાણપુરને ઘેર ગયા. તેમને સમજાવી તેમના ઘરેથી દૂર લઈ જઈ કપડાં કાઢી આપીને સાઈકલ પર બંગલે લઈ જવા કહ્યું.

## અનેરી ભાવમસ્તી

કપડાં કાઢતાંવેંત જ રોમેરોમમાં અનેરા પ્રકારનાં ભાવ અને મસ્તી પ્રગટ્યાં. આવેશ અને જુસ્સાને કારણે જમીન પર પગ ટેકવી શકાતા ન હતા. જાણે અધ્ધર જ ઊડતા ન હોય ! કરાંચીના કયા કયા વિશાળ માર્ગોમાં ફર્યા તેની કશી જ ખબર તેમને ન પડી. માત્ર બે પ્રસંગની સભાનતા રહી હતી. એક સ્થળે એક ગોરા સાર્જન્ટે એમને રોકવાની ચેષ્ટા કરી ત્યારે ભાવમસ્તીમાં મહાલતા શ્રીમોટાએ સિંહ સમી પ્રચંડ ત્રાડ પાડી. એટલે તરત જ સાર્જન્ટે 'સાંઈબાબા ઈદમુબારક' બોલી સલામ ભરી હતી. આ ભાન પ્રગટતાં જ વિલીન થઈ ગયું. બીજી સભાનતા ગવર્નરના બંગલા નજીક શ્રીસદ્‌ગુરુ ઊભા હતા તેની હતી. તેમણે શ્રીમોટાને છાતી સરસા ચાંપી વહાલ કર્યું અને એમની પીઠ થાબડી. રોજા તોડવાની ભેટ તરીકે પાંચ રૂપિયાની રકમ પણ આપી. બંગલાથી બસોએક ફૂટ દૂર હશે ત્યારે શ્રીમોટાને શરીરનું ભાન પ્રગટ્યું અને ખૂબ મોટે મોટેથી બૂમો મારીને પહેરવાનાં કપડાં માગી પહેર્યાં.

## શ્રીસદ્‌ગુરુનો રાજીપો

આવા પ્રકારના હુકમપાલનથી શ્રીસદ્‌ગુરુ ખૂબ ખૂબ રાજી થયા. તેનું પ્રત્યક્ષ પ્રમાણ શાકમાર્કેટના દરવાજા આગળ તેમણે ફરીથી દર્શન દીધાં તેમાંથી મળે છે. પૂજ્ય શ્રીમોટા ત્યાં શ્રીસદ્‌ગુરુને પ્રેમથી ભેટ્યા. શ્રીસદ્‌ગુરુએ પણ શ્રીમોટાને પ્રેમથી ચૂમી લીધા. આગલે દિવસે શ્રીસદ્‌ગુરુએ એમની ખૂબ રાહ જોઈ હતી અને એમને માટે લાવેલાં ફળોના કરંડિયા ખેરાત કરી દીધા હતા, તે હકીકત જણાવીને વિવિધ મીઠાઈઓ અને વિવિધ ફળોના બે કરંડિયા આપ્યા. ઘરે ગયા ત્યારે તે દિવસે શ્રી પરસદભાઈએ કહ્યું, ‘તું તારા ગુરુમહારાજને આપણે ઘેર બોલાવી લાવ. ચા પાઈ કરીને તેમને વિદાય આપીએ.’ પૂજ્ય શ્રીમોટાએ તો શ્રીસદ્‌ગુરુ હાલ ક્યાં રહે છે તેવું પૂછેલું જ નહિ એટલે શ્રી પરસદભાઈએ જણાવ્યું, ‘તું ધ્યાનમાં જઈને એકમાત્ર ચેતનમાં જ એકાગ્ર ભાવ થવાની પળ પ્રગટે અને શરીરનું ભાન જતું રહેવાનું થાય ત્યારે શ્રીસદ્‌ગુરુ ક્યાં છે ? એવો સંકલ્પ ધારણ કર.’ પૂજ્ય શ્રીમોટાએ તે પ્રમાણે કર્યું. ધ્યાનમાં એમને શ્રીસદ્‌ગુરુ કરાંચીથી દૂર છેક દરિયા કિનારે ચાલ્યા જતા દેખાયા. પૂજ્યશ્રીએ શ્રી પરસદભાઈના ચા પીવાના આમંત્રણ માટેના સૂચનનો ધ્યાનમાં જ અમલ કર્યો અને શ્રીસદ્‌ગુરુને ચા પીવાની વિનંતી કરી. તેમણે તે સાંભળીને કહ્યું, ‘જો, તારે મને ચા જ પાવો છેને ? તો લે, આ હું ચા પીવું છું.’

આમ, દિનપ્રતિદિન પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિનું વધુ ને વધુ પ્રાગટ્ય થતું ગયું. ઊર્ધ્વથી પણ ઊર્ધ્વ, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ સાધનાની અનેક કક્ષા બદલાતી જતી હતી. એમાં અનેક

સિદ્ધોએ ધક્કો મારવાનું કરેલું હતું. કરાંચીવાળા બાબાએ એમને અમુક ચોક્કસ પ્રકારનું ધ્યાન શીખવેલું અને તા.૨૯-૩-૧૯૩૯ને દિને કશુંક બનશે એવી ચેતવણી પણ આપેલી.

## અદ્‌ભુત કથા

આ કરાંચીવાળા બાબાનો પ્રસંગ પણ એક અદ્‌ભુત કથા છે. શ્રીમોટા દર કાળીચૌદશને દિવસે ભયંકરમાં ભયંકર જગાએ જઈ આખી રાત ભગવત્ સ્મરણમાં પોતાની સાધના કરતા. વર્ષોથી આ રિવાજ. આ વખતે તેઓ કરાંચીમાં હતા. આગલે દિવસે એમણે દરિયામાં એક ટેકરી જોઈ રાખી હતી અને બીજે દિવસે એટલે કે કાળીચૌદશના દિવસે આખી રાત ત્યાં ગાળવાનું નક્કી કર્યું હતું.

પૈસાનું પાકીટ વગેરે શ્રી પરસદભાઈને ત્યાં કાઢી મૂક્યું. માત્ર એક ઓઢવાનો કામળો લઈને બીજે દિવસે રાત્રે ત્યાં ગયા. સમુદ્રના જળતરંગો કિનારાના પથ્થર પર અથડાતા અને ભયંકર અવાજો કરતા નિઃશબ્દ કાળી ભેંકારરાત્રિ, નિર્જનસ્થળ, કાચાપોચાનાં તો હાજાં જ ગગડી જાય. શ્રીમોટા દરિયાનાં પાણીમાં આવેલી એ ટેકરી પર ચઢ્યા અને પોતાનું સાધન કરવા લાગ્યા. શરીરે મોટા મોટા કાળા વાળવાળો ઊંચો પડછંદ ભયંકર દેખાવનો એક માણસ જાણે દરિયાનાં પાણીમાંથી ફૂટી નીકળતો હોય એમ પૂજ્ય શ્રીમોટાની સન્મુખ આવી ઊભો. શ્રીમોટાને બિવડાવવા અને ધમકાવવા લાગ્યો. ત્યાંથી ચાલ્યા જવાનો હુકમ કર્યો. શ્રીમોટા તો ન બીન્યા કે ન ત્યાંથી ચસ્યા. આથી, એણે જાણે ગર્જના કરતો હોય એમ ભયંકર અવાજ કરી ચારપાંચ માણસ પણ ઊંચકી ન શકે એવો પથ્થર ઊંચકીને શ્રીમોટા પર ફેંક્યો. શ્રીમોટાના વાળને અડીને એ ચાલ્યો ગયો.

તે જ વેળાએ શ્રીમોટાને કોઠાસૂઝ પ્રગટી કે માનો ન માનો આ કોઈ ઓલિયો છે. ચારપાંચ માણસ ઊંચકી ન શકે એવો પથ્થર ઊંચક્યો અને એવી રીતે માર્યો કે વાળને અડે પણ વાગે નહિ.

## ઓલિયાની શરત

શ્રીમોટાએ તો ઊઠીને ઓલિયાના પગ પકડી લીધા. છોડ્યા જ નહિ અને પોતાના મનના ભાવ એમને કહ્યા. તેણે કહ્યું કે, 'જો, હું તારી સાધનામાં મદદ કરવા આવ્યો છું. પણ તે પહેલાં મારે કસોટી કરવી હતી કે તું બીવે છે કે નહિ.'

પરંતુ ઓલિયાએ શરત મૂકી કે સાધનાની વિધિ બતાવું તે પહેલાં તું સિગારેટ લઈ આવ. મધરાતે બધી દુકાનો બંધ થઈ ગઈ હતી. છતાં શ્રીમોટાએ તત્પરતા દાખવી. એટલે પાછો હુકમ થયો કે વગર પૈસે સિગારેટ લાવવાની છે. શ્રીમોટા તો શ્રદ્ધાપૂર્વક કિનારે ગયા અને એક કૅબિનનાં બારણાં ખટખટાવ્યાં. પેલો કૅબિનવાળો ખૂબ ખિજાયો. છતાં શ્રીમોટાએ વિનંતી જારી જ રાખી. મનોમન નક્કી કરેલું કે આ કામળો બાનમાં મૂકી સિગારેટ લેવી. સાથે દીવાસળી લેવાનું પણ નક્કી કર્યું. સિગારેટ, દીવાસળી લીધા પછી પૈસાની રકઝક શરૂ થઈ. શ્રીમોટાએ કામળો ધર્યો પણ કૅબિનવાળો ગુસ્સે થઈ ગયો. એવામાં ક્યાંકથી અચાનક એક માણસ દોડતો આવતો હોય એ રીતે ત્યાં આવ્યો. અને શ્રીમોટાને પૈસા આપીને કહ્યું કે, 'બાબાએ મોકલ્યા છે, તું બાબા પાસે જલદી પહોંચી જા.' જેવો આવ્યો તેવો તે માણસ ચાલ્યો ગયો.

શ્રીમોટાએ આવીને બાબાને સિગારેટ આપી. તેમણે શ્રીમોટાને એક પીવા આપી. શ્રીમોટાએ તો ના પાડી. પણ તેમણે હુકમ જ કર્યો, 'જેવી આવડે તેવી પી.' ખોંખોં કરતાં શ્રીમોટાને જરા વારમાં સિગારેટ ફેંકી દેવી પડી.

## ઓલિયાની પદ્ધતિ

પછી ઓલિયાએ શ્રીમોટાને સુખાસનમાં બેસાડી ધ્યાન ધરવા કહ્યું અને શું દેખાય છે તે પૂછ્યું. શ્રીમોટાએ કહ્યું, 'કશું દેખાતું નથી.' એટલે તેમણે શ્રીમોટાને પોતાની તરફ જોવાનું કહ્યું. પોતે ધ્યાન ધર્યું. શ્રીમોટાએ જોયું તો તેમના શરીરમાંથી તેજકિરણની ધારા વહેવા માંડી. શરીરમાંથી નીકળી પાછી શરીરમાં વિલીન થઈ જતી હતી અને છતાં એની ગરમી ન હતી. એનો પ્રકાશ આહ્‌લાદક હતો.

ફરીથી એમણે શ્રીમોટાને સુખાસનમાં બેસાડ્યા. હૃદય પર ટકોરો મારી ઓલિયાએ અંગૂઠા વડે એક લીટો નાસિકા સુધી લાવી ઉપર લઈ જઈ કપાળની મધ્યમાં ટકોરો માર્યો. છેક બ્રહ્મરંધ્ર સુધી લઈ ગયા અને ત્યાં પણ ટકોરો માર્યો. શ્રીમોટાના શરીરમાં વીજળીનો સંચાર થયો અને ઓલિયાના શરીરમાંથી જેવો તેજપ્રવાહ વહેતો હતો તેવો તેજપ્રવાહ શ્રીમોટાના શરીરમાંથી વહેવા માંડ્યો. આવો રોમાંચક અનુભવ શ્રીમોટાને એમણે કરાવ્યો.

ફરીથી પોતાની મેળે એ ક્રિયા કરવાનું કહ્યું. શ્રીમોટાએ તેમ કરી જોયું. ફરીથી એ અનુભવનું પુનરાવર્તન થયું. અંતે ઓલિયાએ ત્રીજી વાર એ ક્રિયા રામનવમીને દિવસે કરવા કહી. બે વખતની ક્રિયા શરીરશુદ્ધિની અને ઇંદ્રિયશુદ્ધિની હતી.

## ઓલિયાની ઓળખ

ઘરે આવી શ્રી પરસદભાઈ વગેરેએ અનુભવ પૂછતાં શ્રીમોટાએ બધા અનુભવ કહ્યા. ત્યારે એક શર્મા નામના પરિચિત ભાઈ હાજર હતા. તેમના હાથમાં વીંટી હતી. એ વીંટી પર જે ફોટો હતો તે શ્રીમોટા વારંવાર જોતા હતા.

શ્રીમોટાએ એ કોનો છે એમ પૂછતાં તેમણે કહ્યું કે, ‘આ તો મારા ગુરુ શ્રીસાંઈબાબાનો છે.’ ત્યારે શ્રીમોટા સહસા જ બોલી ઊઠ્યા, ‘ગઈ કાલે મને આ જ સાંઈબાબા મળેલા.’

## બનારસમાં બહેનોના વાલી તરીકે

શ્રી પરસદભાઈને બે દીકરીઓ હતી. બહેન કુરંગી અને ચિત્રા. માતા વિહોણી એ બહેનોના અભ્યાસ વિશે બાપુને ચિંતા રહેતી. બનારસ યુનિવર્સિટીનો અભ્યાસ ઘેરબેઠાં કરવાનું નક્કી કર્યું. પણ વર્ષાંતે ત્યાં પરીક્ષા આપવા તો જવું જ પડતું. પરીક્ષાનો સમય નજીક આવ્યો. તે કાળે હૉસ્ટેલમાં બહેનોએ રહેવું હોય તો કોઈ પણ એકાદ જણે વાલી તરીકે સાથે રહેવું ફરજિયાત હતું. કોને સાથે મોકલવા તે અંગે શ્રી પરસદભાઈ મુઝાતા હતા. આમ તો શ્રીમોટા જ એ બહેનોની મા જેવા હતા. એટલે એમણે એ જવાબદારી સ્વીકારી અને બનારસ ગયા.

## શારીરિક અસ્વસ્થતામાં માનસિક સ્વસ્થતા

કાશીથી કાનપુર જતાં તા. ૧૩-૩-૧૯૩૯ના દિને પ્રયાગ સ્ટેશન પર પૂજ્ય શ્રીમોટા પૂ. ગાંધીજીને પગે લાગ્યા. તે જ પળથી તેમના શરીરમાં એક અકળ દર્દ શરૂ થઈ ગયું. એની અસર એમના શરીર પર પણ દેખાતી. પહેલાં બધું આનંદપૂર્વક કે વિનોદપૂર્વક કરતા તે હવે ન હતું. જોકે પ્રાપ્તકર્મ બધાં જ થતાં હતાં. પણ બધું સપાટી પરથી જ થતું જતું હોય એમ લાગતું. કરાંચીવાળા બાબાએ જે તારીખ ૨૯-૩-૧૯૩૯ માટે આગાહી કરેલી તે દિવસે દર્દ એની તીવ્રતમ કક્ષાએ હતું. જીરવી પણ શકાતું ન હતું. રાડ પડાવે એવું દર્દ હતું. જીવ ઊંડો ને ઊંડો ઊતરતો જતો હતો. બહારની ચેતના ઘણી ઓછી થઈ ગયેલી, પરંતુ અંદરની ચેતનાની જાગૃતિ તીવ્રતમ થઈ ગઈ હતી.

## મધરાતે અણધાર્યું તેડું

તા. ૨૯-૩-૧૯૩૯ના દિને રાત્રે ૧૨-૫૦ વાગ્યે પૂજ્ય શ્રીમોટાને હરિઃૐની બે બૂમ સંભળાઈ. તેમણે સામે હરિઃૐની બૂમ પાડી જવાબ આપ્યો. બૂમ પાડનાર ભાઈને માથે ગૂંચળાંવાળા વાળ હતા. તે સંપૂર્ણ નગ્ન હતા. પૂજ્ય શ્રીમોટા મેડી પરથી નીચે ઊતર્યા. પેલા ભાઈએ જણાવ્યું કે, ‘મણિકર્ણિકાના ઘાટની પેલી બાજુ ગંગાજીની સામે પાર રહેતા મારા ગુરુમહારાજે તમને બોલાવવા મોકલ્યો છે. તમારે ત્યાં મારા ગુરુમહારાજ પાસે જ રહેવાનું છે.’ પરંતુ પૂજ્ય શ્રીમોટાએ પોતાની ફરજ બે બહેનો સાથે રહેવાની છે એમ જણાવી દરરોજ રાત્રે આવવાની તત્પરતા બતાવી. વળી, એ સાધુએ પૂજ્ય શ્રીમોટાને ચેતવણી આપી કે, ‘કરાંચીવાળા બાબાએ બતાવેલું ધ્યાન કરીશ નહિ. અને કરશે તો ભયંકર આફત ઊતરશે. જો મા કે બહેનની કોમળ કાળજીભરી સંભાળ અને સારવાર હોય તો જ અથવા મારા ગુરુમહારાજની કાળજી અને સારવાર નીચે ધ્યાન કરવું.’ એટલે પૂજ્ય શ્રીમોટાએ એની સાથે એના ગુરુમહારાજ પાસે જવાની ચોખ્ખી ના પાડી દીધી.

‘કરાંચીવાળા બાબાએ ગુપ્તપણે આપેલી પેલી વિદ્યા વિશે હું પ્રયોગ કરવાનો છું, તે આ સાધુએ કાશીમાં કેવી રીતે જાણ્યું ? અથવા શું ખરેખર આફત ઊતરશે ?’ એવા કોઈ પણ વિચાર કર્યા વિના પૂજ્ય શ્રીમોટા મેડા ઉપર ગયા અને પ્રયોગ કરવા બેઠા.

## કરાંચીવાળા બાબાનો ધ્યાનનો પ્રયોગ

આ પ્રયોગની શું અસર થઈ તે વિશે પૂજ્ય શ્રીમોટા લખે છે : ‘સમગ્ર ચેતન એકાગ્ર થતું અનુભવાયું...માથાના વચલા ભાગમાં સખત ગરમીના ઝરા વહેતા હોય એમ ભાન જાગ્યું

અને આખા શરીરમાં એની અસહ્ય બળતરા થઈ. ભાન ઊડી ગયું...લગભગ બેભાન થઈ ગયેલો...જીભ લગભગ બળી ગયેલા જેવી થઈ ગઈ હતી. હજી પણ સૂકી લાગ્યા કરે છે, અને લાય બળ્યા કરે છે.'

## અદ્વૈત-નિરાકાર-નિર્ગુણનો-સાક્ષાત્કાર

આ દિવસ રામનવમીનો હતો. પૂજ્ય શ્રીમોટાના આ ધ્યાનનો અનુભવ તે જ અદ્વૈત નિર્ગુણ-નિરાકારનો સાક્ષાત્કાર હતો. એ અનુભવની ઝાંખી આપતાં પૂજ્યશ્રી લખે છે, 'જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પણ પ્રવેશ્યો. ત્યારે મહાસમાધિમાં ઊતરી જવાનું બનેલું. સમાધિમાંથી જાગતાં જોયું તો શરીરનો ગુહ્ય ભાગ અને તેની આજુબાજુનો ભાગ પણ બળી ગયેલો.' પૂજ્યશ્રીની એ જગાનો ભાગ પાછળથી પાકેલો પણ ખરો. ત્યારે શ્રીસદ્‌ગુરુએ પ્રત્યક્ષ થઈ કહ્યું હતું કે, 'હું બનારસના અમુક ડૉક્ટરને સ્વપ્ન આપીશ અને તારી સારવાર કરવાનું કહીશ.' આ ડૉક્ટર તે બીજા કોઈ નહિ પણ બનારસ યુનિવર્સિટીના આયુર્વેદિક કૉલેજના ડીન શ્રી પાઠક સાહેબ - જેમને સાક્ષરશ્રી આનંદશંકર ધ્રુવ બનારસ ખાતે લઈ ગયેલા.

## જીવન્મુક્ત દશા

આ અદ્વૈતના સાક્ષાત્કારની વેળાથી જ પૂજ્ય શ્રીમોટાની 'જીવન્મુક્તિ'ની દશા શરૂ થઈ ગઈ છે. તે વખતથી જ 'I am Omnipresent' 'હું સર્વત્ર વિદ્યમાન છું.' એવી ચેતનાત્મક ભાવના સર્વ પ્રકારે પ્રવર્તવા માંડી. એ અનુભવ આધારમાં સંપૂર્ણ પ્રતિષ્ઠિત થઈ ગયો. અને તેમાં જ એમની સંપૂર્ણ કેંદ્રિતતા જીવંતપણે પ્રગટી અને પછી તે ભાવનો વિસ્તાર જ થયા કરતો

અનુભવાય છે. પૂજ્ય શ્રીમોટા લખે છે, 'જેમાં તેમાં તે એકરૂપ પ્રવર્તતો અનુભવાય છે. અને તેમ છતાં પાછો પોતે તે બધાંમાં હોવા છતાં નોખો પણ હોય અને એકરૂપ પણ હોય એવું સતત અનુભવાયા જતું. તાદાત્મ્યનો ચેતનનો ગુણધર્મ તે પછીથી જીવનમાં પ્રગટવા માંડ્યો એમ જરૂર કહી શકાય.'

## ખિસ્સામાંથી ઘરેણાં ચોરાયાં

બનારસમાં એકવાર બહારથી ફરી આવીને બંને બહેનોએ એમનાં જે કંઈ થોડાંઘણાં ઘરેણાં હતાં તે કાઢીને પૂજ્ય શ્રીમોટાને મૂકવા આપ્યાં. તેમણે પહેરણના ગજવામાં મૂક્યાં. થોડાક કલાક બાદ કાશીવિશ્વનાથનાં દર્શને જવાનું થયું. બીજે દિવસે બંને બહેનોએ સખીઓ સાથે ગોઠવેલા નૌકાવિહાર માટે જવાની બધાં તૈયારી કરવા લાગ્યાં. પૂજ્ય શ્રીમોટા પોતાનાં કપડાં બદલવાં લાગ્યાં. જૂના પહેરણમાંના ગજવામાંથી બધું નવા પહેરણમાં મૂકવા જતા હતા. ત્યાં ગજવું કપાયેલું જોયું અને ખબર પડી કે ઘરેણાં ચોરાઈ ગયાં છે.

## ધ્યાનમાં ચોરનું દર્શન

'મારે ભરોસે એટલે જવાબદારી મારી.' એવું ભાન શ્રીમોટાને તીવ્રતમ રીતે પ્રગટ્યું. બહેનોને તો કંઈ અસર ન થઈ. નૌકાવિહાર દરમિયાન બહેનોની એક સખીએ સુંદર ભાવથી ભજનો ગાયાં. ત્યારે પૂજ્ય શ્રીમોટાના શરીરની સ્થિતિ બાહ્ય રીતે ભાનરહિત બની, પરંતુ તેવું પ્રગટવા પહેલાં : 'કોણે ગજવું કાપ્યું હશે ?' એવા પ્રશ્ન સાથે જવાબદારી અદા ન કરી તેના દર્દનો વિચાર ઊડતો ઊડતો સ્ફુરી ગયો. ભાવાવસ્થાના ધ્યાનમાં ઊંડું જવાતાં વિશ્વનાથના મંદિરમાં કોણે કેવી રીતે ગજવું કાપ્યું, ઘરેણાં કેવી રીતે ચોરાયાં, તે દૃશ્ય

ખૂબ આબેહૂબ દેખાયું. ધ્યાનમાં જ એમણે પોતાની લાગણી ચોરને જણાવી, 'આ મિલકત તારાથી જીરવી નહિ શકાય. તું મને તે પાછી સોંપી જા.' અને પોતે કયા કયા સમયે ક્યાં ક્યાં હોય છે, તે પણ ધ્યાનાવસ્થામાં જ ચોરને જણાવ્યું.

## ભક્તને રંજાડનારને સજા

બીજે દિવસે પૂજ્યશ્રી મોટી બહેનને પરીક્ષા અપાવવા લઈ ગયા. માળ ઉપર હતા ત્યાં તો નીચે ચોર દૂરથી હાંફતો હાંફતો દોડતો આવ્યો. નિશાની કરી પૂજ્ય શ્રીમોટાને નીચે બોલાવ્યા અને ચોરાયેલાં ઘરેણાં આપતાં બોલ્યો, 'હું આખા શરીરે દાઝી મરું છું. મારાથી અગ્નિનો દાહ જીરવી શકાતો નથી. માટે, કૃપા કરીને તે મટી જાય એવું કરો.'

## પ્રભુનો ચમત્કાર

ચોરને વિગતો પૂછતાં જાણવા મળ્યું કે આગલા દિવસની સાંજથી એને શરીરે પ્રચંડ દાહ બળતો હતો. પૂજ્ય શ્રીમોટાની શરીરાકૃતિ એની નજર સમક્ષ તરવરતી હતી. મકાનના સ્થળનું અને શ્રીમોટા સવારે ક્યાં હશે તેનું દશ્ય પણ તેને દેખાતું હતું. પૂજ્ય શ્રીમોટાએ તેને કહ્યું, 'આ તો મારા ભગવાનની કરામત છે.' શ્રીમોટાએ તેને સૂચવ્યું કે, 'તું વ્રત લે કે વિશ્વનાથના મંદિરમાં દર્શને આવનારનું ગજવું કાપીશ નહિ. એવું વ્રત જો તું પ્રામાણિકતાથી પાળવાનું વચન આપશે તો પ્રભુકૃપાથી તારો દાહ મટી જશે.' ચોરે આકરા ભૂખમરાના પ્રસંગોમાં પણ મંદિરમાં ખિસ્સું ન કાપવાનું વ્રત લીધું. પૂજ્ય શ્રીમોટાએ પણ તેનો દાહ મટાડવા પ્રભુને દિલમાં દિલથી પ્રાર્થના કરી અને તેમ બન્યું પણ ખરું.

## વિરોધી ફરજોની સમસ્યા

બનારસ હતા તે વેળા જ પૂજ્ય શ્રીમોટા પર નાના ભાઈ શ્રી મૂળજીભાઈનો પત્ર આવ્યો કે બા ગંભીર માંદગીમાં છે. પૂજ્ય શ્રીમોટાએ માને વચન આપેલું કે 'તારી અંતઘડીએ હું જરૂર આવીશ.' આથી, પૂજ્ય શ્રીમોટાએ શ્રી પરસદભાઈ (બહેનના પિતાજી)ને તાર કરી જણાવ્યું. તેમણે તારથી જવાબ આપ્યો કે 'કોઈકને મૂકીને જાવ.' પરંતુ જુવાન બહેનોને ગમે તેની પાસે મૂકીને જવાનું શ્રીમોટાને યોગ્ય ન લાગ્યું. વળી, બનારસમાં કોણ ઓળખીતું હોય ? હવે, આ બે ફરજો વચ્ચેના સંઘર્ષમાં કોને પ્રથમ પસંદગી આપવી ? બંને વિશે પોતાની જવાબદારી સરખી જ અને ગંભીર હતી.

## પ્રાર્થના એક જ ઉપાય

પૂજ્ય શ્રીમોટાને લાગ્યું કે 'બંને પરિસ્થિતિના સ્થળમાં મારે એક શરીરથી હાજર રહેવાનું ઘણું ઘણું જરૂરનું હતું.' જ્યારે પૂજ્ય શ્રીમોટાને લાગ્યું કે કોઈ પણ સંજોગોમાં નડિયાદ હવે જઈ શકાય એમ નથી, ત્યારે ભગવાનને પ્રાર્થના કરવા સિવાય બીજો ઉપાય ન હતો. પૂજ્ય શ્રીમોટા પોતાના મકાનમાં છાનામાના મૌન ધારણ કરી બેસી ગયા. જમવા કરવાનું અને એવી બીજી શરીરની ક્રિયાઓ પણ મૂકી દીધી હતી. એકમાત્ર ભગવાનને પોકાર જ પાડ્યા કરતા. માને આપેલું વચન પાળી ન શકાયું તેનું દર્દ એટલું બધું તો સાલતું કે શ્રીભગવાનને ચરણે દેહ સમર્પણ કરી દેવાની તત્પરતા પેદા થતી. છતાં એવા પ્રકારની અદમ્ય પ્રેરણા દિલમાં જાગી નહિ. ત્રણ દિવસ સુધી પૂજ્ય શ્રીમોટાએ આર્તનાદે પોકાર પાડ્યા કર્યો, 'મારી

માને મારે માટે એટલો બધો વિશ્વાસ તો જરૂર હશે કે, ‘ચૂનિયો જરૂર આવશે !’ અરેરે ! મારી માનો મારા પર જે વિશ્વાસ છે તેનો ભંગ થઈ જવાનો ! હે પ્રભુ ! આ મારું વચન પાળવાનું કામ તારા સિવાય બીજું કોઈ કરી શકે એમ નથી... મારા દિલનાં ટેક, નિશ્ચય, નિર્ણય અને દિલ તો મારી મા પાસે સ્થૂળ દેહે હાજર થવા માટેનાં જ છે. સાધનાની જુદી જુદી ભૂમિકાઓમાં ભાવના પણ સાકાર થાય છે, તો મા પાસે હાજર રહેવાની મારી આ પ્રચંડ ઉત્કટ ભાવના જે પૂરેપૂરી જીવતીજાગતી છે, તે ભાવના તારી કૃપાથી ત્યાં આકાર લે એવી મારી તને ઘણી ઘણી પ્રાર્થના છે, સાધનાકાળમાં સ્થૂળ માગણી માટે કોઈ દિવસ મેં પ્રાર્થના કરી નથી... તારી કૃપાથી સંકલ્પશક્તિનું સામર્થ્ય કેટલું બધું જબરજસ્ત હોય છે તેનું મને જ્ઞાનભાન છે. મારું વચન પળાવવાની ખાતરી મારી મા પાસે સ્થૂળ દેહે હાજર થવાની મારી દિલની પ્રચંડ અને ઉગ્ર ભાવનાને તું જ એક સાકાર સ્વરૂપ આપી શકે તેમ છે. માટે હે પ્રભુ ! દીનદયાળ ! મારા વહાલા ! મારી ગરીબની સામું જોજે. મારી લાજ રાખજે... ...ત્યાં હાજર થઈને મારે પોતાને સંતોષ મેળવવો નથી. મારી સ્થૂળ હાજરીથી મારી માને સંતોષ થાય કે ‘હા ચૂનિયો આવ્યો અને તેણે વચન પાળ્યું. એટલું જ મારે જોઈએ છે.’

આવી આર્દ્રતા અને આર્તતાયુક્ત પ્રાર્થના વખતે ઓચિંતો વીજળીનો ગોળો બંધ થઈ ગયો. પૂજ્ય શ્રીમોટાને મનમાં ઊગી ગયું : ‘મારી માના શરીરનું અવસાન થયું અને જીવ ગયો.’ આમ, પ્રભુકૃપાથી માના દેહાંતના સમયની ખબર ત્યાં રહ્યે રહ્યે પૂજ્ય શ્રીમોટાને પડી ગઈ.

## પ્રાર્થના ફળી - માને દર્શન

તે પછી નડિયાદથી પૂજ્ય શ્રીમોટા પર શ્રી મૂળજીભાઈનો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું કે માના અવસાનના થોડા વખત પહેલાં બાએ મૂળજીભાઈને બૂમ પાડી કહ્યું, 'અલ્યા ! મૂળિયા ! જો આ ચૂનિયો આવ્યો !' મૂળજીભાઈએ કહ્યું, 'ચૂનીલાલ તો કાશી છે. અહીં ક્યાંથી આવી શકે ?' ત્યારે મા બોલ્યાં, 'આ રહ્યો ! મારા પગમાં માથું મૂકી બેઠો છે ! મારા શરીરે હાથ ફેરવે છે ! જો ! તે અહીં જ છે !'

ભગવાન કેટલો સમર્થ છે અને તે સમર્થની પૂજ્ય શ્રીમોટાને કેવી ભારે ઓથ છે, તેનો આ પ્રચંડ જીવતોજાગતો અનુભવ ભગવાનની કૃપાથી થયો છે. પૂજ્ય શ્રીમોટાના જીવનની અનુભવની કક્ષાઓની દૃષ્ટિએ આ પ્રસંગનું મૂલ્યાંકન નાનુસૂનું નથી. આ પ્રસંગ ભગવાનની સમર્થતા અને તેની અનંત શક્તિથી તેણે પૂજ્ય શ્રીમોટા માટે જે પ્રત્યક્ષ કરી બતાવ્યું તેનો ગુણાતીત અને દ્વંદ્વાતીત પ્રકારનો અનુભવ છે. આ એક ઘણો મોટો બનાવ છે.

## કાનપુરનો મસ્ત માણસ

બનારસથી પૂજ્ય શ્રીમોટા અવારનવાર કાનપુર જતા. ત્યાં નવાબગંજમાં એક રાજારામ કરીને ૭૦ વર્ષના સદ્‌ગૃહસ્થ રહે, તેને મળવા ગયેલા. લોકો એને ગાંડો ગણતા. જોકે ગાંડાના લેબાસમાં તે એક ઊંચી કોટિનો સિદ્ધ હતો. તેને પોતાનું ઘર હતું પણ તદ્દન બેહાલ હાલતમાં રહે. પોતે કશો સંગ્રહ ન કરે. ફરવા નીકળે ત્યારે હિંદુ મળે તો સીતારામ કહે અને મુસલમાન મળે તો સલામ કરે. કોઈ પૈસા આપે તો લઈને બીજા કોઈને

આપી દે. ચા બનાવીને અંદર દહીં નાખવાની ટેવ. કશાની પરવા નહિ. પૂજ્ય શ્રીમોટાએ સાધનાની અનેક સમસ્યાની વાતો એમની સાથે કરી અને તેમણે એનો ઉકેલ કરી આપેલ. પૂરા મસ્તરામ હતા. પૂજ્ય શ્રીમોટા બીજા સાથીઓ જોડે તેમને તા. ૨૧-૯-૧૯૩૯ના રોજ મળવા ગયા. બંને ધ્યાનમાં જતા રહ્યા. રાજારામભાઈ ધ્યાનમાં જ પૂજ્ય શ્રીમોટાને પગે લાગ્યા હતા. આ હકીકત પૂજ્ય શ્રીમોટાએ સાથી મિત્રને કહી, પરંતુ તેમણે તે સાચી માની નહિ. બીજે દિવસે મળવા ગયા ત્યારે છૂટા પડતી વખતે પૂજ્ય શ્રીમોટાને રાજારામ પગે પડવા જતા હતા. પૂજ્ય શ્રીમોટા આઘા ખસી ગયા. એટલે તરત તેમણે કહ્યું, 'ગઈ કાલે તો હું તમને પગે લાગ્યો હતો. આજે કેમ લાગવા દેતા નથી ?' પૂજ્ય શ્રીમોટાના પેલા મિત્રને સત્યની પ્રતીતિ થઈ.

## મૃત સ્વજનોનાં દર્શન

પૂજ્ય શ્રીમોટાના મિત્રની એક ૧૦ વર્ષની દીકરી હતી. તેની મા પાંચ વર્ષ થયાં ગુજરી ગઈ હતી. એક દિવસ તે ખૂબ રડતી હતી. એને એની મા ખબૂ યાદ આવ્યા કરતી. એ બાળકીના હૃદયનો તલસાટ ખૂબ જ હતો. તેના એ તલસાટથી પૂજ્ય શ્રીમોટાના હૃદયમાં કરુણાનો ભાવ જાગ્યો. અને પૂજ્ય શ્રીમોટાથી બોલાઈ ગયું, 'બહેન ! મા તને જરૂર દેખાશે.' અને સાચે જ તેનાં સદ્‌ગત મા તેને દેખાયાં અને તેણે બાલિકાને શાંતિ આપી.

આવી જ રીતે અમદાવાદમાંથી ૧૯૪૨ની લોકક્રાંતિમાં ભાગ લેનાર અને ભૂગર્ભવાસ દરમિયાન કુંભકોણમ્ રહેનાર શ્રી નાનુભાઈ ભટ્ટે પોતાની લાડકી બહેન ગુમાવી હતી. છેલ્લી વખતે બહેનને મળી ન શકાયું તે બદલ આક્રંદ કરતા શ્રી

નાનુભાઈને સાંત્વના આપવા પૂજ્ય શ્રીમોટાએ કરુણાથી મૃત બહેનનાં દર્શન કરાવ્યાં હતાં. એટલું જ નહિ પણ શ્રી નાનુભાઈના ઘર છોડ્યા પછી ઘરમાં બનેલી તમામ હકીકત મૃત બહેને કહી - જે પાછળથી શ્રી નાનુભાઈએ અમદાવાદ આવી તપાસ કરી તો અક્ષરશઃ સાચી ઠરી.

## સ્વ. આધ્યાત્મિક માનું મિલન

ભૂજમાં (કચ્છ) એક એકાંત ટેકરી છે. ત્યાં હિંસક પશુઓનો ભય રહે છે. ત્યાં રાત ગાળવી હોય તો રાજ્યખાતાની પરવાનગીની જરૂર રહેતી. પૂજ્ય શ્રીમોટાને આવી જગ્યાઓ ખૂબ આકર્ષે છે. તેમને પરવાનગી મળી અને રાત ત્યાં ગાળી પણ ખરી. એ રાતવાસો પૂજ્ય શ્રીમોટાના જીવનમાં ખૂબ જ યાદગાર રહી ગયો. કારણ કે તેમનાં આધ્યાત્મિક મા મૃત્યુ પછી તેમની સમક્ષ પ્રત્યક્ષ થયાં હતાં. આધ્યાત્મિક માના શરીરની અંતઘડીએ પૂજ્ય શ્રીમોટાથી હાજર રહેવાયું ન હતું. તે તેમના દિલમાં સાલતું હતું. એ ટેકરી પર મધરાતે તેમના ખોળામાં સૂવાનો લહાવો પણ લીધો. વાતો પણ થઈ, પરંતુ પડખું ફરતાં જ મા અદૃશ્ય થઈ ગયાં. પૂજ્ય શ્રીમોટા કહે છે, 'તે તંદ્રાવસ્થાનો કે સ્વપ્નમાંનો અનુભવ ન હતો. તે તો પૂરી જાગૃત અવસ્થામાં જેમ તમને જોઉં છું તેમ તેમનાં પ્રત્યક્ષ શરીરનાં દર્શન હતાં.'

## સ્વજનોનો વિસ્તાર-ચમત્કારોની હારમાળા

આવા બધા પ્રસંગો ચમત્કાર જેવા લાગે, પણ એ ચમત્કાર નથી. માત્ર આપણી બુદ્ધિમાં ઊતરે તે જ સત્ય એવું નથી. જીવન્મુક્ત બન્યા પછી ઊર્ધ્વમાં ઊર્ધ્વ કક્ષાએ પૂજ્ય

શ્રીમોટાનો વિકાસ થતો ગયો તેમ તેમ તેમનાં સ્વજનોનો બહોળો વિસ્તાર થતો ગયો. અનેકાનેક વ્યક્તિઓ તેમના સંબંધમાં આવવા લાગી. કંઈ કંઈ નિમિત્તો ઊભાં થયાં. અનેક આવી ગૂઢ ઘટનાઓ બનવા લાગી. એ સહજ રીતે બનતી આવી. એવું કરવાનો કોઈ પ્રયાસ ન હતો. કેટલાકોના અગાઉથી કહીને વજન વધાર્યાં. કેટલીક બહેનોના આપદધર્મ વેળા માસિક અટકાવ બંધ કર્યા. હિમાલયમાં બધાં સાંભળી શકે એવી પ્રાર્થના કરીને વરસાદ અટકાવવાના પ્રસંગો પેદા કર્યા. પ્રભુકૃપાથી દીવાસળી વિના દેવતા પ્રગટાવવાનું પણ બની શક્યું. છતાં પૂજ્ય શ્રીમોટા હંમેશાં ચમત્કારોને પ્રાધાન્ય આપતા ન હતા. એમની લાક્ષણિક શૈલીમાં કહેતા, ‘આ જગત પર આપણું અસ્તિત્વ છે, એ શું ઓછો ચમત્કાર છે ?’ એનો અર્થ એ પણ નથી કે તેઓ આવી ચમત્કારિક ઘટનાઓને ઈન્કારે છે. આત્માની શક્તિ અને લક્ષણોનો સ્વીકાર કરી લઈએ તો આત્મનિષ્ઠ વ્યક્તિઓના સંપર્કને લીધે અન્ય વ્યક્તિઓના જીવનમાં સ્થૂળ કે સૂક્ષ્મ કોઈ પણ પ્રકારની પારલૌકિક ઘટના હોવી તે શક્ય છે. બુદ્ધિ તે સ્વીકારી શકે છે. વળી, આવો મુક્ત પુરુષ ચમત્કારો પેદા કરતો ફરતો નથી. જો તેમ કરે તો તો તે ઈચ્છા પેદા કરે છે, પરંતુ ઈચ્છા એ આત્માનો ગુણ નથી. તે તો નિરિચ્છ છે. નિમિત્તથી આવી ઘટનાઓ સહજ બને છે. માટે ફરી એવું એ રીતે બનવું જ જોઈએ એવું કંઈ ધારાધોરણ હોઈ શકે નહિ.

## ‘હરિજન સેવક સંઘ’ની વહારે

‘હરિજન સેવક સંઘ’માં જીવનભર કામ કર્યું હોવાથી પૂજ્ય શ્રીમોટા વારંવાર કહે છે કે એ સંસ્થામાં રહી એમણે સાધના કરી છે એટલે એની સાથે એમનો વિશિષ્ટ સંબંધ છે.

બાહ્ય દૃષ્ટિએ તો સંઘ છોડ્યો હોવા છતાં પણ સંઘની અણમોલી સેવા એમણે કરી છે. નવસારી આશ્રમના ચર્માલયને સધ્ધર બનાવવા દસ હજારની રકમ મેળવી આપી છે. દુષ્કાળ, રેલસંકટો વખતે પણ અવારનવાર આવી મદદ કરી છે. તેને માટે એમણે પ્રવાસો પણ ખેડ્યા છે.

## ૧૯૪૨માં સંઘને તરતો રાખ્યો

૧૯૪૨ની લડતમાં 'હરિજન સેવક સંઘ'ના તમામ કાર્યકરો જેલમાં હતા. હરિજન આશ્રમોનાં બાળકોનું શું ? એવી કરુણાથી દક્ષિણમાંથી પૂજ્ય શ્રીમોટા ગુજરાતમાં આવ્યા અને મુંબઈ એમને અપરિચિત હોવા છતાં મુંબઈમાં ફરી 'હરિજન સેવક સંઘ' માટે ઉઘરાણું જારી રાખ્યું. આથી, ૧૯૪૪માં તો સંઘની આર્થિક જમા બાજુ તરતી થઈ.

## મુંબઈમાં મુશ્કેલીઓ

'હરિજન સેવક સંઘ'નું ઉઘરાણું કરવા પૂજ્ય શ્રીમોટા શ્રી ઠક્કરબાપા પાસે પ્રમાણપત્ર લેવા ગયા. શ્રી ઠક્કરબાપા તો પૂરા બંધારણવાદી. પૂજ્ય શ્રીમોટા સંઘના સભ્ય નહિ, સમિતિ પર પણ નહિ, શિક્ષક પણ નહિ એટલે એમને બંધારણ અનુસાર પ્રમાણપત્ર કેવી રીતે અપાય ? શ્રી ઠક્કરબાપા કહે, 'ખરી રીતે તો તને આવો ફાળો ઉઘરાવવા જ ન દેવાય, છતાં મને તારા પર વિશ્વાસ છે એટલે આટલું કરવા દઉં છું.' પૂજ્ય શ્રીમોટા સંઘના એક જૂના દાતા પાસે ગયા અને ૧૯૪૨ની લડતની પરિસ્થિતિ તેમ જ આશ્રમોની સ્થિતિ સમજાવી. તેમણે કહ્યું, 'તમે બદમાસ ન હોવ તેની શી ખાતરી ?' આ વાતની જાણ શ્રી ઠક્કરબાપાને થતાં તેમણે તરત પૅડ કાઢી પ્રમાણપત્ર લખી આપ્યું.

## પોલીસ દ્વારા પરેશાની

તે વખતે પોલીસથી ડરીને ઘણા કાર્યકર્તાઓ ભૂગર્ભમાં ચાલ્યા ગયેલ. તેઓ વિવિધ પોશાક પહેરીને ફરતા અને પૂજ્ય શ્રીમોટાને રસ્તામાં ભટકાતા પણ ખરા, પરંતુ શ્રીમોટા તો ખાદીનાં જ કપડાં પહેરી ઝોળીમાં રસીદબુકો રાખીને જ ફરતા. પોલીસ એમને કૉંગ્રેસમૅન માની કનડતી. એકવાર તો મુંબઈની સિક્કાનગરની મારબાવડી પોલીસ લૉકઅપમાં બે દિવસ પૂરી રાખ્યા અને ખૂબ મારઝૂડ કરી, પરંતુ નવા ફોજદારને એમની વાતમાં શ્રદ્ધા બેસતાં છોડી દીધા. ત્યાર બાદ પોતાના પત્રકાર મિત્ર શ્રી કરસનદાસ માણેક દ્વારા 'જન્મભૂમિ'માં શ્રી ઠક્કરબાપાનો ભલામણપત્ર શ્રીમોટાએ છપાવડાવ્યો અને શ્રી ઠક્કરબાપાનું પ્રમાણપત્ર પોતાની પાસે રાખ્યું. શ્રી ઠક્કરબાપાનું સરકારમાં પણ તે વેળા ખૂબ માન એટલે પોલીસની હેરાનગતિ અટકી.

## ઉઘરાણાં માટે સત્યાગ્રહ

મુંબઈમાં ઉઘરાણાં માટે એક ભાઈ દ્વારા એક ક્લબમાં ગયા. ત્યાં ટીપ મંડાઈ. એક શેઠે પ્રથમ રૂપિયા ૫૦૦/- માંડ્યા. પૂજ્ય શ્રીમોટાએ તો દરેકને ઘેર જઈ પૈસા લેવાના હતા. પ્રથમ વારો રૂપિયા પાંચસોવાળા શેઠનો હતો. તેમણે પૂજ્ય શ્રીમોટાને માત્ર રૂપિયા ૧૦૦/- આપીને વિદાય કરવા માંડ્યા. પૂજ્ય શ્રીમોટાએ જ્યારે એમણે લખેલી રકમ વિશે આગ્રહ રાખ્યો, ત્યારે શેઠે કહ્યું, 'હું મોટી રકમ લખું તો બીજા બધા પણ વધારે લખે અને તમને સારી રકમ મળે એટલે મેં રૂપિયા ૫૦૦/-લખ્યા હતા. પણ મારે આપવાના તો રૂપિયા ૧૦૦/- જ છે.' શ્રીમોટાએ લેવાની ના પાડી અને જ્યાં સુધી રૂપિયા ૫૦૦/- ન મળે ત્યાં સુધી દરરોજ દુકાન ખૂલતાં જ દુકાન પર

આવી જવાનું રાખ્યું અને દુકાન બંધ થતાં જવાનું રાખ્યું. આખો દિવસ પૂજ્ય શ્રીમોટા પોતાના સાધક અનુયાયીઓને માર્ગદર્શન આપતા પત્રો લખ્યા કરે, 'આ શું આખો દિવસ લખલખ કરતા હશે ?' એમ વિચારી શેઠે પત્રો જોવા માગ્યા. પૂજ્ય શ્રીમોટાએ હોંશથી આપ્યા. પત્રો વાંચ્યા પછી શેઠ પલટાયા અને પૂજ્ય શ્રીમોટાની મહાનતા પિછાનીને મૂળ રકમ આપી. આમ, સાત દિવસે મૌન સત્યાગ્રહનો અંત આવ્યો.

## પતિતપાવની ગંગા

એક દિવસ ટ્રેનમાં કેટલીક વારાંગના બહેનોનો ભેટો થઈ ગયો. વાતવાતમાંથી પૂજ્ય શ્રીમોટા હરિજનબાળકો માટે ફાળો ઉઘરાવે છે એમ જાણી પૂછ્યું, 'અમારા પૈસા લો કે નહિ ?' પૂજ્ય શ્રીમોટાએ હા પાડી. એટલે બીજો સવાલ પૂછ્યો, 'અમારે ઘેર આવીને લો ખરા ?' પૂજ્ય શ્રીમોટાએ હા પાડી. નિર્ધારિત દિવસે શ્રીમોટા એમને ત્યાં ગયા અને ફાળો લઈ આવ્યા. આવી હતી જીવન્મુક્તની સમદૃષ્ટિ. એ સમદૃષ્ટિમાં જ પતિતોને પાવન કરનારી ગંગા વહે છે.

## ચૂનીલાલમાંથી પૂજ્ય શ્રીમોટા

આમ, બાળપણમાંથી 'ચૂનિયા' તરીકે સંબોધાયેલા ચૂનીલાલ આધ્યાત્મિક વિકાસ સાધી 'મોટા' બન્યા. અનેક સ્વજનોની જેમ કુંભકોણમ્ અને ત્રિચિનાપલ્લીની એન. ગોપાળદાસની પેઢીના તે વખતના ભાગીદર અને સાબરમતી આશ્રમના કાર્યકર શ્રી નંદુભાઈ જોડે પૂજ્ય શ્રીમોટાને સંબંધમાં આવવાનું થયું. એ કુટુંબ સાથે એવો તો સંબંધ બંધાયો કે શ્રી નંદુભાઈ આજે પૂજ્ય શ્રીમોટાના જીવનકાર્ય પાછળના મુખ્ય આધારસ્તંભ છે. એમનાં માતુશ્રી જેઠીબાએ પૂજ્ય શ્રીમોટા સૌથી મોટા હોવાને કારણે તેમણે

'મોટા'ના હુલામણા નામથી નવાજ્યા. તે આજે સમાજના 'મોટા' બન્યા. પોતાના કુટુંબમાં પણ સ્વ. શ્રી જમનાદાસભાઈના દેહાંત પછી એ જ વડીલ હતા. ઉપરાંત, 'ચૂનિયા'એ પણ બાળપણમાં રાવ સાહેબ જેવા 'મોટા' થવાનો સંકલ્પ કરેલો. આમ, 'મોટા' નામ અનેક રીતે સાર્થક ઠર્યું.

## આશ્રમોની સ્થાપના

આધ્યાત્મિક દોરવણીનું કાર્ય વધતું જતાં પૂજ્યશ્રીએ શ્રીસદ્‌ગુરુના હુકમથી એક પછી એક આશ્રમો સ્થાપ્યા. શરૂઆતમાં સાબરમતી આશ્રમમાં જ 'મીરાંકુટીર'માં મૌનમંદિર ચલાવતા હતા. મૌનમાં બેસનારની દેખભાળ પૂજ્ય શ્રીમોટા જ કરતા. તેમના મળમૂત્રાદિ પણ પોતે જ સાફ કરતા. આધુનિક યુગમાં નવીન લાગે તેવી રીતે જૂની નામસ્મરણની પ્રથાનો શ્રીમોટાએ મૌનમંદિર દ્વારા ઉપયોગ કર્યો. પૂજ્ય શ્રીમોટાએ વખત જતાં સ્વજનો પાસે આશ્રમ શરૂ કરવા માટે ફાળો ઉઘરાવ્યો, પરંતુ 'હું તેમનો બદલો શું આપી શકું ?' એવા પ્રશ્નને અંતરનો જવાબ ન મળતાં કુલ એક લાખ રૂપિયા જેટલી રકમ સ્વજનોને પાછી આપી દીધી. એક દિવસ કુંભકોણમ્‌માં કાવેરી નદીને કાંઠે ભગવાનનો આદેશ થયો અને આશ્રમને જે કોઈ આપશે તેનો બદલો પ્રભુ વાળશે એની પૂજ્ય શ્રીમોટાને ખાતરી થઈ. એટલે ૧૯૫૦માં કુંભકોણમ્‌માં કાવેરી નદીને કાંઠે આશ્રમની શરૂઆત થઈ.

ત્યાર બાદ ૧૯૫૪માં નડિયાદ શેઢી નદીના તટે અને ૧૯૫૬માં સુરતમાં તાપી નદીના તટે આશ્રમો સ્થપાયા. અનેક સાધકોને સાધનાની સગવડ મળી રહે તે માટે એ બધા આશ્રમોમાં મૌનમંદિરો થયાં છે. બહારની દુનિયાથી અલિપ્ત થઈ, અંતર્મુખ બની સાધક નક્કી કરે તેટલા દિવસ ભગવાન પ્રત્યે અભિમુખ બનવાનો પ્રયાસ એના દ્વારા થાય છે. સાધકની તમામ સગવડો

એમાં પૂરી પાડવામાં આવે છે. આશ્રમોનું આ જ એક મુખ્ય કાર્ય છે. એ આશ્રમો વસ્તુના વિનિમયના ધોરણે જ કામ કરે છે. ભાગ્યે જ કોઈ રોકડ રકમનો ખર્ચ કરવામાં આવે છે.

## સમાજ માટે દાન

૧૯૫૫માં એક દિવસ પૂજ્ય શ્રીમોટા નડિયાદ આશ્રમના વડ નીચે બેઠા હતા. અને શ્રીસદ્‌ગુરુશ્રીએ પ્રત્યક્ષ થઈને કહ્યું કે 'તું સમાજનું કંઈ કામ કર. બેઠો શું રહ્યો છે !' પૂજ્યશ્રીએ પૂછ્યું, 'હું શું કામ કરું ?' શ્રીસદ્‌ગુરુએ જવાબ આપ્યો, 'સમાજ પાસેથી એક કરોડ રૂપિયા એકત્ર કરી સમાજને પાછા આપી દે. પણ મૌલિક કામ કરજે.' પૂજ્ય શ્રીમોટાએ કહ્યું, 'મને કોણ આપશે ?' શ્રીસદ્‌ગુરુ કહે, 'તારાથી એ કામ થશે. મારી તને સહાય છે.'

## વિવિધ ક્ષેત્રે દાનગંગા

હુકમપાલન એ તો પૂજ્ય શ્રીમોટાના સ્વભાવમાં જ હતું. એટલે એમણે દાન ઉઘરાવવાનું શરૂ કર્યું. આ છે પૂજ્ય શ્રીમોટાની દાનગંગાનું મૂળ. પૂજ્યશ્રીના દેહાંત સુધીમાં રૂપિયા એક કરોડ ઉપરાંત રકમ થઈ જવાથી તેમનો સંકલ્પ પરિપૂર્ણ થયો. અને ખરેખર પૂજ્યશ્રીએ કામ પણ મૌલિક જ કર્યાં છે. તરણસ્પર્ધા, સાઈકિલગ, સ્નાનાગાર બાંધવા, જ્ઞાનગંગોત્રી જેવા ગ્રંથો છપાવવા, વૈજ્ઞાનિક શોધખોળોને ઉત્તેજન આપવા લાખો રૂપિયાનાં દાન કરવાં, આવું બધું ગુણ અને ભાવનો વિકાસ થાય એવાં જ દાનો હતાં. એટલે એમના 'સમાજને બેઠો કરવાના' ભગીરથ કાર્યમાં મૂળમાં તો આધ્યાત્મિક અભિગમ જ રહેલો છે. જે સમાજમાં ગુણ અને ભાવનો વિકાસ થયો નહિ હોય તે સમાજ આધ્યાત્મિક રીતે પાંગળો જ ગણાય. એટલે જ તો

એમણે હિંમત, સાહસ, પ્રાણાર્પણ કરવાની તત્પરતા ઈત્યાદિ માટે અનેક સુવર્ણચંદ્રકો આપ્યા છે. દંતયજ્ઞ હોય કે નેત્રયજ્ઞ હોય અથવા સમાજને સંસ્કાર સિંચતું માસિક કે વિશિષ્ટ કલાના સર્જક હોય, પૂજ્ય શ્રીમોટા તે દરેક મૌલિક કાર્યને નવાજવાને ચૂક્યા નથી. આજ પૂર્વે કોઈએ પણ જ્યાં લક્ષ ન આપ્યું હોય ત્યાં પૂજ્ય શ્રીમોટાએ પોતાનાં દાન વહેવડાવ્યાં છે.

ગુજરાતી ભાષાનું વ્યાકરણ, ગુજરાતી સાહિત્યનો જ્ઞાનકોશ, બાળસાહિત્ય, કુમાર સાહિત્ય, વેદસાહિત્ય, નૃત્ય-વાદ્યસંગીત અને ચિત્ર જેવી લલિત કલાઓની સ્પર્ધા, ગુજરાતી ભાષાની કક્કાવારી પ્રમાણે બ્રિટિશ એન્સાઈક્લોપીડિઆના ઢબની ગ્રંથશ્રેણી, શ્રીઅરવિંદ વ્યાખ્યાનમાળા, દાકતરી-ઈજનેરી-રસાયણ-પ્રાણીશાસ્ત્ર વગેરે અનેક વિષયનાં મૌલિક સંશોધનોને ઉત્તેજન-આમ કોઈ પણ ક્ષેત્ર બાકી રહ્યું નથી. એમની હયાતી દરમિયાન એમણે સમાજને ચરણે કુલ એક કરોડ રૂપિયા જેટલી રકમ ધરી.

## દાનનો પ્રવાહ કેવી રીતે આવે છે ?

પરંતુ આ દાન માટેની રકમનો પ્રવાહ પૂજ્ય શ્રીમોટા પાસે કેવી રીતે આવતો ? આટલા લાખો રૂપિયા શી રીતે એકત્ર થતા હશે ? વગેરે પ્રશ્નો સામાન્ય જનને પેદા થાય. પૂજ્ય શ્રીમોટાના આધ્યાત્મિક જીવનને મહત્ત્વ આપનારા લોકો એમનાં પવિત્ર પગલાં પોતાને ત્યાં પડે તે માટે એમને આમંત્રણ આપતા. પૂજ્ય શ્રીમોટાનો અચળ નિયમ હતો કે દક્ષિણા મળે તો જ કોઈને ઘેર જવું. એ માગતાં એઓ સહેજ પણ સંકોચ અનુભવતા ન હતા. આ દક્ષિણાની રકમ પણ જુદા જુદા સમયે વધતી હતી. આ ઉપરાંત, ગુજરાતભરમાં અને ગુજરાતની બહાર વસેલાં પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનો વર્ષમાં ત્રણેક ઉત્સવ

ઊજવતાં અને તે દિવસે એમનાં ચરણોમાં ભેટ ધરતા. એ તમામ રકમો પૂજ્ય શ્રીમોટાએ જાહેર કરેલાં દાનની યોજના પેટે જમા થતી.

## શરીર અનેક રોગોનું ઘર

આમ, સવારથી સાંજ જુદે જુદે ઘરે ફરવું, માઈલોની મુસાફરી કરવી વગેરે અતિશય નાદુરસ્ત તબિયત સાથે થયા કરતું. પૂજ્ય શ્રીમોટાના શરીરમાં એટલા બધા તો રોગો હતા કે જો તેમાંથી એકદ પણ સામાન્ય જનને હોય તો તે પથારીવશ જ રહે. કમ્મરના મણકા લગભગ ચારપાંચ ખલાસ થઈ ગયા હતા. છેલ્લાં કેટલાંક વર્ષથી પૂજ્ય શ્રીમોટા ચાલી શકતા ન હતા. તેમને પૈડાંગાડી પર ઊંચકીને બેસાડી ફેરવવા પડતા. મણકામાંથી સતત પીન ભોંકાય એવું અસહ્ય દર્દ થયા કરતું. સર્પદંશની ગરમી શરીરમાં હતી જ. આંખે ઝામરને કારણે માથામાં સણકા મારતા. ઍસિડિટી, સંગ્રહણી, શરીરમાં પાણી ભરાવું, ગળાનો દુખાવો, ચામડીની એલર્જી, ખંજવાળ વગેરે તો ખરાં જ. પણ ભારે હુમલા કરનાર દમ તો એમનો વર્ષોનો સાથી બની બેઠો હતો. એમાંથી રાહત અનુભવવા એમણે સતત ઑક્સિજન લેવો પડતો. આવી નાદુરસ્ત તબિયતે પણ એઓ ફરતા જ રહેતા. છેલ્લા કેટલાક સમયથી એ બંધ કર્યું હતું. એટલે તો આશ્રમના મુલાકાતીઓને પણ નિશ્ચિત સમય સિવાય મળતા ન હતા.

## સાહિત્યસર્જન

પૂજ્ય શ્રીમોટા આમ તો કવિજીવ હતા. બી.એ.માં એમનો વિષય ગુજરાતી હતો. એટલે સાધનાકાળમાં પોતાના તમામ ભાવોને વ્યક્ત કરતી પ્રાર્થનાઓ એમણે વિવિધ છંદોમાં રચી છે. એ બધાં પુસ્તકો શરૂઆતમાં તો શ્રીમોટાના નામ વિના જ

છપાતાં, પરંતુ પાછળથી જ્યારે શ્રીમોટા સમાજમાં બહાર આવ્યા ત્યાર પછી લગભગ સિત્તેર જેટલાં પુસ્તકો એમના નામ સાથે પ્રસિદ્ધ થયેલાં છે. આધ્યાત્મિક દોરવણી માગતા સ્વજનોને લખેલા પત્રો એ એમનું ગદ્યસાહિત્ય છે. એની ગણના જગતના ઉત્તમ આધ્યાત્મિક સાહિત્યમાં થાય છે. એટલું જ કે એ બધા ગુજરાતી ભાષામાં લખાયાં છે.

## શાસ્ત્રોના રચયિતા

છેલ્લાં પાંચછ વર્ષમાં બીજા બે પ્રકારનું સાહિત્ય પણ પૂજ્ય શ્રીમોટાએ સર્જ્યું હતું, આધ્યાત્મિક વિચારધારામાં જે વિવિધ વિભાવનાઓ હોય છે, તેનાં કોઈ સળંગસૂત્ર શાસ્ત્રો રચાયાં નથી. અલબત્ત, એ અંગેના છૂટક સંદર્ભો અહીં તહીં વિવિધ સંસ્કૃત સાહિત્યમાં જોવા મળે ખરા, પરંતુ તે જ વિષય લઈને તેનાં તમામ પાસાંઓને નિરૂપે એવા ગ્રંથો રચાયા હોય એવા દાખલા ભારતની વિવિધ ભાષામાં જોવા મળતા નથી. શ્રદ્ધા, જિજ્ઞાસા, નિમિત્ત, રાગદ્વેષ, મોહ, કૃપા, કર્મઉપાસના, શ્રીસદ્‌ગુરુ, સ્વાર્થ વગેરે વિષયો પર એમણે શાસ્ત્રો રચ્યાં છે. અલબત્ત, એ બધાં ‘અનુષ્ટુપ’ છંદમાં છે. પૂજ્ય શ્રીમોટા લખવા ખાતર કશું લખતા ન હતા. વિચારી વિચારી વાગોળી વાગોળીને કશું લખતા નહિ. એમને ધોધની માફક પદ્યપંક્તિઓ ઊતરી આવતી અને આ શાસ્ત્રોમાંથી કેટલાંક તો અલ્પકાળમાં જ રચાતાં ગયાં હતાં. વળી, પોતાની ઇચ્છાથી એ કશું લખતા નહિ. કોઈ પણ સ્વજન કંઈ સૂચવે ત્યારે તે સ્વજન જો એ લખાણને છપાવવાની અને વેચવાની જવાબદારી લે તો પૂજ્ય શ્રીમોટા પોતાની કલમ ઉપાડતા.

બીજું એક સાહિત્ય એ પ્રકારનું સર્જાયું છે, કે દરરોજ પૂજ્ય શ્રીમોટા ઘણાં ભક્તિકાવ્યો (ભજનો) રચતા. ૮ થી ૧૦

પંક્તિની એ રચનાઓ મોટે ભાગે ગઝલમાં લખાતી. તે જુદાં જુદાં સ્વજનોને તેમણે વ્યક્ત કરેલી ઇચ્છાનુસાર દરરોજ એક એક મોકલવામાં આવતી. સ્વજનો સંગ્રહ કરી પુસ્તકાકારે છપાવતા. આમાં પૂજ્ય શ્રીમોટાની 'સાધનાની આત્મકથા' જેવું હતું. ત્યાર બાદ ચાર ચાર પંક્તિનાં મુક્તકો રચાવાં લાગ્યાં. જેમાં સળંગ રીતે એક એક ભાવ વ્યક્ત થતો. ભયંકર શારીરિક વેદનામાં આ ભજનો એ જ એમનો સહારો હતો. ભગવાનના ગુણકથનમાં શરીરની વેદના સહ્ય બની જતી.

પૂજ્ય શ્રીમોટાના સાહિત્યમાંથી જે આવક થતી તે તમામ સમાજકાર્ય માટે વપરાતી. દાનગંગા વહેવા માંડી તે પહેલાંનાં પુસ્તકોની વેચાણની આવક રૂપિયા ૫૦,૦૦૦/-તેમ જ દાનપ્રવૃત્તિ દરમિયાન તેમ જ દેહ છોડ્યા પછીની વેચાણ આવક મળી કુલ રૂપિયા ૪,૭૫,૩૫૦/-જેટલી રકમ સમાજોત્થાનનાં કાર્યો માટે જ વપરાઈ. આ એમના સાધુજીવનનું અનોખું પાસું છે.

## પ્રવૃત્તિ સંકેલી

આવી લેખનની, જાહેર કરેલી યોજના માટે નાણાં એકત્રિત કરવાની અને ઘેરઘેર પધરામણીની પ્રવૃત્તિ ધમધમતી હતી, ત્યાં એ ૧૯૭૫ના રામનવમીના અમદાવાદ ટાઉન હૉલના ઉત્સવમાં એમણે જાહેર કર્યું કે 'હવે ઉત્સવ થશે નહિ.' હું આશ્રમની બહાર નીકળવાનો નથી. મને મળવા કરવા પણ કોઈએ આશ્રમમાં આવવું નહિ અને આવવાનો વિચાર થાય તો એટલા ગાડીભાડાના પૈસા મને મનીઑર્ડરથી મોકલી આપવા. મારા સમાજનાં કામોમાં ખપમાં આવશે.' વ્યવસ્થિત આયોજનપૂર્વકનાં નાણાં એકત્રિત કરવાની પ્રવૃત્તિ આમ બંધ થઈ. આશ્રમના મુલાકાતીઓને પણ થોડીક મિનિટો માટે એ મળતા અને તે પણ નિશ્ચિત સમય દરમિયાન જ.

## શરીરનો સાથ મળતો બંધ થયો

આમ, પૂજ્ય શ્રીમોટાનું શરીર દિનપ્રતિદિન કથળતું ગયું ત્યારે એમને લાગવા માંડ્યું કે આ શરીર હવે 'લોકકલ્યાણના ખપ'માં આવી શકે એવું નથી. ત્યારે શરીરનો આનંદપૂર્વક ત્યાગ કરવાનું એમણે મનોમન નિરધાર્યું. આ તો દેહત્યાગની વાત એમના મનમાં ૧૯૭૨થી ઘોળાતી હતી. 'રાગદ્વેષ'માં એમણે 'શરીરનો અંત ના આઘો' એવું લખી દીધેલું, પરંતુ ચોક્કસ દેહત્યાગ પહેલાં થોડો સમય જવા દીધો.

એમની ઈચ્છા દેહ એવી રીતે છોડવાની હતી કે લોકો બહુ જાણે નહિ, કોઈ સ્મશાનયાત્રા કાઢે નહિ, ફૂલહાર ચઢાવે નહિ અને સ્મારક રચે નહિ. જીવદશાની વૃત્તિનાં આ બધાં માનપાન અને અકરામથી હંમેશાં એ વિરક્ત રહેતા. એટલે અંતકાળે પણ એનો પડછાયો ન લેવાનું એમના મનમાં ઘૂંટાયા કરતું.

## છેલ્લી ગુરુપૂર્ણિમા સુરતમાં

આમ, શરીર લથડતું જતું હોવાથી એમણે સંવત ૨૦૩૨ની ગુરુપૂર્ણિમા પર (૧૯૭૬ના જુલાઈમાં) દક્ષિણ ભારતમાં જવાનું મુલતવી રાખ્યું. કોઈક અપવાદ સિવાય પૂજ્ય શ્રીમોટા દક્ષિણ ભારતમાં જ ગુરુપૂર્ણિમા સમયે રહેતા. સુરતનાં સ્વજનોએ એમને તે દિવસે થોડી ભેટ ધરવાનો સંકલ્પ જાહેર કરતાં એમણે સવારના ૭-૫૦ વાગ્યા સુધી સુરત આશ્રમે રહેવાનું કબૂલ્યું. જોકે બહારનાં બધાંને સંદેશો તો મોકલી દીધો હતો કે 'ગુરુપૂર્ણિમા પર મને કોઈ મળવા આવશો નહિ. હું કોક અજ્ઞાત સ્થળે ચાલ્યો જવાનો છું.' આમ છતાં સુરતમાં સવારના રોકાવાનું થતાં ગુરુપૂર્ણિમા ઊજવવાનું સુરતનાં સ્વજનોએ નક્કી કર્યું. તે દિવસે ધોધમાર વરસાદમાં પણ મોટી

સંખ્યામાં સવારે સ્વજનોએ ગુરુપૂજા કરીને પ્રાર્થના કરી. પૂજ્ય શ્રીમોટા ત્યાર બાદ બરાબર ૭-૩૦ વાગ્યે સુરત આશ્રમેથી વિદ્યાનગર જવા નીકળી ગયા.

## દેહત્યાગ ઠેલાયો

પૂજ્ય શ્રીમોટાનો મૂળ વિચાર એ જ ગુરુપૂર્ણિમાને દિને વલ્લભવિદ્યાનગરમાં નિવાસ કરતાં અને એમની સેવામાં અવારનવાર રહેતાં ડૉ. કાંતાબહેનને ઘેર દેહ છોડવાનો હતો. કાંતાબહેનના પતિ શ્રી રામભાઈને શ્રીમોટાએ ‘અમે આવીશું’ એવું કહેલું પણ વધુ કશો અંગુલિનિર્દેશ કરેલો નહિ અને ડૉ. કાંતાબહેનને પણ આવવાની વાત કહેવાની ના પાડેલી. શ્રી રામભાઈએ એ આજ્ઞા અક્ષરશઃ પાળી.

ધોધમાર વરસાદને કારણે હાઈવે ઉપર ઠેર ઠેર નાળાં તૂટેલાં હોવાથી અને પાણી ભરાયેલાં હોવાથી શ્રીમોટા મોટરમાં ફરી ફરીને પાછા ૧૨ વાગ્યે આશ્રમે આવ્યા. અને બીજે દિવસે જવા નીકળી ગયા. તે દિવસે વળી વડોદરામાં ભારે પાણી હતાં. શહેરમાં ઘૂંટણસમાં પાણી એટલે શ્રી જયરામભાઈ પટેલને ત્યાં આરામ કરી શ્રી રમણભાઈ અમીનને ત્યાંથી ભાઈશ્રી ચિરાયુભાઈની મોટરને આગળ પાઈલટ કાર તરીકે રાખી ફર્ટિલાઈઝરના રસ્તે હાઈવે પર નીકળ્યા અને ડૉ. કાંતાબહેનને લઈ નડિયાદ આશ્રમે ગયા. આમ, ગુરુપૂર્ણિમાને દિને દેહ છોડવાની વાત માત્ર એક એમના અંતેવાસી અને રહસ્યમંત્રી શ્રી નંદુભાઈ જ જાણે.

## વધુ કથળેલી તબિયત

નડિયાદ આશ્રમમાં પૂજ્ય શ્રીમોટાની તબિયતે ઊથલો માર્યો. ૧૬મી જુલાઈ (૧૯૭૬) એ પ્રોસ્ટેટનું દર્દ વધુ ઉગ્ર બન્યું. ૩૬ કલાક સુધી પેશાબ ન થયો. આશ્રમના રસ્તા પર માથોડું ઊંડું પાણી. કોઈ જઈ શકે નહિ. પાછલા રસ્તે

ઢીંચણસમાં પાણીમાં ખેતરો ખૂંદતાં ડૉ. કાંતાબહેન પ્રખ્યાત યુરોલૉજિસ્ટ ડૉ. વીરેન્દ્રભાઈને બોલાવી લાવ્યાં, તેમણે કૅથૅટર મૂક્યું. બીજે દિવસે તા. ૧૮મી તેઓ ફરીથી આવ્યા ત્યાં સુધી અઢી ત્રણ લિટર જેટલો પેશાબ એકત્રિત થયેલો.

## દેહત્યાગનો લેખિત નિર્ણય

૧૯મી જુલાઈએ પૂજ્ય શ્રીમોટાએ આશ્રમનો લેટરહેડ માગ્યો અને એમાં પત્ર લખીને પોતાનાં ચશ્માંઘરમાં મૂક્યો. તે પત્ર નીચે પ્રમાણે છે :-

### જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ :-

હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા', રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ. આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઈચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણનાં કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગાએ મૃત્યુ સ્થળની તદ્દન નજીકમાં કરવો અને તે પણ આપ છ* જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું. મારાં અસ્થિને પાસે નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.

મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

તા. ૧૯-૭-૧૯૭૬ **ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા'**

**-મોટા**

---

* એ છ જણ : (૧) શ્રી નંદુભાઈ, (૨) શ્રી રમણભાઈ અમીન, (૩) શ્રીમતી ધીરજબહેન અમીન, (૪) શ્રી રામભાઈ, (૫) ડૉ. કાંતાબહેન અને (૬) શ્રી રાજુભાઈ પટેલ.

# ફાજલપુર ગયા

આમ, તા. ૧૯-૭-૧૯૭૬ના દિને દેહત્યાગનો નિર્ણય લેવાઈ ચૂક્યો હતો. તા. ૨૨-૭-૧૯૭૬ના દિને એમના કાર્યક્રમોનું સમયપત્રક અગાઉથી નક્કી થયું હતું, તે અનુસાર ફાજલપુર જવાનું નક્કી હતું. વરસાદની તો હેલી હતી. શરીરની આ તદ્દન ખરાબ હાલતમાં પણ એમણે નિયત કાર્યક્રમ અનુસાર જવાનું નક્કી જ રાખ્યું. ભારે વરસાદમાં તાડપત્રી ચાર જણે માથે ધરી અને મોટરમાં બેસાડ્યા. ડૉ. કાંતાબહેનની ફિયાટ ગાડી પાઈલટ તરીકે આગળ ચાલી. રોડ ઉપર ચડ્યા કે આશ્રમની તમામ લાઈટ બંધ થઈ ગઈ. આ કંઈક અંશે સાંકેતિક હતું. એક અંતેવાસી તો બોલી ઊઠ્યા, 'મોટા કાયમ માટે ગયા.'

આગલા દિવસે પૈડાંગાડીમાં બેસી આશ્રમનાં એકેએક વૃક્ષ અને છોડ તથા વનસ્પતિની વિદાય લેતા હોય એ રીતે ફર્યા. પણ કોઈને કશી ગંધ ન આવી.

ફાજલપુર પહોંચ્યા. ત્યાં શ્રી રમણભાઈ તથા શ્રીમતી ધીરજબહેને એમનું સ્વાગત કર્યું. પૂજ્ય શ્રીમોટાએ શ્રી નંદુભાઈને કહી જ રાખેલું કે ફાજલપુર પહોંચતાં શ્રી રમણભાઈની પરવાનગી લઈ લેવી. શ્રી નંદુભાઈએ રમણભાઈને વાત કરી કે પૂજ્ય શ્રીમોટા તમારા ફાર્મ પર દેહ છોડવા ઇચ્છે છે. આપની સંમતિ હશે તો જ તેમ થશે નહિતર તેઓ સુરત આશ્રમે જશે અને ત્યાં દેહ છોડશે. શ્રી રમણભાઈએ કહ્યું કે 'આ ઘર શ્રીમોટાનું જ છે. એમની ઇચ્છા હોય તેમ કરે.' તે વખતે શ્રી રમણભાઈને ખ્યાલ નહિ કે આજે જ દેહ છોડશે.

## મક્કમ નિર્ધાર

શ્રી નંદુભાઈએ વરસાદની હેલીને ધ્યાનમાં લઈ ત્રણેક દિવસ રોકાઈ જવાનું સૂચન કર્યું. ત્યારે એકદમ અંગ્રેજીમાં ખૂબ જ કડકાઈથી બોલ્યા, 'This is not a matter of discussion' (આ ચર્ચાનો વિષય નથી.)

૧૧ વાગ્યે તેમણે ત્રણેક પત્ર લખ્યા. તેમાં એકમાં આ પ્રમાણે લખ્યું : 'ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે, માણસ જેવા થઈ આપણા આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે.' બીજા કાગળમાં એમણે પોતાને મદદ કરનારાઓનો આભાર માની 'ભગવાન તેમનું યશકલ્યાણ કરો' એવી પ્રાર્થના કરી છે. અને ત્રીજામાં પોતે જે પુસ્તકો લખેલાં તેની પાછળની પોતાની ભાવના અને પદ્ધતિને ડોલનશૈલીમાં રજૂ કરી છે.

## અંતિમ ઝાંખી

બપોરે ૩ વાગ્યે ફોન કરી વડોદરાથી શ્રી રમણભાઈને બોલાવવા માટે કહ્યું. હંમેશ મુજબ મળવા આવેલાં શ્રી રમણભાઈના પરિવારનાં સભ્યોને ઉતાવળથી એમણે વિદાય આપી. ૪-૦૦ વાગ્યે અંદરના ઓરડામાં પોતાને લેવડાવ્યા. શ્રી રમણભાઈ અમીન, શ્રીમતી ધીરજબહેન અમીન, શ્રી નંદુભાઈ, શ્રી રામભાઈ, ડૉ. કાંતાબહેન અને શ્રી રાજુભાઈ- આમ છ જણાંને ઓરડામાં બોલાવ્યાં. પૂજ્ય શ્રીમોટાએ સૂચના આપી, 'તમારે અંદર બેસવું હોય તો અંદર બેસો, બહાર બેસવું હોય તો બહાર બેસો. હવે મને કોઈ બોલાવશો નહિ અને કોઈ અડશો પણ નહિ. આ કૅથૅટરને મારા શરીર પરથી દૂર કરશો નહિ - એ મારી જીવનસંગિની છે.' છએ જણે

પૂજ્ય શ્રીમોટાની રૂમમાં બેસવાનું નક્કી કર્યું. સૌએ પોતપોતાની રીતે પ્રભુસ્મરણ કરવાનું શરૂ કર્યું. ચત્તાપાટ સૂઈ જઈ આંખો બંધ કરી પૂજ્ય શ્રીમોટાએ પોતાના પ્રાણને ખેંચવાની શરૂઆત કરી. ૪-૦૦ વાગ્યે શરૂ કર્યા બાદ રાત્રે ૧-૨૫ વાગ્યે અંતિમ શ્વાસ છોડ્યો. સાડા બાર વાગ્યે ડૉ. કાંતાબહેને નાડી તપાસી તો ધબકારા ૩૦ થી ૩૫ હતા. આમ, ભીષ્મ પિતામહની માફક પૂજ્ય શ્રીમોટા ઈચ્છામૃત્યુને વર્યા. કેવું ભવ્ય મૃત્યુ ! ન તો સ્વજનોની સ્પૃહા ન તો પોતાના આશ્રમોની !

॥ હરિઃૐ ॥

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતવન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) ૨૦૧૪
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

# हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट


| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवानकेअनुभवकास्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●



તમારે બીજું ઘણું કામ ભલે હોય, પણ કૃપા કરીને ખૂબ ખૂબ મહેનત લઈને નામસ્મરણ સતત ચાલુ રાખવાની મહેનત કરજો. એ જ આપણું ખરું કામ છે. એને જ મહત્ત્વ આપવાનું રાખશો. કોઈ પણ ઉપાયે એની યાદ રહ્યા કરે એટલું તો કરશો જ. કામ તો થયા જ કરશે, પણ ખરી મહેનત તો આ કામમાં લીધા કરશો.

- શ્રીમોટા

*'જીવનપગથી', બીજી આ., પૃ.૮૬*

કિંમત : રૂ. ૧૫/-